# બોધગયામાં નેત્રશ્રાદ્ધ

સ્વામી સચ્ચિદાનંદ



# બોધગયામાં નેત્રશ્રાદ્ધ

[બિહારનાં તીર્થોનો પ્રવાસ]

## સ્વામી સચ્ચિદાનંદ

Bodhgayaman Netrashraddha
by Swami Sachchidanand
Published by Gurjar Prakashan, Ahmedabad-380 006
© Swami Sachchidanand
First Published: 2010
This ePub edition: 2014
ISBN: 978-81-8461-848-8
GURJAR PRAKASHAN
Website: www.gurjar.biz
e-mail: goorjar@yahoo.com
eBook by
www.e-Shabda.com

# અર્પણ

જેમણે સાધુદીક્ષાની છેલ્લી ક્ષણે નિર્ણય બદલીને સેવાદીક્ષા લીધી અને હજારો–હજારો જીવોને દુઃખમુક્ત કરવા જીવન અર્પી દીધું છે તે

શ્રી મહેશભાઈ ભણસાલીને સપ્રેમ અર્પણ

**સચ્ચિદાનંદ**

# ભૂમિકા

કોઈ વિચાર કે કશી યોજના વિના જ મારે ઓચિંતાનું બિહાર જવાનું થયું. શ્રી ભણસાલી ટ્રસ્ટ છેલ્લાં 26 વર્ષથી અહીં નેત્રયજ્ઞ કરે છે. પ્રતિવર્ષ લગભગ ત્રીસ હજાર જેટલાં ઓપરેશનો થાય છે. આ પૂરી પ્રવૃત્તિને, કાર્યકર્તાઓને, ડૉક્ટરોને અને સ્વયં મહેશભાઈને નજીકથી જોવાની તક મળી. હું પ્રભાવિત થયો. આ પ્રવૃત્તિ જોઈને કોઈ પણ સુહૃદય માનવતાવાદી માણસ પ્રભાવિત થયા વિના રહે નહિ. હવે ગુજરાતમાં આવા કૅમ્પોની જરૂર રહી નથી, કારણ કે ઘણી આંખની હૉસ્પિટલો થઈ ગઈ છે. પણ બિહાર જેવા પછાત પ્રદેશમાં તો જરૂર છે જ. થોડી દુઃખદ નવાઈ લાગી કે લાલુ વગેરે ગરીબોની દુહાઈ આપનારા નેતાઓ આ પ્રવૃત્તિમાં નથી તો રસ લેતા, નથી સહાયક થતા. વર્તમાન નીતીશ સરકારના શ્રી મોદીએ જરૂર મુલાકાત લીધી હતી. એવું લાગે છે કે સરકાર અને વિધાયકોનો રસ માત્ર ચૂંટણી અને મતદાન પૂરતો જ રહી ગયો છે. આ કૅમ્પનો લગભગ બે કરોડ વીસ લાખ જેવો ખર્ચ થવાનો છે. તે બધો ખર્ચ શ્રી ભણસાલી ટ્રસ્ટ, શ્રી પી. ડી. કોઠારી, શ્રી મહેન્દ્ર બ્રધર્સ અને ગીતાંજલિ ટ્રસ્ટ મળીને ઉપાડે છે. આ ચારેને જેટલા ધન્યવાદ આપીએ તેટલા થોડા છે. આ ચારેમાં શ્રી મહેશભાઈ પૂરી વ્યવસ્થાનું સંચાલન કરે છે. કૅમ્પને જોયા પછી મને લાગ્યું કે મેં એક સાચા તીર્થને જોયું છે. મારે ચાર દિવસ રોકાવાનું હતું. મહેશભાઈએ તેનો સદુપયોગ, નાલંદા, પાવાપુરી, સમેતશિખર વગેરે જોવામાં કરાવ્યો.

આ બધાં જૂનાં તીર્થો જોઈને પણ આનંદ થયો. જો આ તીર્થો ના હોત તો કોણ ગુજરાતી અહીં આવત? તીર્થોમાં અને દેરાસરો વગેરેમાં જૈનોની વ્યવસ્થા દાદ માગી લે તેવી હોય છે. તે પણ જોયું. 55 વર્ષ પહેલાં હું પગપાળો બિહારમાં થોડું રખડ્યો હતો, ત્યારે જે ગરીબી હતી તે હવે નથી. ઘણું પરિવર્તન થયું દેખાય છે. તોપણ ગરીબી તો છે જ. મુખ્ય પ્રશ્ન અરાજકતાનો હતો જે હવે ઓછો થઈ ગયો છે. બીજો મહત્ત્વનો પ્રશ્ન વસ્તીવધારાનો છે. અહીં પુષ્કળ વસ્તી છે. જે પરપ્રાન્તોમાં જાય છે. ત્યાં તે અળખી થાય છે. બિહારીઓ લોકોને ગમતા નથી. તેનાં કારણો હોઈ શકે છે. પણ બિહારી નામ પડતાં જ લોકો દૂર રહેવા માગે છે. કેટલાક લોકોએ આવી છાપ પાડી દીધી છે. બધા તો તેવા નથી હોતા પણ છાપ તો બધાંને લાગે છે અને બધાંને ભોગવવી પડે છે. એક વાર છાપ પડી જાય પછી તેને સુધારવી બહુ કઠિન કામ છે. અરાજકતા અને ખોટી છાપના કારણે અહીં મૂડીરોકાણ થતું નથી તેથી બેકારી અને બેરોજગારી વધે છે. અત્યારે બધો મદાર માત્ર ખેતી ઉપર જ છે. ખનિજનો ભંડાર ઝારખંડ જુદું થયું છે એટલે ખનિજની રોયલ્ટી નથી આવતી. બીજી તરફ બિહારની વસ્તી ત્રણચાર ભાગમાં વહેંચાઈ ગઈ છે. પ્રત્યેકે પોતપોતાની એક એક સેના બનાવી લીધી છે. જે અંદરોઅંદર હત્યાઓ કરતી રહે છે. મુસ્લિમોમાં જે અફઘાન ખાનો છે તે વધુ દબંગ છે. ઘણા માથાભારે નેતા થયા છે જેની જરૂર પ્રત્યેક પક્ષને રહે છે. રાજકીયપક્ષ અને શાસનને સહકાર આપીને તે પોતે વધુ શક્તિશાળી થઈ ગયા છે. તેમના પૂર્વજો બિહારમાં રાજ કરતા હતા. આવું બધું ભેગું મળીને બિહારની વર્તમાન દશા થઈ છે. જોકે વર્તમાન સરકારે સારો સુધારો કર્યો છે, જોકે હજી અહીં માઓવાદીઓનો બહુ મોટો ઉપદ્રવ થતો નથી પણ નજીકના ઝારખંડ અને બંગાળમાં તેમનું ભારે જોર છે. અમુક પ્રદેશોમાં તો તેમનું જ રાજ ચાલે છે. સરકાર લાચાર છે. કશું કરી શકતી નથી.

બિહારમાંથી સારી વસ્તી ભાગી રહી છે. કારણ કે રહેવું સુરક્ષિત નથી. એક માણસે મને કહ્યું કે અમે ગુજરાતથી બે પૈસા કમાઈને આવતા હોઈએ તો પહેલેથી જ અમને આંતરીને પડાવી લેનારા તૈયાર ઊભા હોય. એટલે હવે અમે અમારી કમાણી બૅન્ક દ્વારા મોકલીએ છીએ. રોકડ લાવતા નથી. એવું સંભળાય છે કે અહીં ઘણી બોગસ યુનિવર્સિટીઓ થઈ ગઈ છે. એકાદ રૂમ ઉપર પણ યુનિવર્સિટીનું બોર્ડ જોવા મળે અને ઘરે બેઠાં સર્ટિફિકેટો મળી રહે. જેના આધારે ઘણા યુવાનો સારી સારી નોકરીઓ મેળવી લેતા હોય છે. સરકાર આંખ આડા કાન કરતી રહે છે. 'સારું છે આપણા માણસોને નોકરીઓ મળે છે ને!'–એવું વિચારે છે.

બૌદ્ધ અને જૈન તીર્થો જોવાનો પણ લહાવો મળ્યો. તે વિશે પુસ્તકમાં ચર્ચા કરી જ છે. સૌથી વધુ ચિંતાનો વિષય છે માઓવાદ, કોમવાદ સેનાઓ, અરાજકતા, ખોટી છાપ જેના કારણે મૂડીરોકાણનો અભાવ. આ બધા પ્રશ્નોને ઉકેલવા એ અત્યંત કઠિન કામ છે. એવું લાગે છે કે આ ભાગ દિનપ્રતિદિન વધુ ને વધુ પછાત થતો જશે.

અમારાં સુખ–સગવડ માટે શ્રી મહેશભાઈ, શ્રી મહેન્દ્રભાઈ તથા બીજા કાર્યકર્તાઓએ જે જહેમત ઉઠાવી તે બદલ સૌનો આભાર.

પ્રો. ચિમનભાઈ હજી પણ પ્રૂફ–સુધારણાનું કાર્ય કરે છે તે માટે તેમનો આભાર.

શ્રી મનુભાઈ શાહને પણ સમેતશિખર આવવું હતું. પણ યોગ ન આવ્યો. આવ્યા હોત તો વધુ આનંદ થાત. તેમનો પણ આભાર.

પ્રસ્તુત પુસ્તકમાં જાણતાં–અજાણતાં પણ કોઈના માટે કશું કષ્ટકર લખાયું હોય તો ક્ષમા માગી લઉં છું. મારો મુખ્ય હેતુ પ્રજાને વધુ ને વધુ બળવાન અને એક કરવાનો છે. કારણ કે મને ભવિષ્ય સારું દેખાતું નથી. જો મારા ધ્યેયને નજરસમક્ષ રાખીને આ પુસ્તક વંચાશે તો કદાચ ઘણી શિકાયતો દૂર થશે.

પરમકૃપાળુ પરમાત્માને વંદન કરી વિરમું છું.

**–સ્વામી સચ્ચિદાનંદ**

તા. 9–11–2009

શ્રી ભક્તિનિકેતન આશ્રમ,
દંતાલી, પો. બો. નં. 19,
પેટલાદ–388450
જિ. આણંદ
(ફોનઃ 02697–252480)

# 1. ટ્રેનમાં દિલ્હી તરફ

હું અને શક્તિસિંહજી અમદાવાદના કાલુપુર સ્ટેશને સમયસર પહોંચી ગયા. અમારે બોધગયા જવાનું છે. બોધગયામાં ભણસાલી ટ્રસ્ટ દ્વારા નેત્રયજ્ઞનું આયોજન થઈ રહ્યું છે. મારે તેમાં ભાગ લેવા જવાનું થયું છે. એટલે શક્તિસિંહને પણ જોડાવાની ઇચ્છા થઈ, તે પણ જોડાઈ ગયા. અમારી સાથે વીસેક ડૉક્ટરો–નર્સો–કાર્યકર્તાઓ વગેરે પણ છે. અમદાવાદથી રાજધાની એક્સપ્રેસ સમયસર 5.25 વાગ્યે સાંજે ઊપડી. આ વરસે ગુજરાતમાં વરસ સારું નથી. એટલે ખેતરોમાં લીલોતરી બરાબર દેખાતી નથી. થ્રી ટાયરના અમારા ખાનામાં, બિહારનાં જ પણ દિલ્હી રહેનારાં અને વીરમગામમાં ઇન્ડિયન ઓઈલ વિભાગમાં સરકારી નોકરી કરનારા એક સજ્જન તેમનાં પત્ની અને 4–6 વર્ષની બે દીકરીઓ પણ છે. બંને દીકરીઓ કલશોર મચાવે છે. કૂદાકૂદ કરે છે. જંપીને જરાય બેસતી નથી. તેની મમ્મી કડક શિક્ષિકાની માફક વારંવાર કડક ચહેરો બતાવીને હુકમ કર્યા કરે છે. પણ થોડી જ વારમાં વાત હતી ત્યાં ને ત્યાં જ. હું વિચાર કરું છું કે આ છોકરીઓના કલશોરથી મને એક કલાકમાં જ અશાંતિ થવા લાગી છે તો આ સ્ત્રી આખો દિવસ, અરે પૂરા 360 દહાડા કેવી રીતે કાઢતી હશે! ખરેખર તો બાળકોને ઉછેરવાથી મોટું કોઈ તપ નથી. મા સૌથી મોટી તપસ્વી છે. પણ તેની તપસ્યા કોઈને દેખાતી નથી. આ છોકરીઓ પ્રત્યેક બે મિનિટે ત્રીજા ટાયર ઉપર ચઢે છે અને ઊતરે છે. એક કરે તે બીજી કરે છે. બંને બધી વાતમાં લડી પડે છે, પાછી રમે છે. તેમની મા ઘણોય કંટ્રોલ કરવા હુકમો આપે છે પણ ધૂળ ઉપર લીંપણ. જ્યારે પુરુષ તો શાંતિથી સ્થિતપ્રજ્ઞ થઈને બેઠો છે. એ સમજે છે કે આ વિભાગ સ્ત્રીનો છે. આપણો નથી. કદાચ તેમને આ બધું સદી ગયું છે. સદી જ જવું જોઈએ. તો જ સંસાર ચાલે. પરમેશ્વરે પણ એવી માયા મૂકી છે કે બાળકોનાં લક્ષણો અને અપલક્ષણો પણ ગમ્યા કરે, વાહ, મારા માલિક! આનું નામ તો માયા હશે!

તે ભાઈનું કહેવું છે કે મોટી મોટી ટાંકીઓમાં લાખો લિટર પૅટ્રોલિયમ સંરક્ષિત હોય છે. તેની જવાબદારી અમારી રહે છે. મને યાદ આવ્યું. ધ્રાંગધ્રાથી વીરમગામ જતાં રોડની નજીક જ 10–15 જંગી ટાંકીઓ દેખાય છે. જેમાં લાખો લિટર કદાચ તેથી પણ વધારે પૅટ્રોલિયમ ભરેલું હોય છે. આ સ્ટોર છે. અહીંથી કદાચ સપ્લાય થતું હશે. અથવા યુદ્ધકાળમાં જરૂરી સ્ટોક થતો હશે. હું જેટલી વાર આ રસ્તે પસાર થયો તેટલી વાર મને વિચાર આવ્યો કે આ ટાંકીઓ તો બહુ જ આસાન શિકાર થઈ શકે તેવી છે. કોઈ આતંકવાદી, ગદ્દાર રોડ ઉપર ઊભો રહીને કોઈ રોકેટ ફેંકે તો ટાંકી ભેદાઈ જાય. આગ લાગી જાય. પછી તો એ આગને આખા ગુજરાતના અગ્નિશમન કરનારા આવે તોપણ બુઝાવી ન શકાય. દૂર દૂર સુધી પૅટ્રોલનું તળાવ ભરાઈ જાય. તેની ગરમી એટલી થાય કે એક કિલોમીટર નજીક પણ ન જઈ શકાય. યુદ્ધકાળમાં સરળતાથી શત્રુવિમાન આ ટાંકીઓ ઉપર બોમ્બ કે રોકેટ મારી શકે છે. જો આ ટાંકીઓનું પેટ્રોલ બળી જાય તો યુદ્ધમોરચે લડતાં આપણાં વાહનો–ટેન્કો વગેરે નકામાં થઈ જાય. કદાચ આપણે હારી જવું પડે. આટલી મોટી ભૂલ કેમ કરી હશે? મોટા ભાગે આવી ટાંકીઓ ભૂગર્ભમાં બેસાડીને ઉપર વૃક્ષો વગેરે વાવી દીધાં હોય છે. જેથી શત્રુને ખબર ના પડે અને કોઈ આતંકવાદી નુકસાન ન કરી શકે. મારી વાત સાથે પેલા ભાઈ સંમત થયા.

ટ્રેન પૂરપાટ દોડી રહી છે અને છોકરીઓ તેટલી જ ગતિથી ધમાલ કરી રહી છે. બંનેનો અવાજ તીણો અને લાઉડ સ્પીકર જેવો છે. એક વાતનું મને માન થયું કે બંને બાળકીઓ એકદમ શુદ્ધ હિન્દી બોલે છે. જરાય ભૂલ નથી કરતી. આ તેની માનું પ્રદાન જ કહી શકાય. હુકમો કરી કરીને મા હવે થાકી છે. 30–35 વર્ષની આધેડ સ્ત્રી અને તેનો પતિ રંગે શામળાં છે. કદાચ આદિવાસી અથવા ઓ.બી.સી. હોય. ચામડીના રંગ ઉપરથી પણ તમે કોઈની ન્યાત–જાત વિશે અનુમાન કરી શકો છો. અનુમાન જ. સચોટ નહિ.

પેલી બંને છોકરીઓ ધમાચકડી મચાવતી મચાવતી સામસામી બંને સીટોની વચ્ચે લડવા લાગી. તેમાં નાની છોકરીએ મોટી છોકરીને જોરથી ધક્કો માર્યો, તે પડી ગઈ. તેના માથાના પાછળના ભાગ ઉપર ચોટ લાગી. તે જોર–જોરથી રડવા લાગી. તેના પિતા જે ચુપચાપ શાંતિથી બેઠા હતા તેમણે તેને ઉપાડીને પોતાની છાતી સાથે સજ્જડ ચાંપી દીધી અને હાથ ફેરવી ફેરવીને આશ્વાસન આપવા લાગ્યા. ધીરે ધીરે તે શાંત થઈ ગઈ. આ વખતે તેનો ચહેરો જોવા જેવો હતો.

પ્રત્યેક વ્યક્તિને પાંચ સ્થાનો હોવાં જોઈએ. 1. હસવાનું 2. રડવાનું 3. સલાહ લેવાનું 4. તડાકા મારવાનું અને 5. આશ્વાસનનું.

1. જીવનનું સૌથી મોટું વિટામિન હાસ્ય છે. જે હસે છે, હસાવે છે, તે લાંબું જીવે છે. પણ હસવું લાવવું ક્યાંથી? જો તમારી પ્રકૃતિમાં જ

હસવું નહિ હોય તો મનહૂસ થઈને જીવતા રહેશો. પહેલાં રાજા–મહારાજા હસવા માટે પોતાની સાથે વિદૂષક રાખતા, જે તેમને હંમેશાં નિર્દોષ હાસ્ય આપ્યા કરતા. આપણે કોઈ વિદૂષક ન રાખી શકીએ તો કાંઈ નહિ. એવી એકાદ જગ્યા રાખીએ કે જ્યાં હળવાશથી મન મૂકીને હસી શકીએ. હા, તે માટે તમારે તમારી મોટાઈનો ભાર ઉતારી દેવો પડે.

2. એક જગ્યા રડવાની પણ હોવી જોઈએ. એવું તો કદી બને જ નહિ કે જીવનમાં રડવાનું આવે જ નહિ, સંબંધોની દુનિયામાં અને તેમાં પણ લાગણીભર્યા સંબંધોની દુનિયામાં રડવાનાં નાનાં–મોટાં કારણો આવતાં જ હોય છે. રડ્યા વિના પણ ઘટનાના આઘાતને પાર કરી શકાતો હોય છે. આવું કરનાર મહાપુરુષ છે. પણ તેથી તેમના જીવન ઉપર અનાવશ્યક દબાણ વધી જતું હોય છે. આઘાત કફ જેવો છે. જો તમે તેને ખાંસી–ખાંસીને બહાર ના કાઢો તો અંદર ભરાયા કરે. એ શાંતિ ન લેવા દે. તેને ધ્રુસકે ધ્રુસકે રડીને બહાર કાઢી નાખો તો હળવાશ થઈ જાય. પણ રડવું ક્યાં? બાળકને રડવાની જગ્યા મા છે. પણ મા ક્યાં રડે? પતિના ખભા ઉપર, પણ પતિ ક્યાં રડે? ક્યાંય નહિ. કોઈ જગ્યા જ નથી. કોઈ અત્યંત વિશ્વસનીય જગ્યા હોય તો રડી શકાય. નહિ તો પછી ભગવાન આગળ. પણ રડી લેવાની પણ એક જગ્યા જોઈએ.

3. એક સલાહ લેવાની જગ્યા રાખજો: શકુનિ જેવી નહિ, કૃષ્ણ જેવી. ગમે તેટલા બુદ્ધિશાળી હો તોપણ તમારે સલાહની જરૂર રહેવાની જ. મોટાં કામો કદી પણ સલાહ વિના ન કરાય. જેને કોઈની સલાહની જરૂર નથી હોતી તે ઘમંડી છે. તેનો નાશ થશે. પણ ડાહ્યા માણસોને તો સાચી સલાહની જરૂર હોય જ છે. આવી એક સલાહની જગ્યા જરૂર રાખજો.

4. એક તડાકા મારવાની જગ્યા રાખજો. તડાકા એટલે હળવાશથી હળવી વાતો કરવી તે. ઊંડામાં ઊંડો સમુદ્ર પણ કિનારે છીછરો હોય છે. તેમ તમે પણ ગમે તેટલા મોટા હો, મહાન હો પણ કિનારે તો છીછરા જ થજો. પત્ની, બાળકો, મિત્રો વગેરેની સાથે ઊંડાઈ ન શોભે. ત્યાં તો છીછરાપણું જ શોભે. જેથી પેલાં નહાઈ શકે. નહિ તો તમારાથી દૂરનાં દૂર રહેશે. પણ તડાકાનો અર્થ નિંદા કે ચાડીચુગલી ન સમજી લેતા.

5. એક આશ્વાસન મેળવવાની જગ્યા રાખજો. તમે ગમે તેટલા કુશળ અને મહાન હશો તોપણ જીવનમાં ઘા તો લાગવાના જ છે. ઘા વિનાનું જીવન નથી હોતું. ઘા રુઝાય તેવો મલમ લગાડી દે તેને આશ્વાસન કહેવાય. જ્યારે જ્યારે ઘા વાગે ત્યારે ત્યારે એવી કોઈ જગ્યા રાખજો જે તમારા ઘા ઉપર મલમ ચોપડી આપે. ઘા વાગવો બહુ દુઃખદાયી નથી. પણ ઘા ન રુઝાવો બહુ દુઃખદાયી છે. જેને જૂના ઘા રુઝાયા વિનાના પાક્યા કરે છે તેને ભલા શાંતિ ક્યાંથી હોય? ઘા રુઝાવી આપે તેને સંત કહેવાય. કોઈ સાચા સંતનો સાથ રાખજો. આશ્વાસન અને રૂઝ બંને મળશે.

પેલી મોટી છોકરી શાંત થઈ ગઈ. આશ્વાસન મળી ગયું. થોડી જ વારમાં તે પિતાની છાતીથી છૂટી પડી અને નાની સાથે અણબનાવ બતાવતી બતાવતી રમવા લાગી. નાનાં બાળકોના ઘા જલદી રુઝાઈ જાય છે.

સાંજનું જમવાનું આવ્યું. પેલી બહેને વ્યવસ્થિત રીતે છોકરીઓને તથા પતિને પણ જમાડ્યાં. તેની પ્રત્યેક ક્રિયામાં પ્રેમ અને કાળજી છલકાઈ રહી છે. તે ગંભીર છે. કોઈ બીજા પુરુષો સામે જોતી પણ નથી. તેનો પતિ એક પગના પંજાથી કાંઈક ખોડીલો છે જેથી મોજાં પહેરી રાખે છે. કદાચ આ કારણે પણ તેને નોકરી મળી હોય. પતિ–પત્ની બન્ને પરસ્પરમાં તો ઠીક છોકરીઓ સાથે પણ ‘આપ’ શબ્દનો વ્યવહાર કરે છે. જરા વિચાર કરો કે ત્રણ કે પાંચ વર્ષની છોકરીઓને પણ આપ–આપ કહીને બોલાવતી મા કેવી સંસ્કારી હશે! સંસ્કારી માતા કે પિતા જ સંસ્કાર નાખી શકે. માત્ર સ્કૂલની શિક્ષિકાઓથી જ આ કામ પૂરેપૂરું થઈ શકતું નથી. જેમ જેમ સમય વીતતો જાય છે તેમ તેમ મને એ સ્ત્રી પ્રત્યે માન વધતું જાય છે. ઘણા લોકોનું એવું માનવું હોય છે કે સ્ત્રીઓમાં બુદ્ધિ હોતી નથી અથવા ઓછી હોય છે. અથવા ટૂંકી હોય છે. હું આ વાત સાથે પૂરેપૂરો સંમત નથી. સ્ત્રીઓમાં બુદ્ધિ હોય છે જ. પણ ડહાપણ ઓછું હોય છે. બુદ્ધિ અને ડહાપણમાં ફરક છે. ચોરી–લુચ્ચાઈ–ષડ્યંત્રો–ખટપટો વગેરે કરનારાઓમાં પણ બુદ્ધિ તો હોય જ છે. પણ ડહાપણ નથી હોતું. શકુનિ અને મંથરામાં પણ બુદ્ધિ તો છે જ. પણ ડહાપણ નથી.

ડહાપણ તેને કહેવાય જેને પોતાનું, પોતાના પતિનું, પરિવારનું સૌનું કલ્યાણ દેખાતું હોય, સમજાતું હોય. જેથી આ બધાનું અકલ્યાણ થાય તેવું ન બોલે, ન કરે. આ ડાહી સ્ત્રીનું લક્ષણ છે. ડાહી અને પ્રેમાળ સ્ત્રી સંસારનું સર્વોચ્ચ રત્ન છે. જેને મળ્યું તે ધન્ય થઈ ગયો. તેનું સ્વર્ગ તેના ઘરમાં જ છે. ઉપર જવાની જરૂર નથી.

સ્ત્રી ડહાપણને ક્યારે દૂર ધકેલી દે છે તે જાણવું રસપ્રદ રહેશે. સ્ત્રીને ભગવાને લાગણીશીલ બનાવી છે. તીવ્ર લાગણી અને ડહાપણ ભાગ્યે જ સાથે રહી શકે. જે સ્ત્રી તીવ્ર કામુક હોય છે તે ડહાપણને દૂર ધકેલી દેતી હોય છે. આવી તીવ્ર કામુક સ્ત્રી કામભૂખ સંતોષવા કેવું કેવું કરતી હોય છે તેના થોડાક નમૂના જોઈએ.

1. બચપણથી ભરપૂર લાડકોડમાં ઉછેરીને તેની પ્રત્યેક ઇચ્છાઓ પૂરી કરીને જીવની માફક જતન કરનાર માતા–પિતા–પરિવારને ધક્કો મારીને કોઈ વિધર્મી સાથે ચાલી નીકળે તો સમજવું કે આ ડહાપણ વિનાની છે. કદાચ આવી જ સ્ત્રીને પાનીએ બુદ્ધિ કહેવાઈ હશે. મા–બાપની ઇજ્જત–આબરૂની પરવા કર્યા વિના માત્ર પોતાનું કામસુખ ભોગવવા ગૌ–માંસ ખાવા અને ન પીવાનું પીવા તૈયાર થઈ જાય તો સમજવું કે આ ડાહી સ્ત્રી નથી. અત્યારે તેણે મા–બાપ–પરિવારને જેટલાં રડાવ્યાં અને સંતાપ્યાં છે તેથી અનેકગણી તે રડવાની અને રિબાવાની છે ત્યારે તેનું કોઈ નહિ હોય.

2. જે સ્ત્રી પોતાના દેવ જેવા પતિને દગો કરીને પરપુરુષ કે પુરુષો સાથે કામવાસના સંતોષવા ફાંફાં મારતી હોય છે. તેને ડાહી ન કહેવાય. તે પોતે જ પોતાની ઘોર ખોદી રહી છે. એક ને એક દિવસ તેનો ભાંડો ફૂટવાનો જ છે. ઉશ્કેરાયેલો તેનો પતિ કદાચ તેની હત્યા પણ કરી બેસે. કાંઈ કહેવાય નહિ, દગાબાજ સ્ત્રી પ્રત્યે પ્રેમાળ પતિ તીવ્ર આઘાત અનુભવે છે. જેમાં ભાન ભૂલીને ન કરવાનું પણ કરી બેસે છે. આ રીતે કામલોલુપ સ્ત્રી પોતાનું કલંકિત મૃત્યુ નોતરી બેસે છે.

3. કેટલીક વાર પરપુરુષમાં ગળાડૂબ થયેલી કામલોલુપ સ્ત્રી પોતાના પતિની હત્યા પણ કરી બેસતી હોય છે. અથવા કરાવી બેસતી હોય છે. આવી પતિ–હત્યારી સ્ત્રીને કદી પણ ડાહી ન કહેવાય. તે જિંદગીભર જેલની હવા ખાતી થઈ જાય છે. પતિ ખોયો, યાર પણ ખોયો. કલંક સાથે કાળું મોઢું કરનારી આ સ્ત્રીનો પરિવાર પણ ખોવાઈ જાય છે. ક્ષણિક વાસનાના સુખ માટે કેટલો મોટો અનર્થ કરી નાખ્યો? આને ડાહી સ્ત્રી ન કહેવાય.

4. જે સ્ત્રી જ્યારે જુઓ ત્યારે પતિ ઉપર રુઆબ જમાવતી રહે છે. ખરું કે ખોટું પોતાનું ધાર્યું જ કરે છે, કરાવે છે તે કદી પણ પતિની માનીતી ન થઈ શકે, તેનો અહંકારી અને હઠીલો સ્વભાવ પતિને પત્નીવિમુખ કરી નાખે છે. તે પતિનું સુખ ખોઈ બેસે છે. કારણ કે તેને પતિને જીતતાં અને સાચવતાં નથી આવડતું. પતિને પ્રેમથી, નમ્રતાથી, આજ્ઞાપાલનથી, અનુકૂળતાથી અને પૂરેપૂરી વફાદારીથી જિતાતો હોય છે, રુઆબથી નહિ.

5. જે સ્ત્રી ઘર છોડીને આખો દિવસ વગર કારણે આમતેમ ભટકતી–રખડતી રહે છે, તે કદી ગૃહલક્ષ્મી ન થઈ શકે. આવી સ્ત્રી સુખદાયી નહિ પણ દુઃખદાયી થઈ જતી હોય છે. દુઃખદાયી સ્ત્રી પોતે પણ દુઃખ જ ભોગવતી હોય છે. આવું ભટકવું–રખડવું એ ડહાપણભર્યું ન કહેવાય.

6. જે સ્ત્રી ઘરની બધી વાતો બહાર કરી આવે છે અને બહારનો બધો કચરો ઘરમાં લઈ આવે છે, તે હંમેશાં ધગધગતા ચૂલાની માફક ઝઘડા કરતી–કરાવતી રહે છે તેને ડાહી ન કહેવાય.

7. જે સ્ત્રીને ઘર ચલાવતાં નથી આવડતું. પતિની આવક કરતાં ખરચો વધુ કરે છે. કરકસર આવડતી નથી. દેખાદેખી ખર્ચા વધુ કરે છે. મોટા ભાગે પોતાના મોજશોખમાં જ પૈસા વાપરતી રહે છે. પતિ પાસેથી પૈસા પડાવવા હંમેશાં ઝઘડતી રહે છે. પતિને કાયમ દેવાદાર રાખે છે. આવી સ્ત્રી પતિને સુખી ન કરે. તેનામાં ગમે તેટલી બુદ્ધિ હોય તોપણ ડહાપણ તો નથી જ.

આ તો થોડાક નમૂના જ કહ્યા છે આવી ડહાપણ વિનાની વિશ્વાસઘાતી, વાસનાની પૂતળી, કજિયાળી સ્ત્રીને પરણવા કરતાં તો બહેતર છે કે જીવનભર કુંવારા રહેવું. જેટલું દુઃખ આવી સ્ત્રીઓ આપતી હોય છે તેના દશમા ભાગનું પણ દુઃખ કુંવારા રહેવામાં નથી. પણ મોટો પ્રશ્ન એ છે કે કઈ સ્ત્રી ડાહી છે અને કઈ ગાંડી છે તેની ખબર શી રીતે પડે! ન પડે. માણસની તો નીવડે જ ખબર પડે. જો પહેલેથી બધી ખબર પડી જતી હોત તો કોઈ દુઃખી ન થાત. કદાચ એટલા માટે લોકો જ્યોતિષનો આશરો શોધે છે.

મારા ઓળખીતા એક સજ્જન છે જે વાત વાતમાં પોતાની પત્નીને ગાંડી કહીને બોલાવે છે. ખરેખર જુઓ તો તેમનાં પત્ની ડહાપણનો ભંડાર છે. છતાં આવું કહે છે. મેં તેમની પત્નીને પૂછ્યું કે આ ગાંડો માણસ આખો દિવસ તમને ગાંડી–ગાંડી કહે છે તો તમને ખોટું નથી લાગતું?' પેલાં બહેન કહે કે "ના રે ના. જરાય નહિ, તે તો વહાલથી કહે છે. શબ્દ નહિ, ભાવને જોવાનો હોય. મને તો તેમનો શબ્દ બહુ મીઠો લાગે છે." વાહ ભાઈ વાહ, ધન્ય થઈ ગયા પેલા ભાઈ, પોતે ગાંડા હોવા છતાં પણ ડાહી પત્નીને ગાંડી કહીને શિરપાવ મેળવે છે.

આનું નામ નસીબ કહેવાય.

થોડી વાર થઈ ને બાજુના ખાનામાંથી એક બહેન આવ્યાં. મારા અને શક્તિસિંહની વચ્ચે જગ્યા કરીને અડોઅડ બેસી ગયાં. અમને કોઈને ન ગમ્યું. તરત જ ગાંડીનો દાખલો મળ્યો. તેના કાંઈ અંગત પ્રશ્નો હતા, તે પૂછ્યા, જવાનું નામ ન લે. પછી મેં જ સૂવાનું બહાનું કરીને તેમને વિદાય કર્યાં. કેમ અને ક્યાં બેસવું તે પણ સંસ્કારની વાત છે.

અમે બધાં સૂઈ ગયાં. પેલી છોકરીઓને તેની માતાએ કાળજીપૂર્વક સુવાડી દીધી. પતિને ચાદર પાથરી આપી અને સુવાડી દીધા પછી પોતે સૂતી.

રેલવેના શયનખાનામાં જો તમારો નંબર પહેલા કે છેલ્લા ખાનામાં આવે તો તમે શાંતિથી ઊંઘી ન શકો. કારણ કે ટ્રેનના પાટા બરાબર સમાંતર વ્યવસ્થિત ન હોય તો ડબ્બો વારંવાર ડોલ્યા કરે. આવું ડોલવું વચ્ચે ઓછું આવે પણ બંને છેડાએ વધુ આવે. પગથી માથું અને માથાથી પગ તમે હાલક–ડોલક થયા જ કરો. અમારે પણ એવું જ થયું. ઊંઘ ક્યાંથી આવે?

અજમેર આગળ રસ્તામાં જ ટ્રેન ઊભી રહી ગઈ. લગભગ દોઢ કલાક ઊભી રહી. કારણ પૂછ્યું તો ખબર પડી કે કોઈ ગાય કપાઈ ગઈ છે. તેના શરીરને બહાર કાઢવામાં આટલો સમય લાગ્યો. ફરી પાછા આગળ જતાં બીજો દોઢ કલાક રોકાવું પડ્યું. આમ ટ્રેન ત્રણથી ચાર કલાક મોડી પડી. જે લોકોને દિલ્હીથી બીજી ટ્રેન કે વિમાન પકડવાનું હતું તે બિચારા ચિંતાતુર થઈ ગયા. બધું અપસેટ થઈ ગયું. ચિંતાનું સાચું કારણ હોય તો ચિંતા થાય જ. યોગ કરવાથી ચિંતા ન મટે.

અંતે અમે દિલ્હી પહોંચ્યા. રેલપાટાને અડીને જ ઝૂંપડપટ્ટીઓ વસેલી છે. ત્યાં કુદરતી હાજત માટે કશી જ વ્યવસ્થા નથી. એક ભાઈ અમારી સામે નજીક જ ઊભા ઊભા પેશાબ કરવા લાગ્યા. કશાં શરમ–સંકોચ નહિ. આ દશ્ય વિદેશીઓ જુએ તો કેવી છાપ પડે? ફરી પાછું આવું જ દશ્ય આગળ જતાં જોયું. આપણે તો ટેવાઈ ગયા. શું થાય? મને લાગે છે કે કોઈ વિદેશીને દિલ્હી ન બતાવવું જોઈએ. અમે ચાર કલાક મોડા પહોંચ્યા હતા. દિલ્હી પહોંચતાં પહેલાં જ્યારે બધાં ઊઠ્યાં ત્યારે પેલી બાઈએ બંને છોકરીઓને બ્રશ તૈયાર કરી આપ્યું. છોકરીઓ 'મા' કહીને જ બોલાવે છે. 'મમ્મી' નથી કહેતી. પછી પતિને બ્રશ તૈયાર કરી આપ્યું. બધી ચાદરો ઠીક કરી, નાસ્તો કર્યો–કરાવ્યો. બંને છોકરીઓનું માથું ઓળ્યું. વાળ ઠીક કર્યા. સામાન ઠીક કર્યો, ગણ્યો. કોણે શું લેવું તે ગોઠવ્યું. હું બધું જોતો જ રહ્યો. મેં બચપણમાં એક નાટક જોયેલું તેમાં એક રાજા ફરવા નીકળ્યો અને એક જગ્યાએ એક કુંભાર પોતાના ચાકડા આગળ ગધેડાને બાંધીને ઘસઘસાટ સૂતો હતો તે જોઈને તેણે એક દોહરો લખ્યો.

*ધન ધન આ સંસારમાં ભાગ્યવંત કુંભાર,*
*ચિંતા બાંધી ચાકડે ધન ધન તુજ અવતાર.*

જેને ઊંઘ નથી આવતી તે ઘસઘસાટ ઊંઘતા માણસને જોઈને ઈર્ષ્યા કરે તે સ્વાભાવિક છે. રાજા તો દોહરો લખીને ચાલતો થયો. પાછળ–પાછળ રાજકુમારી આવી. તેણે આ દોહરો વાંચ્યો. તેણે પેલા દોહરાની નીચે પોતાનો દોહરો લખ્યો.

*ફટ ફટ આ લખનારને ખરેખરો કુંભાર*
*જે ઘર નાર સુલક્ષણી સુખે સૂવે ભરથાર.*

પછી ઘણા સમય પછી રાજાએ આ દોહરો વાંચ્યો તે ક્રુદ્ધ થઈ ગયો. તેણે પોતાની બે રાજકુમારીઓમાં એકને તો કોઈ મોટા રાજકુમાર સાથે પરણાવી અને આ લખનારને જાણીકરીને કોઈ મૂરખ સાથે પરણાવી. જોઉં હવે કેવો તેનો ભરથાર સુખે સૂવે છે. પછી તો કથા આગળ ચાલે છે. પેલો મૂરખ દેખાતો યુવાન ખરેખર રાજકુમાર નીકળે છે અને બંને ખૂબ સુખી થાય છે. જ્યારે પેલી બીજી રાજકુમારી દુઃખી દુઃખી થઈ જાય છે.

મને લાગ્યું કે પેલી સુલક્ષણા કન્યા આવી જ હશે. આ રાજકુમારી તો નથી. સામાન્ય આદિવાસી જેવી સ્ત્રી છે પણ તેની અંદર આદર્શ અને ડાહી સ્ત્રીનાં લક્ષણો વસે છે. એટલે જ તેનો પતિ સુખ–શાંતિ અનુભવે છે. નમસ્કાર કરીને બધાં વિદાય થયાં. મારા સ્વભાવ પ્રમાણે ભીડ ઊતરી ગઈ પછી છેવટમાં હું ઊતર્યો.

31–10–09

*

# 2. દિલ્હી સ્ટેશને

જીવન સથવારો માગે છે. એકાકી જીવન સુખી નથી હોતું. તેમાં પણ પાછલી જિંદગીમાં તો કોઈને કોઈનો સથવારો મળે તો જ જીવન હળવું બને. અમારી સાથે વીસ ડૉક્ટરો વગેરે છે. તે બધા અનેક વાર આ રસ્તે આવ–જા કરી ચૂક્યા છે અને અમે તો પહેલી જ વાર જઈ રહ્યા છીએ. અમારી ગયા જવાની ટ્રેન છેક સાંજે મળવાની છે. જો ટ્રેન સમયસર આવી હોત તો અમારે આઠ–નવ કલાક અહીં પસાર કરવા ન પડત પણ ટ્રેન મોડી આવી હોવાથી હવે અમારે છ–સાત કલાક તો કાઢવાના જ છે. અમે તો નીચે સામાન રાખીને ઊભા રહ્યા. શક્તિસિંહને કહ્યું કે તપાસ તો કરો, પેલા ડૉક્ટરો ક્યાં છે? તેમણે તપાસ કરી તો ખબર પડી કે તે તો બધા ચાલ્યા ગયા છે. કોઈ નથી. હેં! હવે શું કરવું? અમે વિમાસણમાં પડી ગયા. અમને કશી જ ખબર ન હતી. છેવટે એક મજૂરને પૂછીને સાંજે ઊપડનારી સિયાલદાહ રાજધાની એક્સપ્રેસના તેર નંબરના પ્લૅટફૉર્મ ઉપર અમે ગયા. સીડીઓ ચડવી, લાંબું પ્લૅટફૉર્મ પાર કરવું, ભીડની તો વાત જ શી કરવી? અને પછી પાછી સીડીઓ ઊતરવી. અમારો ડબ્બો જ્યાં આવવાનો હતો તે B–5 ઉપર અમે તો પહોંચી ગયા. ચાલો, સાંજ અહીં જ કાઢી નાખીશું. પણ અહીં તો ઊભા રહેવાની પણ જગ્યા નથી. રેલવે તરફથી જે બૅન્ચો બનાવી છે તેમાં ક્યાંય જગ્યા નથી. પ્રવાસીઓની આવશ્યકતાના પ્રમાણમાં માત્ર પાંચેક ટકા જેટલી બૅન્ચો છે. પણ અમે એ આશાએ ઊભા રહ્યા કે હમણાં કોઈ સીટ ખાલી કરશે અને અમે બેસી જઈશું. અમારા જેવા બીજા પણ કેટલાય ટાંપીને ઊભા છે. પાસે જ પૂરી–શાકની લારી છે. દશ–દશ પૂરી અને શાકની પ્લેટ ફટાફટ આવે છે. ત્યાં પણ ભીડનો પાર નથી. લારીવાળો નવરો નથી. લોકો પ્લેટ લઈને જ્યાં જગ્યા મળે ત્યાં અધડૂક પગે બેસીને ખાવા માંડે છે. અને હા, પછી પેલી કાગળ જેવી પ્લેટ ફેંકીને ચાલતા થાય છે. લગભગ અડધો કલાક વીતી ગયો. ક્યાં સુધી ઊભા રહેવું? છેવટે મને એક યુક્તિ સૂઝી. બે–ત્રણ દિવસ પહેલાં દંતાલી આશ્રમમાં વડોદરાના શ્રી પ્રકાશ પંડ્યા આવ્યા હતા. તે દિવાળીની મીઠાઈ તરીકે એક નાનો સ્ટીલનો ચોરસ ડબ્બો ભરીને મોહનથાળ લાવ્યા હતા. ચાખ્યો તો બહુ સરસ લાગ્યો. મેં કહ્યું કે આ મીઠાઈ હું બિહાર લઈ જઈશ. બધાંને ખવડાવીશ. તે રાજી રાજી થઈ ગયા. શક્તિસિંહને મેં પેલો ડબ્બો નીચે મૂક્યો અને હું તેના ઉપર બેસી ગયો. હાશ, શાંતિ થઈ, સુખ સાપેક્ષ હોય છે. બીજી સ્થિતિમાં આ ડબ્બા ઉપર બેસવું દુઃખદાયી થઈ જાત; પણ અત્યારે આ પરિસ્થિતિમાં તે સુખદાયી થઈ રહ્યો છે. શક્તિસિંહે ચારે તરફ મોબાઇલ જોડવા માંડ્યા. આઠ–દશ મોબાઇલ કર્યા હશે ત્યાં જવાબદાર માણસે કહ્યું કે ચિંતા ન કરો, અમે માણસ મોકલીએ છીએ. એવામાં એક સીટ ખાલી થઈ. ઝટઝટ શક્તિસિંહ તેની ઉપર બેસી ગયા. પછી હું ગોઠવાયો. આ વખતે સીટની પ્રાપ્તિ એ પરમસુખની પ્રાપ્તિ જેવી લાગી. લોકો ભલે આત્મા–આત્મા બોલ્યા કરે પણ ખરું સુખ તો સગવડોમાંથી જ મળતું હોય છે. જો સતત અગવડોમાં જીવવું પડે તો આત્મસુખનો કશો જ અર્થ રહેતો નથી. આ તો માત્ર વાચાળતા જ કહી શકાય. થોડી જ વાર થઈ હશે ને એક ભાઈ અમને લેવા આવી પહોંચ્યા. આને મોબાઇલનો જ ચમત્કાર કહેવાય. જો અમારી પાસે મોબાઇલ ન હોત તો કોઈને કશી ખબર ન પડી હોત. અમે ફરી પાછા ઓવરબ્રિજ ચઢીને પેલે છેડે ઊતર્યા. રિક્ષા કરીને નજીકની જ હોટલમાં ગયા. હોટલ બહુ જ સામાન્ય હતી પણ આરામ કરવા માટે સારી હતી. એક થાળી જમવાનું મંગાવ્યું પણ તેમાં કશી બરકત ન હતી. અહીંના લોકો ગુજરાતી થાળી કરી આપે છે. પણ તે બરાબર નથી હોતી. જે રસોઈ હોય છે તેને ગુજરાતી નામ આપે છે એટલે તે એકે તરફની નથી હોતી. વળી પાછો સિત્તેર રૂપિયા ચાર્જ અને રોટલીઓ તો બે જ. ગુજરાતીઓ થોડું ખાય એમ સમજીને બે જ રોટલીઓ મૂકતા હશે અને દાળ સાવ પાતળી. લ્યો થઈ ગઈ ગુજરાતી થાળી. આના કરતાં તો અહીંની થાળી મંગાવી હોય તો પાંચ રોટલીઓ આવે અને જાડી દાળ આવે સાથે ભાત પણ વધારે આવે.

રાત્રે ટ્રેન હાલક–ડોલક થવાથી ઊંઘ આવી ન હતી તે બરાબર આરામ કર્યો. હવે સમય થયો છે અને અમે પેલા ચિરાગભાઈની સાથે સ્ટેશને પહોંચ્યા. અમારી સિયાલદાહ રાજધાની એક્સપ્રેસ ગોઠવાઈ ચૂકી હતી. હવે સારું છે કે તમારો ડબ્બો કઈ જગ્યાએ આવશે તે પહેલેથી નક્કી હોય છે. પહેલાં તો ટ્રેનના આ છેડેથી પેલા છેડા સુધી સામાન લઈને લોકો દોડાદોડ કરતા ત્યારે ડબ્બો કે જગ્યા મળતી. અમે બંને તો અમારા ખાનામાં ગોઠવાયા. બાકીનાં ચાર બંગાળી પ્રૌઢ પતિ–પત્ની છે. ચારે સારાં લાગ્યાં. પેન્શનર હશે. ટ્રેન ચાલુ થઈ ત્યારે બંગાળી સજ્જને હાથ જોડીને મનોમન ઈશ્વરને પ્રાર્થના કરી. બિહારમાંથી ટ્રેન પસાર થવાની હોય એટલે ઘણા લોકોને ભય લાગતો

હોય છે. ક્યારે લૂંટાઈ જવાય તે કહેવાય નહિ. રાજવ્યવસ્થાથી પ્રજા સુખી અને દુઃખી થતી હોય છે. રાજસત્તા-વાળાઓએ બિહારની છાપ બગાડી નાખી છે. આવી દશા કરવામાં લાલુજીનું પ્રદાન મોટું મનાય છે. અત્યારે નીતીશકુમારની સત્તા છે. લોકો તેમનાં વખાણ કરે છે કે હવે ઘણી શાંતિ થઈ ગઈ છે. આમે પ્રત્યેક મહત્ત્વના કાર્યની શરૂઆતમાં ઈશ્વરને યાદ કરવા એ સારી વાત છે. ઈશ્વર મહાન શક્તિ છે અને તે તમારી સાચી પ્રાર્થના સાંભળે છે. ટ્રેન ચાલી. પણ આ શું! ટ્રેનને વારંવાર જોરદાર ધક્કો લાગે છે, જાણે કે હમણાં ડબ્બો છૂટો પડી જશે એવું લાગે છે. મને રશિયા યાદ આવી ગયું. રશિયામાં સાઈબેરિયાના પ્રવાસમાં પણ મને આવો જ અનુભવ થયો હતો.

બંને બંગાળી પ્રૌઢ કપલ શાંતિથી બેઠાં બેઠાં બંગાળીમાં વાતો કર્યા કરે છે. સામેની વૃદ્ધા વારંવાર સામાન ખોલ-બંધ કરે છે. પતિદેવ સ્થિતપ્રજ્ઞ લાગે છે. સૌ સૌની પ્રકૃતિથી કામ કરે છે. મારી બાજુની પ્રૌઢ મહિલા બહુ બોલે છે. તેના વાળ એકદમ ધોળા થઈ ગયા છે તોપણ પશ્ચિમી ઢબના કપાવેલા છે. તે વારંવાર મારી તરફ ખસી આવે છે. કદાચ તેના પતિને વધુ જગ્યા મળે તે માટે. તેનો પતિ પણ સીધોસાદો રિટાયર્ડ ઑફિસર લાગે છે. સામેની બહેન જે સામાન ખોલ-બંધ કરે છે તેના ઉપરથી મને ખ્યાલ આવ્યો કે પહેલાં કોશો હતી, પછી બટન થયાં, પછી ચેન થઈ, અને હવે વાઈક્રો થયું. આ ચારે પ્રગતિઓમાં પાછળનાં ત્રણ પશ્ચિમનું પ્રદાન કહી શકાય. આપણા પૂર્વજો ડગલાને કસો બાંધતા. ત્રણ-ચાર કસો ખેંચીને ડગલો પહેરતા. પછી ગોરા લોકો આવ્યા તેમના કોટને બટન હતાં. સામસામે ગાજ-બટન હોય, ગાજમાં બટન ભેરવી દો એટલે કોટ વગેરે ફિટ થઈ જાય. પછી ચેન આવી. એ જ લોકોએ ચેન પદ્ધતિ શોધી કાઢી. હવે બટન વિદાય થઈ ગયાં. વસ્ત્રોમાં, બૅગ-બિસ્તરામાં, પડદામાં જ્યાં જુઓ ત્યાં ચેનો લગાવી દો. એક છેડાથી ખેંચો તો બીજા છેડા સુધી બધું બંધ થઈ જાય. હવે તો કવરો પણ એવાં નીકળ્યાં છે કે ચેન ખેંચો એટલે કવર બંધ થઈ જાય. વળી પાછું એરટાઇટ થઈ જાય. અંદર હવા પણ ન જઈ શકે. ચેનથી કામ અટક્યું નહિ. કેટલાકને લાગ્યું કે ચેન બંધ કરવામાં મોટા ભાગે બંને હાથનો ઉપયોગ કરવો પડે છે. ચેન ખોટકાઈ પણ જાય. એટલે વાઈક્રોની શોધ થઈ. સામસામી બે પટ્ટીઓને ભેગી કરો તો બધું બંધ થઈ જાય. ફરી પાછું ખોલવું હોય તો એક જ હાથે છેડો પકડીને ખેંચો તો ખૂલી જાય. જોડાથી માંડીને બધે જ વાઈક્રોનો ઉપયોગ થવા લાગ્યો છે. આવી સગવડો પશ્ચિમવાળા શોધે છે અને વિશ્વ ઉપર છવાઈ જાય છે. આપણે ખાસ નવી નવી વસ્તુઓ શોધતા નથી. શરૂઆતમાં તો વિરોધ કરીએ છીએ. પછી અપનાવીએ છીએ. કારણ કે સગવડો સૌને ગમે છે. સગવડ-વિરોધીઓને પણ ગમે છે. અમે બધાં સૂઈ ગયાં. સારી ઊંઘ આવી ગઈ. કારણ કે પેલા આંચકા બંધ થઈ ગયા હતા, હિચકોલા આવતા ન હતા.

અંતે અમે ગયા પહોંચી ગયા. ટ્રેન પંદર મિનિટ વહેલી આવી હતી એટલે સફાળા જાગ્યા અને જલદી જલદી સામાન લઈને નીચે ઊતરી પડ્યા. ટ્રેનમાં જ મારું એક ચંપલ ખોવાઈ ગયું હતું. ઘણી શોધ કરી પણ ન મળ્યું. એટલે બીજું ચંપલ પણ ટ્રેનમાં જ મૂકીને ઊતરી પડ્યો. 57 વર્ષ પહેલાં આ ધરતી ઉપર હું ઉઘાડા પગે મોક્ષને પામવા માટે ચાલેલો. ફરી પાછો આજે પણ એ જ રીતે ચાલવા માંડ્યો. પણ ત્યારના અને આજના મારા પગ બદલાઈ ગયા છે. નાની સરખી કાંકરી પણ ઊંહકારો બોલાવી દે છે. પછી ખબર પડી કે ડબ્બાના સેવકો આવું કરતા હોય છે. જો તેમને કોઈ બૂટ-ચંપલ ગમી જાય તો બેમાંથી એકને સંતાડી દે, પછી પ્રવાસી બીજાને છોડીને ઊતરી પડે. કારણ કે એક જોડું લઈ જવાનો કશો અર્થ રહેતો નથી. મને આ વાત ઉપર વિશ્વાસ ન આવ્યો. પણ મેં જોયું કે અમારા બધા પ્રવાસમાં ટ્રેનના સેવકો ફરજિયાત લોકો પાસેથી દશ દશ રૂપિયા ઉઘરાવે છે. એટલે કદાચ સાચું પણ હોઈ શકે. કાંઈ કહેવાય નહિ-આ મારો દેશ છે.

હું મારી ટોલી ખેંચીને ઓવરબ્રિજ ચઢી રહ્યો છું. બને ત્યાં સુધી હું મારો સામાન જાતે જ ખેંચી લઈ જાઉં છું. ગરગડીવાળી બૅગોમાં હવે સરળતા થઈ ગઈ છે. પણ શક્તિસિંહ મને સામાન લેવા દેતા નથી. તે એક સાથે 4-5 દાગીના લઈને ચાલે છે. બ્રિજની ઉપર શ્રી મહેશભાઈ ભણસાલી મને લેવા આવ્યા છે. મને ટ્રોલી ખેંચતો જોઈને તે દોડ્યા અને મારા હાથમાંથી ટ્રોલી લઈ લીધી. સાથેના લોકોને લડવા લાગ્યા. મેં તેમને સમજાવ્યા કે આ તો હું જાતે જ ટ્રોલી ખેંચતો હતો. કોઈનો દોષ નથી. તમે કોઈ કાર્યક્રમમાં આમંત્રિત થઈને જાવ અને જો બોલાવનારના વર્તનમાં ઉમળકો કે અહોભાવ ન દેખાય તો સમજવું કે તમે ભૂલ કરી છે. કોઈ મનહૂસ કે મુંજી માણસના ત્યાં દુઃખી થવા તમે ગયા છો. લોકોએ માન-પાનની ઇચ્છા ન રાખવી જોઈએ તેવું અમે બધા સમજાવીએ છીએ. પણ ખરી વાત એ છે કે આવું સમજાવનારા પોતાનું સામૈયું મોટાં મોટાં બૅન્ડવાજાંથી કરાવતા હોય છે. પૂછે છે કે આના પહેલાં કયું બૅન્ડ મંગાવ્યું હતું? અમારું સામૈયું તેના કરતાં પણ વધુ સારા બૅન્ડથી કરજો. બને તો બે-ત્રણ બૅન્ડો લાવજો. માન-પાન સૌને ગમે છે. ઉપેક્ષા કોઈને નથી ગમતી. મહેશભાઈનો ઉમળકો જોઈને અમારું સૌનું હૃદય લાગણીથી ભરાઈ આવ્યું. કદાચ કોઈ જગ્યાએ ઉમળકાની જગ્યાએ ઉપેક્ષા દેખાય

તોપણ તેને પચાવી લેવી. કાર્યક્રમ બગાડવો નહિ. હસતા મોઢે બધું પાર પાડીને વિદાય થવું એ સહનશક્તિભર્યું ડહાપણ છે.

અમે બધા જીપોમાં ગોઠવાયા. હજી પાછળ આવનારી ટ્રેનમાં બીજા કાર્યકર્તાઓ આવી રહ્યા છે તેમને લઈને પછી ચાલીએ તેવું મહેશભાઈનું કથન છે. અમારી પાસે સમય છે, મારે લઘુશંકા કરવી છે. વહેલી આવેલી ટ્રેનમાં સમય જ નથી મળ્યો. શક્તિસિંહને તપાસ કરવા મોકલ્યા. ઘણી વારે તેઓ આવ્યા. તેમણે કહ્યું કે અહીં બહાર તો તેવી વ્યવસ્થા નથી પણ ફરી પાછા અંદર જઈએ તો અંદર વ્યવસ્થા છે. અમે તો હાથમાં ટિકિટ લઈને ચાલ્યા. ગયા સ્ટેશનની બહાર લાંબો પહોળો બહુ મોટો ઓટલો છે. તેના ઉપર સેંકડો નહિ હજારો માણસો સૂતાં છે. પગ મૂકવાની પણ જગ્યા નથી. બધાં ગરીબ છે. મેલાં અને અપૂરતાં કપડાંમાંથી વાસ નીકળી રહી છે. કેટલાંક તો કશું જ ઓઢ્યા વિના ઉઘાડાં જ સૂતાં છે. હાય રે ગરીબી! અમે તો જેમ તેમ કરીને સૌને વટાવીને અંદર ગયા. અંદર પણ આવી જ દશા. લાંબું ચાલીને અમે પે એન્ડ યુઝવાળી જગ્યાએ પહોંચ્યા. રાહત થઈ, કુદરતી આવેગોનું શમન કરવાથી રાહત થાય છે. કુદરતી આવેગોને અવરોધીને શાંતિ ન પમાય. એક માણસ ઊભો હતો. હું સમજ્યો કે તે હરિજનભાઈ છે. મેં તેના હાથમાં દશ રૂપિયાની નોટ મૂકી. તે વિચારમાં જ પડી ગયો. આવી સાફ–સફાઈ કરનારને હંમેશાં કાંઈક આપવું જોઈએ. પછી ખબર પડી કે તે હરિજન નહિ–ગરીબ માણસ પોતાની વારીની રાહ જોતો હતો. આગળ પે એન્ડ યુઝનું બૂથ આવ્યું. ત્યાં ચાર્જ ભર્યો અને ફરી પાછા એ જ રસ્તે પાછા ફર્યા. બીજી ટ્રેન આવી ગઈ હતી. મહેશભાઈ જાતે જઈને બધાને લઈ આવ્યા અને બધા ગાડીઓમાં ગોઠવાયા. કાર્યકર્તાઓનું મન જીતવું હોય તો તમારા વ્યવહારમાં ઉષ્મા અને લાગણી હોવી જોઈએ. જો એ ન હોય તો કાર્યકર્તાઓને લુખ્ખાપણું લાગે. લુખ્ખાપણું કાર્યક્રમને ઠંડો અને ફિક્કો બનાવી દે. અમે તો બોધગયા જવા રવાના થયા. ગયાથી બોધગયા. ચૌદ કિ.મી. દૂર છે. રસ્તા સારા નથી. આ જંકશન ઉપર પ્રતિવર્ષ વિદેશથી હજારો તીર્થયાત્રીઓ આવે છે. તેમના ઉપર સારી અસર પડે તે માટે પણ અહીંના રસ્તા સારા રાખવા જોઈએ. હજી સૂર્યોદય થયો નથી. રસ્તામાં પુષ્કળ પેડલ રિક્ષાઓ ઊભી છે. ઘણા તો રિક્ષામાં જ ટૂંટિયું વાળીને સૂઈ ગયા છે. હમણાં દિવસ ઊગશે. આ બધા જાગશે અને સ્ટેશન ઉપર બુમરાણ મચાવશે. અહીં જેને કોઈ નોકરી–ધંધો ન મળે તે રિક્ષા ચલાવતો થઈ જાય છે. રિક્ષાનો માલિક જુદો. રોજેરોજનું ભાડું આપી દેવાનું. પછી વધે તે તમારા હા, કદાચ દાળ–રોટી નીકળી જાય. વળી પાછું વ્યસન તો ખરું જ. બાળબચ્ચાં કેમ જીવતાં હશે? ગયાની પ્રસિદ્ધિ શ્રાદ્ધવિધિ માટે છે. બધા ગુજરાતીઓના ગોર હાથીવાળા પંડિત છે. તે મળ્યા. મેં સમજાવ્યું કે અમે શ્રાદ્ધ કરાવવા નથી આવ્યા. માંડ પીછો છોડાવ્યો. રોડની બંને તરફ ઝૂંપડાં જેવાં મકાનો છે. કોઈ નવું મકાન થયું દેખાતું નથી. અંતે અમે બોધગયા પહોંચી ગયા. અમારો ઉતારો એક મોટી હોટલમાં રાખેલો છે. આ હોટલમાં બધા ડૉક્ટરો વગેરેને પણ ઉતાર્યા છે. આખી હોટલ બુક કરી દીધી છે. મહિને અઢી લાખ રૂપિયા આપવાના છે. હોટલની માલિક એક બહેન છે. તેની પાસે પોતાનો પૈસો હતો. તેણે આજીવિકા માટે આ હોટલ બાંધી. તે પાછી વિનોબાના આશ્રમ–સમન્વય આશ્રમ સાથે પણ સંકળાયેલી છે. તેથી શ્રી મહેશભાઈની પરિચિત છે. અમે બધા નહાવા–ધોવાના કામમાં લાગી ગયા.

31–10–09

*

# 3. મહેશભાઈ

શ્રી મહેશભાઈ ભણસાલીની કથા પણ પ્રેરણાદાયી છે. તેઓ જન્મથી જૈનવણિક છે. કૉલેજમાં એન્જિનિયરિંગની પરીક્ષા પાસ કર્યા પછી તેમને સાધુદીક્ષા લેવાની ઇચ્છા થઈ. જૈનો દીક્ષાને જીવનની સર્વોચ્ચ ધન્યતા માને છે. બાળક હોય, યુવાન હોય કે વૃદ્ધ હોય, ગરીબ હોય, મધ્યમ હોય કે રાજા–મહારાજા હોય સૌની ધન્યતા દીક્ષા લઈ લેવામાં છે. કારણ કે દીક્ષા વિના મોક્ષ મળે જ નહિ અને મોક્ષ મેળવી લેવો એ જ માનવજીવનનું મુખ્ય લક્ષ્ય છે. 84 લાખ યોનિઓ ભટકી ભટકીને જીવાત્મા માનવદેહમાં આવે છે. જો મોક્ષ ન મેળવી લેવાય તો ફરી પાછો જીવાત્મા ભટકતો થઈ જાય. અનંતકાળથી આવું ચાલ્યું આવે છે. એટલે બધું છોડીને દીક્ષા લઈ લેવી તેવું સાધુ–સાધ્વીઓ સમજાવતી રહે છે. કુમળા મગજનાં બાળકો ઉપર આની તીવ્ર અસર થાય છે. મહેશભાઈની ઉપર પણ આવી જ અસર થઈ. તેમણે દીક્ષા લેવાનો નિર્ધાર કર્યો. પણ 'સત્યના પ્રયોગો' પુસ્તક તેમના હાથમાં આવ્યું. તે બહુ પ્રભાવિત થયા. તેમણે દીક્ષાનો વિચાર માંડીવાળ્યો અને સેવાની દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. ગાંધીજી, જૈન વિચારોથી બહુ નજીક છે. એટલે જૈનોને તે વધુ પચે છે. પણ સેવા કરવી કેવી રીતે? ભરયુવાનીમાં મહેશભાઈએ નક્કી કર્યું કે જો મારે સેવા કરવી હોય તો લગ્ન ન કરવાં જોઈએ. કેવી પત્ની મળે તે કહેવાય નહિ, કદાચ અનુકૂળ ન થાય તો ઘરમાં કંકાસ થાય. તેના કરતાં લગ્ન જ ન કરવાં જેથી ઘર–વિખવાદનો પ્રશ્ન જ ન રહે.

બધી રીતે અનુકૂળ પત્ની ભાગ્યે જ કોકને મળતી હોય છે. પ્રતિકૂળ પત્ની સાથે સમર્થ પુરુષ પણ હારી જતો હોય છે. પત્નીથી હારેલા પુરુષો ઘરગુલામ થઈને જીવન જીવતા હોય છે. તેમનું કશું ચાલતું નથી હોતું. બધું પેલીનું જ ચાલતું હોય છે. આવી ઘરગુલામી ભોગવવી તેના કરતાં અવિવાહિત રહેવું સારું. એટલે તો હનુમાન પરણ્યા ન હતા. પરણીને પછી પત્નીનો ત્યાગ કરી મોક્ષમાર્ગે જવું તે સારું ન કહેવાય. પત્નીને દગો દીધો કહેવાય. તેના કરતાં પરણવું જ નહિ તે સારું. બીજો નિર્ણય એ કર્યો કે મારે સેવા તો કરવી પણ પરોપજીવી કે પરાવલંબી જીવન ન જીવવું. લગભગ બધા જ દીક્ષા લઈને મોક્ષ માર્ગે ચાલનારા પરાવલંબી જીવન જીવતા હોય છે. તેઓ રોજ પારકા ઘરેથી ભિક્ષા લાવતા હોય છે. તેમનો બધો ખર્ચો સમાજ ઉપાડતો હોય છે. "પારકા રોટલે ભગવાન ન મળે." જે પોતાના હકનો રોટલો ખાય તેને જ ભગવાન મળે. આવી દૃઢ ભાવનાથી પરિવારને વાત કરી કે આપણે જે હીરા વગેરેનો વ્યાપાર કરીએ છીએ, તેમાં મારો ભાગ છે તે તમારે ચાલુ રાખવો. મારા ભાગનો નફો હું સેવાકાર્યમાં વાપરી નાખીશ તેમાં તેમને વાંધો હોવો જોઈએ નહિ. પરિવાર સંમત થયો. પરિવારની સંમતિથી કામ થાય તો સફળતા સરળ થઈ જાય. હવે શું કરવું? ત્યારે દુષ્કાળ પડેલો. માણસો અને ઢોર પગ ઘસી ઘસીને મરતાં હતાં. વાણિયાના આ જુવાન છોકરાએ આ કામ ઉપડી લીધું. ગામેગામે ઢોરવાડા ખોલ્યા. સેવાપ્રવૃત્તિ એવી હોય કે જેમાં લોકોને શ્રદ્ધા હોય તો લોકસહકાર વધુ મળી રહે. જૈનો મુખ્યતઃ જીવદયાવાદી. જીવદયાનું કામ તેમને વધુ ગમે. બીજી તરફ વ્યાપારી તરીકેનું ભણસાલી કુટુમ્બનું ક્ષેત્ર મોટું. લોકોને લાગ્યું કે અહીં પૂરી સચ્ચાઈથી કામ થાય છે. એટલે દાનનો પ્રવાહ વધવા લાગ્યો. દાતાઓ પણ સત્યની અપેક્ષા તો રાખતા જ હોય છે. દિનપ્રતિદિન પ્રવૃત્તિ વધતી ગઈ. પ્રવૃત્તિ વધી એટલે આવક પણ વધી. હવે તો નેત્રયજ્ઞો અને આંગણવાડીઓ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ થવા લાગી.

બન્યું એવું કે ત્યારે બિહારમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો. અહીંની ગરીબ પ્રજા વધુ ગરીબ થઈને ભૂખે મરી રહી હતી. વિનોબા ભાવે ત્યારે અહીં બિહારમાં આ જ બોધગયામાં 'સમન્વય આશ્રમ' બનાવીને રહેતા હતા. શ્રી મહેશભાઈ તેમની પાસેથી પ્રેરણા લેવા અહીં આવ્યા. સામેના માણસે વિનોબાને પરિચય આપ્યો કે આ વાણિયાભાઈ બનાસકાંઠાના છે અને સેવાની પ્રવૃત્તિ કરે છે. વિનોબા ચમક્યા. સામાન્ય રીતે વાણિયાલોકોની જનરલ છાપ સારી નહિ. ભલે તેઓ પોતાને ગમે તેવા ધર્માત્મા સમજતા હોય પણ લોકમુખે જે બોલાય તે ગૌરવભર્યું ન બોલાય. તેમાં પણ માનવતાની તો જાણે વાત જ નહિ. વિનોબાએ મહેશભાઈને ટોન્ટ માર્યો.

"વાણિયા, એરણકી ચોરી કરી સૂઈ કા દે દે દાન" જેવી સેવા તો નથી કરતા ને? મહેશભાઈએ જવાબ આપ્યો કે અત્યારે સૂઈ કા દાન જેવું કરું છું. હજી એરણની ચોરી તો નથી કરી. ભવિષ્યમાં જે થાય તે ભગવાન જાણે.

મહેશભાઈએ તે સમયે બિહારના દુષ્કાળમાં ઝંપલાવ્યું. ગુજરાતમાંથી બે લાખ રૂપિયા લઈને આવ્યા હતા અને કાર્ય કરવા લાગ્યા. ત્યારે બે લાખ, બે કરોડ જેવા ગણાતા. સેવાના માધ્યમથી લોકસંપર્કમાં આવ્યા. લોકસંપર્કથી લોકોના પ્રશ્નો સમજવા લાગ્યા. તેમણે જોયું કે માત્ર

ભૂખમરો જ અહીંનો પ્રશ્ન નથી. અંધાપો પણ મોટો પ્રશ્ન છે. લોકો આંધળા થઈને પાછલી જિંદગી વધુ ને વધુ લાચારીમાં જીવન જીવતા થઈ જતા હોય છે. તેમણે આજથી 27 વર્ષ પૂર્વે પ્રથમ નેત્રયજ્ઞ શરૂ કર્યો. બાવીસ સો ઓપરેશન થયાં. પછી તો વાત બરાબર જામી. દર વર્ષે આવા કેમ્પો થવા લાગ્યા. સંખ્યા વધતી ચાલી. આ વર્ષે એકત્રીસ હજાર ઓપરેશનો થવાનાં છે. લગભગ એક મહિનો સતત કેમ્પ ચાલતો રહેશે. રોજનાં ત્રણ હજાર દરદીઓ આવે છે. ત્રણ હજાર બરદાસીઓ મળીને છ હજાર માણસોને ચા-પાણી, નાસ્તો, જમવાનું, સૂવાનું બધી જ સગવડો પૂરી પડાય છે.

વાત આટલેથી અટકતી નથી. જુનવાણી જૈન સમાજ અકળાયો. મોટા-મોટા મુનિઓ સુધી વાત પહોંચી. આ તો મહા અનર્થ થઈ રહ્યો છે. એક ગચ્છના અધિપતિ આચાર્યે મહેશભાઈને રૂબરૂ બોલાવ્યા અને ધમકાવ્યા. “નરકમાં જવું છે? સૌથી વધુ પાપ માણસ આંખથી કરે છે, ને તું નવી આંખો આપી લોકોને દેખતા કરે છે? હવે એ જે પાપ કરશે તે તને લાગશે, નરકે જઈશ, નરકે” આચાર્ય મહારાજે બળાપો કાઢ્યો. જે ધર્મો માનવતાવાદી નથી હોતા તેમાં મુખ્ય કારણ તો તેમના મોટા ધર્મગુરુઓ જ હોય છે. તેઓ ધર્મની વ્યાખ્યા જ એવી કરે છે કે તેમાં બીજું બધું તો હોય પણ માનવતા ન હોય. આચાર્યશ્રીની વાત સાંભળીને નમ્રભાવે મહેશભાઈ બોલ્યાઃ “જો સાહેબ, એવું જ હોય તો પછી જન્મતાં જ બધાં બાળકોની આંખો ફોડી નાખવી જોઈએ. કારણ કે મોટા થઈને તે બધાં આંખોનું મહાપાપ કરશે. માટે બધાંને આંધળાં બનાવી દેવાં એ મહાપુણ્યનું કામ કહી શકાય.”

મહારાજશ્રી વધુ છંછેડાયા. પગે લાગીને મહેશભાઈ પાછા આવી ગયા. તેમની મક્કમતા ડગી નહિ. તેમણે સેવાનો માર્ગ છોડ્યો નહિ ઊલટાનો વધુ મક્કમતાથી ગ્રહણ કર્યો.

સેવાના માર્ગમાં ત્રણ મોટા ભય છે. 1. આવેલી રકમમાં ઘાલમેલ કરવી. 2. પારકે પૈસે પોતાનો જયજયકાર કરવાની વૃત્તિ થવી અને 3. અહંકાર થવો. મને લાગે છે કે આ ત્રણે દોષોથી મહેશભાઈ મુક્ત છે. હવે કામ જોઈને ઘણા દાતાઓ આ તરફ વળ્યા છે. દાતાઓ કામ, વહીવટ અને વ્યક્તિને જોઈને દાન કરતા હોય છે. તેમાં પણ વાણિયા તો ફૂંકી ફૂંકીને પગ મૂકનારી પ્રજા કહેવાય. તે કદી આંધળૂકિયાં ન કરે. ઘાલમેલ વિનાનો સારો વહીવટ હોય તો જ દાતાઓ પ્રસન્ન થઈને આપતા રહે.

મને વહીવટ સારો અને પારદર્શી દેખાયો છે. બીજું, પ્રતિવર્ષ આ ટ્રસ્ટ કરોડો રૂપિયા વાપરે છે. પણ મેં ક્યાંય શ્રી મહેશભાઈનો ફોટો ન જોયો. મોટા ભાગે અમે સાધુ-સંતો વગેરે આવાં માનવતાવાદી કાર્યો કરતા નથી. પણ કદાચ થોડાંઘણાં કરીએ તોપણ અમારા મોટા મોટા ફોટાઓ જગ્યા જગ્યાએ મૂક્યા જ હોય. મારે ત્યાં કચરાની ટોપલીમાં ફેંકી દેવાં પડે તેવાં ધાર્મિક સામયિકો આવે છે તેમાં માત્ર પોતાના જ સમાચારો હોય ત્યાં સુધી તો ઠીક પણ પ્રત્યેક સામયિકમાં પોતાના 10-12-15 ફોટા છાપેલા જ હોય. પ્રશ્ન એ થાય કે આવા પોતાના જ ફોટા છાપવા પાછળ શું હેતુ છે? આમ વાત કરે કે હું દેહ નથી, આત્મા છું. પણ ફોટા તો દેહના જ હોય. કેટલાક ફોટા તો ઊલટી થઈ જાય તેવા હોય. કેટલાક લોકો પોતાના નામ આગળ કે પાછળ કાલ્પનિક લાંબી-લાંબી ઉપાધિઓ લખતા રહે છે. 108, 1008, 1108 લખનારા તો ઘણા હોય છે. એક બ્રહ્મજ્ઞાની કહેવાતા પુરુષે તો પોતાને 100008 લખવા માંડ્યું. મેં પૂછ્યું કે આનો શો અર્થ તો કહે કે અર્થ-અનર્થથી પરની દશા બતાવનારી આ ડિગ્રી છે. ઘણા પોતાને જગદ્ગુરુ લખતા રહે છે. આ બધી સામાન્ય વાતો છે. લોકોને કોઠે પડી ગઈ છે.

પણ ખરા સંતોને જોજો. તે નરસૈયો, તુકો, કબીરો, એકા, નામા આવાં તુચ્છ નામો લખતા રહ્યા છે. પોતાની તુચ્છતાનો સ્વીકાર અને પ્રદર્શન કરીને જ કોઈ સંત થઈ શકે. પોતાના દ્વારા કે પછી પોતાના ભક્તોના દ્વારા પોતાનો મહિમા વધારવાના પ્રયત્નો કરીને સંત ન થવાય. શ્રી મહેશભાઈનું મેં ક્યાંય ચિત્ર ન જોયું. ન કોઈ અતિરેકભર્યું નામ જોયું, ના તેવી ભાવના જોઈ. તદ્દન સરળ-સહજ જીવન જીવતા માણસ. અરે, એક રાત્રે એક નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી. 67 વર્ષનો દીકરો આવ્યો. મહેશભાઈને 67 વર્ષ થયાં છે. તેમણે દીકરાનું પાત્ર ભજવ્યું. કાર્યકર્તાઓમાંથી કોઈ માતા બની, કોઈ પિતા બન્યા. કોઈએ બીજાં પાત્રો ભજવ્યાં. 67 વર્ષના દીકરાને સૂવા માટે મોટું પારણું બનાવ્યું. સૌની સામે નાટક ભજવાયું. લોકો ખુશ ખુશ થઈ ગયા. આટલી સરળતા કે સહજતા ભાગ્યે જ કોઈ મોટા શેઠમાં જોવા મળે. શેઠને તો તોબરો ચઢેલું મોઢું રાખવું જ પડે. તેમનાથી હસાય નહિ, વધુ બોલાય નહિ, એવી ગંભીરતા. જે સહજ જીવનને મારી નાખતી હોય છે. આવો મનહૂસ દેખાવ હોય. પણ આ તો ખરેખર નાનો બાળક હોય તેવું જ વર્તન કરે એટલે હું કહું છું કે મારાથી આ બધું થઈ રહ્યું છે તેવો અહંભાવ જરાય જોવા ન મળે. ગુજરાતથી ડૉક્ટરો અને કાર્યકર્તાઓનો લગભગ 500 માણસોનો સ્ટાફ અહીં

આવે છે અને સેવા કરે છે પણ બધાની સાથે પૂરેપૂરી આત્મીયતાથી વ્યવહાર અને વર્તાવ થાય છે તે મેં જોયું. કાર્યકર્તાઓનાં મન જીતવાં એ બહુ અઘરું કામ છે. તે જીત્યા વિના મોટી સેવાપ્રવૃત્તિ લાંબો સમય ચલાવી શકાય નહિ. સત્તાવીશ વર્ષથી અહીં આ કૅમ્પ ચાલે છે તે નાનીસૂની વાત ન કહેવાય. ત્રીસ ત્રીસ વર્ષ જૂના માણસો કામ કરી રહ્યા છે. જેમાં જૈનો ઓછા દેખાય છે. પણ બાકીની બધી કોમો અને ધર્મોના માણસો છે. મુસલમાન પણ છે.

શ્રી મહેશભાઈને મેં કદી ધર્મોપદેશ આપતા સાંભળ્યા નથી. પ્રવૃત્તિ એ જ ધર્મોપદેશ. પૂરા કૅમ્પનો ખર્ચો બે કરોડ અને વીસ લાખ રૂપિયા થવાનો છે. મેં શક્તિસિંહને કહ્યું કે આપણને કોઈ આટલા રૂપિયા આપી દે તોપણ વહીવટ કરતાં ના આવડે. એક નાનો સરખો આશ્રમ ચલાવી શકાતો નથી. તો આ વહીવટ તો કરી જ ના શકાય. મગજ ખરાબ થઈ જાય. કેટલાક માણસો જન્મજાત મોટા હોય છે. કદાચ શરૂઆતમાં તે નાના દેખાય પણ સમય આવતાં તે મોટો વડ થવાના જ. મોટાં કામ કરવા જ તે જન્મ્યા હોય છે. તે સ્વયંભૂ મોટા થઈ જતા હોય છે. ઘણા અનુભવો પછી લખું છું કે પ્રયત્નો કરીને પણ નાના માણસોને મોટા બનાવી શકાતા નથી. તે નાના છે અને નાના જ રહેવા જન્મ્યા છે. આનો અર્થ ગરીબાઈ–શ્રીમંતાઈ સાથે નથી. તેમ જ ન્યાત–જાત સાથે પણ નથી. માણસ ભલે ગરીબ હોય, અભણ હોય પણ તેના અંદરમાં મોટા થવાનું સામર્થ્ય બીજરૂપથી પહેલેથી જ પડેલું હોય તો જ તે મોટો થઈ શકે, બાકી નહિ. તૈયાર ગાદીએ ચઢી બેસનારા દીકરાઓ, ભત્રીજાઓ કે ભત્રીજીઓ ભલે મોટી ગાદીથી મોટા દેખાય પણ તે ખરેખર મોટા હોતા નથી. તે જન્મજાત વામન હશે તો વામન જ રહેવાના. મેં ઈશ્વરનો આભાર માન્યો કે સારું થયું આ માણસે સાધુદીક્ષા ન લીધી. કદાચ લીધી હોત તો જીવનભર પારકા રોટલા ખાઈ–ખાઈને બહુ બહુ તો મોક્ષ મેળવ્યો હોત. પણ એવા મોક્ષને શું કરવાનો જે બીજાનાં દુઃખો દૂર કરવાના કામમાં ન આવે.

31–10–09

*

# 4. કેમ્પમાં

સ્નાનાદિથી પરવારીને અમે કેમ્પ જોવા નીકળ્યા છીએ. વિનોબાજીએ અહીં સમન્વય આશ્રમની સ્થાપના કરી હતી. પહેલાં અમે ત્યાં ગયા. આ નેત્રયજ્ઞ પ્રવૃત્તિનું આ આશ્રમકેન્દ્ર છે. તેના દ્વારા બધી પ્રવૃત્તિ થઈ રહી છે. મને લાગે છે કે પહેલાં ઋષિમુનિઓના આશ્રમ રહેતા. જ્યાં વિદ્યાધ્યયનની પ્રવૃત્તિ થતી. અનેક વિદ્યાર્થીઓને સાથે રાખીને ઋષિઓ અધ્યાપન કરતા. તેમની પત્નીઓ પૂરક બનતી. ઋષિઓ જીવનને સ્પર્શતા બધા વિષયોનું જ્ઞાન રાખતા અને ભણાવતા. અધ્યાત્મવિદ્યાની સાથે સંસારવિદ્યા પણ ખરી. તેઓ ગૃહત્યાગી કે સંસારત્યાગી ન હતા. ધર્મ, અર્થ કામ અને મોક્ષ એમ ચારેચાર પુરુષાર્થોનો સમન્વય કરીને ચાલતા હતા.

તેમના પછી બૌદ્ધો આવ્યા. તેમણે વિહાર બનાવ્યા. જેમાં સેંકડોની સંખ્યામાં ભિક્ષુઓ રહેતા. આ બધા માત્ર નિર્વાણની જ સાધના કરતા. તેઓ ગૃહત્યાગી, પત્નીત્યાગી અને સંસારત્યાગી રહેતા. પૂરું બિહાર 'વિહાર' થઈ ગયું હતું. વિહારોમાં પણ અધ્યયન ચાલતું પણ તે માત્ર નિર્વાણલક્ષી. તેમના પછી સંન્યાસીઓ આવ્યા. તેમણે મઠો બનાવ્યા. મઠોમાં પણ બ્રહ્મસાક્ષાત્કાર અને મોક્ષની પ્રધાન પ્રવૃત્તિ રહેતી, તે પછી વૈષ્ણવો આવ્યા. તેમણે ઠાકુરજીને સર્વોચ્ચ મહત્ત્વ આપ્યું. ઠાકુરજીને છપ્પન ભોગથી માંડીને સ્નાન–શયનની ભવ્યાતિભવ્ય વિધિઓ પ્રગટાવી. લોકોને ગમી, લોકો ભક્તિમાં તરબોળ થઈ ગયા. મંદિરોની જાહોજલાલી રાજદરબાર જેવી વધવા લાગી. આ બધાં મંદિરો વંશપરંપરાગત વારસદારોના હાથમાં આવતાં રહ્યાં અને વારસદારોને ભવ્યાતિભવ્ય વૈભવ–સમૃદ્ધિ આપતાં રહ્યાં.

ભારતની પ્રજા ભલે કંગાળ રહી હોય પણ મંદિરો કે દેરાસરો કંગાળ રહ્યાં નથી. તેઓ તો સોના–ચાંદીથી ધમધમતાં રહ્યાં. તેની ગંધ ભારત બહાર વસતા વિધર્મીઓને આવી. સોનું કદી ગંધ વિનાનું હોતું નથી. જમીનમાં દાટો તોપણ ગંધ આવે તો આ તો રોજેરોજ પ્રદર્શિત થતું સોનું હતું. ભગવાનને રોજે રોજ નવા નવા મુગટો, નવાં આભૂષણો ધરાવાતાં, આ ઝાકમઝોળ જોવા સૌથી વધુ પેલા દરિદ્રો–કંગાળો જ આવતા, તે પોતાને ધન્ય ધન્ય માનતા કે તેમણે ભગવાનનાં દર્શન કર્યાં. સોનાની ગંધથી વિદેશથી વિધર્મીઓ આવ્યા. તેમણે માત્ર સોનું લૂંટીને જ સંતોષ ન માન્યો, પણ પ્રતિમાઓના અને મંદિરોના પણ ટુકડા કર્યા. સદીઓ સુધી ભયંકર વિધ્વંસ ચાલ્યો. જેની નિશાની તરીકે આજે પણ હજારો ખંડેરો જગ્યા જગ્યાએ પડ્યાં પડ્યાં રડી રહ્યાં છે. આ બધા વિહારો મઠો, મંદિરો, દેરાસરો વગેરેમાં ક્યાંય ગરીબો માટે કશી યોજના ન રહેતી. તેમને અસ્પૃશ્ય ગણીને દૂર રખાતા. બને તો તેમની છાયા પણ ન પડી જાય તેવા પ્રયત્નો થતા. આને પવિત્રતા મનાતી. ધર્મસ્થાનો પવિત્ર રાખવાં જોઈએ. તેથી અપવિત્ર માણસોને દૂર રાખવાં જરૂરી હોય. ધર્મપ્રવૃત્તિ ઉપરના વર્ગ પૂરતી જ રહી ગઈ.

પછી ગાંધીજી આવ્યા. તેમણે પણ આશ્રમો બનાવ્યા. કોચરબમાં, સાબરમતીમાં, વર્ધામાં વગેરે અનેક જગ્યામાં. ત્યાં ભગવાન તો ખરા પણ કોઈ મૂર્તિ નહિ. ત્યાં પ્રાર્થના તો ખરી પણ કોઈ કર્મકાંડ નહિ, કોઈ બાળભોગ કે રાજભોગ નહિ. ત્યાં સોનાનાં શિખર કે છપ્પન ગજની ધજા નહિ. ત્યાં તદ્દન સાદાઈથી રહેનારા કાર્યકર્તાઓ, જે સતત સેવાપ્રવૃત્તિમાં રચ્યા–પચ્યા રહે. ત્યાં સમાજના છેલ્લામાં છેલ્લા માણસને પ્રવેશ મળે. તેને અછૂત નહિ માનવ સમજવામાં આવે અને માનવતાનું ગૌરવ મળે. ત્યાં મોક્ષની બહુ મહત્તા નહિ. સેવાની મહત્તા. "જનસેવા એ જ પ્રભુસેવા"નું સૂત્ર ગાજતું થયું. ત્યાં કોઈ ગાદીપતિ મહંત નહિ, ભંગી જેવાં સફાઈકામ કરનારા સેવકો રહે. મહેનત કરીને પોતાનાં જ બનાવેલાં જાડાં, બરછટ કપડાં પહેરે. આશ્રમોનું રૂપ બદલાઈ ગયું. અહીં કોઈ ભિક્ષુ, સાધુ, સાધ્વી, સ્વામી કે સ્વામિની નહિ. અહીં બધા સેવકો. સેવાને જ સર્વોચ્ચ સાધના માનીને સેવા કરતા રહે. આ આશ્રમક્રાન્તિ હતી. આ ગાંધીઆશ્રમોએ ધાર્મિક, સામાજિક, રાજકીય અને આર્થિક જબરદસ્ત કામો કર્યાં. તેમની ઉપયોગિતા પરલોકલક્ષી નહિ, આ લોકલક્ષી રહી.

ગાંધીજી તો ગયા પણ એક મોટા શિષ્ય મૂકતા ગયા. તે હતા વિનોબા ભાવે. ગાંધીજી ગુજરાતી વાણિયા અને વિનોબા મહારાષ્ટ્રિયન બ્રાહ્મણ. વિનોબાએઓ ભૂદાન–પ્રવૃત્તિ ચાલુ કરી. હજારો નહિ લાખો એકર જમીન દાનમાં લીધી અને ગરીબોમાં વહેંચી દીધી. મૂળ પ્રશ્ન હતો ગરીબોને જીવન આપવાનો. મોક્ષ આપવો સરળ છે. બસ દીક્ષા આપી દો, મોક્ષ મળી ગયો. કારણ કે કોઈ ખાતરી કરવા જતું નથી. જીવન આપવું જ અઘરું છે. કારણ કે તેની ખાતરી મંગાય છે. ગરીબોને, કંગાળોને, વિધવાઓને, અનાથોને, જીવન આપવાનું કામ કોઈએ ન કર્યું. સૌએ મોક્ષ જ મોક્ષની વાતો કરી, ગાંધીજી–વિનોબાએ જીવનની વાતો કરી અને જીવનને સાધના બનાવ્યું. આ એક નવી

વિચારધારા હતી. તેમાં ઘણી ત્રુટિઓ હતી જ. તોપણ પેલા બધાની તુલનામાં કલ્યાણકારી હતી. તેની સફળતાનું પ્રત્યક્ષ પ્રમાણ હતું. અહીંથી હજારોને નવું જીવન મળવા લાગ્યું. જોકે જે માન–પ્રતિષ્ઠા ભગવાં વસ્ત્રોને મળતી હતી તે કદી ખાદી વસ્ત્રોને ન મળી. કદાચ તેનું કારણ બીજી જ પેઢી રાજકારણમાં ગળાબૂડ ડૂબી ગઈ તે હોય. વસ્ત્ર નીચેનો માણસ પાછો હતો તેવો ને તેવો થઈ ગયો. ખાખી અને ખાદી બંને બદનામ થવા લાગ્યાં. પેલા આશ્રમો બહુ ઝડપથી ઠંડા પડી ગયા. પ્રવૃત્તિઓ અટકી ગઈ. કેટલાકમાં તો કાગડા પણ ઊડવા લાગ્યા અને ન થવાનું થવા લાગ્યું.

મને લાગે છે કે આનાં ત્રણ કારણો હોઈ શકે. 1. આ આશ્રમો શ્રદ્ધાનાં કેન્દ્ર ન હતાં. શ્રદ્ધામાં જે સાતત્ય રહે છે તે બીજી રીતે રહેતું નથી. 2. આ કેન્દ્રોની ઘણી પ્રવૃત્તિઓ સમયની સાથે અપ્રસ્તુત થતી ગઈ. સમયની સાથે જે પરિવર્તન લાવવું જોઈએ તે ન લાવી શકાયું અને 3. કાર્યકર્તાઓની પેઢીનો અસ્ત થઈ ગયો તે કહી શકાય. જે હોય તે, કેટલાંક વર્ષો સુધી તો આ આશ્રમોએ સારી સેવાપ્રવૃત્તિ કરી જ કહેવાય.

આ ‘સમન્વય આશ્રમ’ પણ કદાચ ઠંડો પડી ગયો હોત પણ તેને મહેશભાઈ મળ્યા. અહીંના સંચાલક દ્વારકોબા વર્ષોથી આશ્રમ સંભાળે છે પણ પૂર્વે કહ્યું તેમ આ આશ્રમો શ્રદ્ધાનાં કેન્દ્રો ના હોવાથી નથી તો પ્રજા રસ લેતી કે નથી કશી આવક થતી. આશ્રમ કેમ ચલાવવો એ જ મોટો પ્રશ્ન રહ્યા કરતો હોય છે. ગુજરાતથી મહેશભાઈ 27 વર્ષ ઉપર બે લાખ રૂપિયા લઈને આવ્યા અને દુષ્કાળનિવારણનું કાર્ય શરૂ કર્યું. આશ્રમ ગરમ થયો, ધમધમતો થયો અને હવે તો પ્રતિ વર્ષ હજારો ઓપરેશન કરીને લોકોને દેખતા કરવાનું મહાન કાર્ય થઈ રહ્યું છે. તેથી આશ્રમ દીપી ઊઠ્યો છે.

હું સમન્વય આશ્રમમાં બેઠો છું અને દરદીઓની મોટી ભીડને જોઈ રહ્યો છું. જીવતીજાગતી ગરીબી. ગુજરાતમાં પણ આવી ભીડ હોઈ શકે. પણ આટલી બધી ગરીબી તો ન હોય. દરદીઓમાં મોટા ભાગે ભુંઈયા અર્થાત્ મુશહર કોમના લોકો છે. ભારતમાં હજારો કોમો છે, બિહારમાં તેથી પણ વધારે છે. ફરક એટલો કે બીજે હવે ધીરેધીરે બધી કોમો શિથિલ થઈને એકબીજાની નજીક આવી રહી છે, જ્યારે બિહારમાં બધી કોમો વધુ દૃઢ થઈને એકબીજાથી દૂર ખસી રહી છે. મુખ્ય કારણ તો રાજકારણ જ છે. અહીંની ઘણી કોમોએ પોત–પોતાની સેના બનાવી દીધી છે. આ સેનાઓ પરસ્પરમાં લડતી–ઝઘડતી રહે છે. અહીં ગુજરાતની માફક માત્ર વાણીની લડાઈ નથી થતી. બધો રોકડિયો હિસાબ બતાવી દેવાય છે. હા, અહીં જ બુદ્ધ અને મહાવીરે અહિંસાનો ઉપદેશ આપ્યો હતો પણ અહીં તેમનો જરાય પ્રભાવ દેખાતો નથી.

મુશહર કોમને પણ સમજવા જેવી છે. આ લોકો વણકર, ચમાર કે ભંગી નથી તેમ છતાં તેમના કરતાં પણ વધુ દલિત છે. કારણ કે આમનો મુખ્ય ખોરાક ઉંદર છે. ભૂખે મરતી આ પ્રજા કાંઈ ન મળે તો ઉંદર ખાય છે. પછી તો ઉંદર જ તેમનો મુખ્ય ખોરાક થઈ ગયો છે. બિલાડી જે કુશળતાથી ઉંદરને ઝડપી પાડે તે કુશળતાથી આ લોકો, અરે, તેમનું છોકરું પણ ઉંદરને ઝડપી પાડે છે, બિલાડી કદાચ ચૂકી જાય પણ આ લોકો ન ચૂકે. જે ઉંદરો ભેગા થયા હોય તેને પછી અગ્નિમાં શેકે અને પછી ખાય. આમ જુઓ તો ઉંદરોનો નાશ કરવામાં તેઓ મહત્ત્વનો ફાળો આપે છે. પણ તેમના પ્રત્યે તીવ્ર ઘૃણા થવામાં આહાર પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ લોકો મોતિયો ઉતારવાને ‘આંખ કી સફાઈ’ બોલે છે. યહાં આંખ કી સફાઈ કરતે હૈં એવું બોલે છે. 62 વર્ષની આઝાદી પછી પણ આ લોકોમાં બહુ પરિવર્તન થયું નથી. મોટા ભાગે આ લોકો રામવિલાસ પાસવાનની પાર્ટીના સમર્થક મનાય છે. પાસવાનની કોમ પણ આ લોકોને મળતી છે. પાસવાન એટલે પાસ નાખનાર, અર્થાત્ પક્ષીઓને પકડનારા શિકારીઓ–પારધીઓ. કોમ અને રાજકીય પક્ષના કારણે આ લોકો પ્રત્યે ઘૃણા હોવાથી સ્થાનિક લોકો આ કાર્યક્રમમાં રસ લેતા દેખાતા નથી. બધું જ ગુજરાતીઓ કરી રહ્યા છે. કેટલાક સાધુ–મુનિઓ આને કુપાત્ર દાન માને છે. “સાલોં કો મરને દેના ચાહિયે.” આવું વલણ પણ ધરાવે છે.

સમન્વય આશ્રમવાળાએ એટલે કે ભણસાલી ટ્રસ્ટે માત્ર ચાર જ મહિનામાં નેત્રની મોટી હૉસ્પિટલ બાંધી દીધી છે. કારણ કે તો જ સરકાર આ પ્રવૃત્તિને માન્યતા આપવા તૈયાર હતી. તેના એક મોટા હોલમાં ડૉક્ટરોની મિટિંગ થઈ. હું પણ ગયો. સૌએ પોતપોતાનો પરિચય આપ્યો. કેટલાક ત્રણ–ચાર વર્ષથી તો કેટલાક 10–20 વર્ષોથી નિયમિત રીતે પોતાની પ્રવૃત્તિ રોકીને અહીં આવે છે અને સેવા કરે છે. ડૉક્ટરોમાં સ્વીડનથી બે ડૉક્ટર બહેનો પણ આવી છે તે છેલ્લા ત્રણ–ચાર વર્ષથી આવતી થઈ છે. મેં જ્યારે કહ્યું કે મેં સ્વીડનની મુલાકાત લીધી છે, ત્યારે તે ખુશ થઈ. સ્વીડન સમૃદ્ધ, સુખી દેશ છે, તેનું સ્ટાન્ડર્ડ ઘણું ઊંચું છે જે રીતે અહીં ઓપરેશનો થાય છે તેવી

કલ્પના પણ તેઓ ન કરી શકે. પણ બંને ખૂબ પ્રેમથી સેવા કરે છે. એક બહેન માત્ર આવવા–જવાનું ભાડું લે છે. બાકી કાંઈ નહિ. મિટિંગ પૂરી થઈ. આ વર્ષે અહીં 31000 ઓપરેશનો થવાનાં છે. રોજનાં એક હજાર ઓપરેશનો. આજે પહેલો દિવસ છે. અમે દીપ પ્રગટાવ્યો. ભગવાનનો કોઈ ફોટો ન હતો. દીપ પોતે જ ભગવાન હતો. દીપને પ્રગટાવવો, તેમાં વારંવાર તેલ પૂરવું. વા–વંટોળથી તેને બચાવવો, વાટ સંકોરવી અને સતત પ્રાકટ્ય રાખવું એ સરળ કામ નથી. ઘણા દીપો પ્રગટીને અકાળે બુઝાઈ જતા હોય છે. પ્રગટેલા દીપને સતત ચાલુ રાખે તેને વારસદાર કહેવાય. માત્ર મિલકત મેળવે તે વારસદાર ન કહેવાય.

અમે કૅમ્પમાં થોડું ભ્રમણ કર્યું. ઉપર–ઉપરથી બધા વિભાગો જોયા. પછી સૌની સાથે જમ્યા. શ્રી મહેશભાઈ સુરતથી એક વિશેષજ્ઞ રસોઇયાને લઈ આવ્યા છે તે 500 ડૉક્ટરો તથા કાર્યકર્તાઓ માટે નવી નવી રસોઈ બનાવે છે. રોજનાં ત્રણેક હજાર દરદીઓ માટે જુદું રસોડું છે. ત્યાં દાળ–ભાત–શીરો–પૂરી થઈ રહ્યાં છે. સૌ કોઈ પોત–પોતાની થાળીમાં ત્રણ–ચાર ગુજરાતીઓ જમે તેટલું ભાણું લઈ જઈ રહ્યા છે. આ બ્રહ્મભોજન નથી, મુશહરભોજન છે. સેંકડો વર્ષો પછી આ લોકોને આવું પ્રેમથી ભરપેટ ભોજન આપતું દશ્ય જોવા મળ્યું છે. બાકી તો મતદાનના દિવસોમાં આમની કિંમત ઘણી વધી જાય છે. પણ તે એકાદ દિવસ પૂરતી જ. અમે હોટલે આવ્યા અને આરામ કર્યો.

2–11–09

*

# 5. મહાબોધિવિહાર–1

અમે બપોરનો આરામ કરી લીધો. કુટેવ કહો તો કુટેવ પણ મને જમ્યા પછી એકાદ કલાક આરામની જરૂર રહે છે. જો આરામ ન કરાય તો કશું કામ ન થઈ શકે. હવે અમારે બોધગયાનું પ્રસિદ્ધ મંદિર જોવા જવાનું છે. અમારી સાથે મણુંદના શ્રી મહેન્દ્રભાઈ પટેલ પણ જોડાયા છે. મહેન્દ્રભાઈ પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી મહેશભાઈના રંગે રંગાયા છે. "જો તુજ સંગે કોઈ વૈષ્ણવ ન થાયે તો તું વૈષ્ણવ કાચો" એવું એક ભજન છે. જો કુસંગનો રંગ લાગે તો સુસંગનો કેમ ન લાગે? અનેક ઊથલ–પાથલ અને પછડાટો પછી મહેન્દ્રભાઈ આ માર્ગે વળ્યા છે. કેટલાય ધંધા કર્યા અને છોડી દીધા, એમ કહો કે છોડી દેવા પડ્યા. હવે અમદાવાદમાં બિલ્ડરનું કામ કરે છે. તેમને પૈસો કમાતાં આવડે છે. (જે સૌને નથી આવડતું) તેમને પૈસો વાપરતાં પણ આવડે છે (જે સૌને નથી આવડતું.) શ્રી મહેશભાઈની માફક તેમને પણ મંદિરો–દેરાસરો બાંધવાં કે હોમ–હવન–યજ્ઞો–કર્મકાંડો વગેરેમાં રસ નથી. તેમને પણ ગરીબોની સેવામાં રસ છે.

*"જીવન અંજલિ થાજો, ભૂખ્યા કાજે ભોજન બનજો*
*તરસ્યાનું નીર થાજો*
*દીનદુઃખિયાનાં આંસુ લોતાં અંતર કદી ના ધરાજો…"*
*મારું.*

આ સંદેશાએ તેમના મનમાં ઘર કરી લીધું છે.

હું, મહેન્દ્રભાઈ, શક્તિસિંહ અને એક બીજા કાર્યકર્તાભાઈ એમ ચાર જણા બોધિસત્ત્વ મંદિર જોવા નીકળ્યા.

થોડો ઇતિહાસ જોઈએ. વ્યક્તિ તથા ઘટનાને સ્થિર પ્રસિદ્ધિ આપવામાં નિર્માણકાર્યો મહત્ત્વનો ભાગ ભજવે છે. બૌદ્ધ–જૈનોએ ઘણાં નિર્માણકાર્યો કર્યાં છે. આપણે હિન્દુઓએ નિર્માણકાર્યની જગ્યાએ યજ્ઞો કર્યા છે. જેની ભસ્મ પણ જોવા નથી મળતી. હા, હજી પણ એ પ્રવૃત્તિ બંધ થઈ નથી.

બૌદ્ધ ધર્મના દીપકને ખરું તેલ સમ્રાટ અશોકે પૂર્યું કહેવાય. અશોકે આ સ્થાનમાં જ્યાં બુદ્ધને જ્ઞાન થયું હતું તે બોધિવૃક્ષની ચારો તરફ પ્રથમ નિર્માણ કરાવ્યું જેથી તેની રક્ષા થાય અને પૂજા થાય. અશોકે એક હસ્તિ સંગમ પણ બનાવડાવ્યો. ત્યારે બુદ્ધની પ્રતિમા–પૂજા શરૂ થઈ ન હતી. ચૈત્યવંદના ચાલતી હતી. બૌદ્ધ ધર્મમાં હાથીનું બહુ મહત્ત્વ છે. હસ્તિ–સ્તંભને કેટલાક લોકો 'ગયાગજ' પણ કહે છે. અત્યારે જે ભવ્ય બૌદ્ધમંદિર છે તેને "બૌદ્ધવિહાર" કહેવાય છે. અશોકનિર્મિત સ્થાનના ભગ્નાવશેષો ઉપર તેનું નિર્માણ થયું છે. અહીં 50 ફૂટ ઊંચો સ્તૂપ હતો તેની જગ્યાએ કુષાણવંશીય હુવિષ્ક રાજાએ ઈ.સ.ની બીજી શતાબ્દીમાં આ ભવ્ય પ્રાસાદનું નિર્માણ કરાવ્યું હતું.

ઈ. સ. 380માં આ મંદિરમાં સોને મઢેલી મૂર્તિ પ્રસ્થાપિત થઈ. રાજવંશની ત્રણ મહિલાઓએ આના નિર્માણમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

ઈ.સ. 388માં શ્રીલંકાના મેઘવર્મા નામના રાજાએ અહીં ભવ્ય સંઘારામ (ભિક્ષુઓની રહેવાની જગ્યા) બનાવ્યો હતો, મેઘવર્માએ સમુદ્રગુપ્ત નામના ગુપ્તવંશીય મહાપ્રતાપી રાજા પાસે અહીં સંઘારામ બનાવવા પ્રાર્થના કરી હતી.

ચીની યાત્રી ફાહ્યાન અહીં આવ્યો હતો, તેણે અહીં બૌદ્ધોના ત્રણ સંઘારામો જોયા હતા. ફાહ્યાન પછી 687માં યુ વાન સ્વાંગ અહીં આવ્યો હતો. તેણે પણ જોયું હતું કે સંઘારામોમાં મહાયાની ભિક્ષુઓની હજાર જેટલી સંખ્યા રહે છે.

સમ્રાટ અશોકની રાજકુમારી સંઘમિત્રાએ અહીંથી બોધિવૃક્ષની શાખા લઈ જઈને શ્રીલંકામાં લગાવી હતી. અશોકનો પુત્ર મહેન્દ્ર પણ બૌદ્ધધર્મના પ્રચારમાં લાગી ગયો હતો. આ રીતે બૌદ્ધધર્મ રાજ્યાશ્રયથી સમુદ્ર પાર ગયો હતો.

બંગાળના પાલવંશીય રાજાઓ અહીં રાજ કરતા હતા. તેમના સમયમાં અહીં સારો વિકાસ થયો. મહારાજા મહીપાલના સમયમાં અહીં ઘણી પ્રતિમાઓ તથા નિર્માણકાર્યો થયાં. તિબેટથી તીર્થયાત્રી ધર્મસ્વામી અહીં આવ્યા હતા. ઈ.સ. 1234માં તેમણે જોયું કે બધું વેરાન થઈ ગયું છે. હવે અહીં માત્ર ચાર જ ભિક્ષુઓ રહે છે. તુર્ક મુસલમાનોએ અહીં આવીને બધું નષ્ટ–ભ્રષ્ટ કરી નાખ્યું છે. તેમના ભયના કારણે આગળનો દરવાજો ચણી લીધો છે. લોકો ભાગી ગયા છે. ઈંટોથી દરવાજો ચણી લઈને ઉપર પ્લાસ્ટર કરી દીધું છે. જેથી તુર્કો અંદર ન

જાય. પ્રતીક રૂપમાં એક બુદ્ધમૂર્તિ બહાર મૂકી છે.

ત્યારે મગધનો રાજા બુદ્ધસેન હતો. તે પણ મુસ્લિમોના ભયથી જંગલમાં ચાલ્યો ગયો હતો. મુસ્લિમો મહાવિધ્વંસકારી હતા. તે આંધીની માફક આવતા અને બધું ખેદાન–મેદાન કરી નાખતા. તેમને લૂંટ કરતાં તોડફોડ અને વિધ્વંસમાં ભારે રસ પડતો. મુસ્લિમોના ચાલ્યા ગયા પછી બુદ્ધસેન પાછા આવ્યા હતા. આમ વર્ષો વીતતાં ગયાં. ઘણા સમય સુધી બૌદ્ધવિહારનો વહીવટ શ્રીલંકાના બૌદ્ધો પાસે રહ્યો.

તેરમી શતાબ્દીમાં બર્મા (મ્યાંમાર)થી બૌદ્ધશ્રદ્ધાળુઓ આવ્યા. તેમણે પૂરા વિહારનો જીર્ણોદ્ધાર કરાવ્યો. આ ત્રીજી વારનો જીર્ણોદ્ધાર હતો. ચૌદમી શતાબ્દીમાં ફરી વાર મુસલમાનોએ હુમલા કર્યા. બધું ખેદાન–મેદાન કરી નાખ્યું.

ભારતમાં બૌદ્ધધર્મનું પતન થયું. બૌદ્ધસ્થાનો શૂન્ય જેવાં થઈ ગયાં એટલે આ પૂરું સંકુલ શૈવધર્મી–સનાતનધર્મી–શંકરા–આચાર્યજીના અનુયાયી ગિરિનામા સંન્યાસીઓના હાથમાં ગયું. અહીં મહેશ્વરની પ્રતિમા પ્રથમથી જ હતી. એટલે બુદ્ધ અને શિવ બંનેનું સંયુક્ત મંદિર થયું. પ્રાચીનકાળમાં મુસ્લિમોએ જેટલાં મંદિરો તોડીને ત્યાં જ મસ્જિદો બનાવી છે તેમાં ક્યાંય કશું સંયુક્તપણે રહેવા દીધું નથી. પણ હિન્દુઓએ આ મંદિર તોડ્યું નહિ પણ શિવ અને બુદ્ધનો મેળ કર્યો છે. એ ઉપરથી સમજી શકાશે કે કોણ સહિષ્ણુ થઈ શકે છે અને કોણ નથી થઈ શકતા. 18મી શતાબ્દીમાં મોગલ શાસકોએ આ સંન્યાસીઓને ‘તારવિહ’ નામનું ગામ જાગીરમાં આપ્યું જેથી મઠનો ખર્ચો ચાલ્યા કરે. આજે જે મહાવિહાર છે તે આ જ ગામમાં આવેલો છે. બૌદ્ધવિહારની નજીક જ શંકરમઠ અથવા સનાતનમઠ આવેલો છે. જેણે વર્ષો સુધી આ સ્થાનનો વહીવટ કરી શિવ–બુદ્ધનો સમન્વય કર્યો હતો.

1811માં મિ. બુચનન હેમિલ્ટન અહીં આવ્યા. તેમણે વિહારની જીર્ણ દશા જોઈ. તેમણે વાઇસરોય કનિંઘમને તેનો જીર્ણોદ્ધાર કરવા વિનંતી કરી. ઈ.સ. 1861માં કનિંઘમ અહીં આવ્યો. તેણે વિહારની દુર્દશા જોઈ. 1875માં બર્માના રાજાએ જીર્ણોદ્ધાર શરૂ કર્યો. પણ સંતોષપ્રદ કામ ન થતું હોવાથી 1880માં કનિંઘમે આ કામ પોતાના હાથમાં લઈ લીધું અને બેગલરે ડો. રાજેન્દ્રલાલ મિત્રની સહાયતાથી આ વિહારને આજની સ્થિતિમાં નૂતન આકાર આપ્યો. આ રીતે આ સ્થાન સતત પુનરુદ્ધારિત થતું રહ્યું છે.

વચ્ચેના વિપત્તિકાળમાં બોધિવૃક્ષ ગુમ થઈ ગયું હતું તેથી તેની તપાસ કરવા બર્માના રાજાએ એક તજજ્ઞને અહીં મોકલ્યો. પણ તજજ્ઞ બોધિવૃક્ષને શોધી શક્યો નહિ. ત્યારે અહીં ઘનઘોર જંગલ થઈ ગયું હતું. ત્રણ વર્ષ પછી 1823માં બર્માના રાજાએ ફરીથી એક માણસને મોકલ્યો. તે સ્થિર થયો. ત્યારે અહીં એક પણ બૌદ્ધધર્મી રહેતો ન હતો. મંદિર સંન્યાસીઓના હાથમાં હતું. મહંતને બૌદ્ધ પદ્ધતિથી પૂજાપાઠ કરવાનું શિખવાડી પેલા ભાઈ વિદાય થયા. બૌદ્ધપૂજાનો બધો ખર્ચ બર્માના રાજા ઉપાડતા હતા.

ઈ.સ. 1874માં બર્માના રાજાએ યાત્રાળુઓ માટે ધર્મશાળા બંધાવી. આજે પણ આ ધર્મશાળા મઠને આધીન છે. કનિંઘમના નિર્દેશનમાં જીર્ણોદ્ધારનું કામ ચાલતું હતું ત્યારે મજૂરોની ભૂલથી બોધિવૃક્ષ પડી ગયું હતું. કનિંઘમે નવું વૃક્ષ લગાવી દીધું.

*

# 6. મહાબોધિવિહાર–2

પૂર્વે કહ્યું તેમ આ બૌદ્ધવિહાર જીર્ણશીર્ણ અને ઉજ્જડ થઈ ગયો હતો ત્યારે બર્માના રાજાએ તેનો થોડો ઉદ્ધાર કરાવી નજીકના સંન્યાસીમઠના મહંતને સેવાપૂજા માટે સોંપી દીધો હતો. એવું કહેવાય છે કે ઘણાં વર્ષો પહેલાં એક બાવાજી રમતાફરતા અહીં આવ્યા હતા. લોકો તેમને ઘમંડીગિરિ કહેતા હતા. તેમણે આ વિહારની નજીક જ પોતાની કુટિયા બનાવી હતી. તેનો વિકાસ થતો થતો આ મઠ થયો હતો. નજીક જ ઘમંડી બાગ આવેલો છે. ગિરિપરંપરામાં આગળ જતાં દિલ્હીના બાદશાહ મહમૂદ શાહે આ મઠને બે ગામની જાગીર આપી હતી. ઘમંડીગિરિનો મઠ બહુ સમૃદ્ધ થયો. બર્માના રાજાએ બિહારમાં પૂજા માટે બૌદ્ધ આચાર્યની નિયુક્તિ કરી દીધી. રાજાના અવસાન પછી તેનો પુત્ર થિયો ગાદીએ આવ્યો. અંગ્રેજો સાથે તેને અણબનાવ થયો. અંગ્રેજોએ તેમને પકડીને રત્નાગિરિ જેલમાં પૂરી દીધા અને બૌદ્ધવિહારની પૂજા ફરી પાછી મઠના સંન્યાસીઓને સોંપી દીધી. (1886) ત્યારથી બૌદ્ધવિહાર સંન્યાસી મઠને આધીન આવી ગયો.

શ્રીલંકાથી અનાગારિક ધર્મપાલ આવ્યા. તેમણે બોધગયામાં વિહારને સંન્યાસીમઠને આધીન જોઈને દુઃખ થયું. તેને મુક્ત કરવાના કામે લાગી ગયા. "મહાબોધિ સોસાયટી"ની સ્થાપના કરી તેમણે વિહારને પાછા લેવાનું આંદોલન શરૂ કર્યું. સરકારે તેમને ધર્મશાળામાં બે ઓરડા આપ્યા તથા પૂજારી તરીકે બૌદ્ધભિક્ષુને રાખવા દીધો. ધર્મપાલજી શ્રીલંકાથી બોધિવૃક્ષની શાખા પાછી ભારત લાવ્યા. આજે જે બોધિવૃક્ષ છે તે લંકાથી આવેલી શાખાનું છે. ભારતથી સંઘમિત્રા તેને શ્રીલંકા લઈ ગઈ હતી અને ધર્મપાલ તેને પાછા લઈ આવ્યા.

સંન્યાસીમઠમાં હરિહરનાથ ગિરિ નામના નવા મહંત આવ્યા. બૌદ્ધો સાથે તેમનો મેળ ન જામ્યો. ઘણી વાર ઝઘડા થયા. કોર્ટકચેરી થઈ. અંતે કોર્ટે આ વિહાર બૌદ્ધોના છે તેવું જાહેર કરી દીધું. એવામાં જાપાનથી ઓકાકોરા નામના બૌદ્ધ વિદ્વાન આવ્યા. તેમણે ભારત–જાપાની સંઘ બનાવ્યો, પણ અંગ્રેજોને આ વાત ગમી નહિ. તેમણે બધા બૌદ્ધોને બૌદ્ધગયાથી હટાવી દીધા. કારણ કે કોર્ટનું એવું ફરમાન આવ્યું હતું. અંગ્રેજો હંમેશાં કોર્ટ દ્વારા કાયદેસર કામ કરે. જાપાન સાથે સારા સંબંધ ન હોવાથી તેઓ જાપાનીનો પ્રવેશ યોગ્ય માનતા ન હતા. તેમણે એક કમિટી બનાવી દીધી, જે નિર્ણય કરે કે આ સ્થાન કોનું છે. ત્યારે લૉર્ડ કર્ઝન ભારતના વાઇસરોય હતા. આ કમિટીમાં શ્રી સુરેન્દ્રનાથ અને હરપ્રસાદ શાસ્ત્રી હતા. બંનેના મતો અલગ અલગ હતા. શ્રીશાસ્ત્રી બૌદ્ધપક્ષમાં હતા જ્યારે સુરેન્દ્રનાથ હિન્દુ તરફી મત ધરાવતા હતા. ભારત સરકાર અર્થાત્ અંગ્રેજોએ સુરેન્દ્રનાથની વાત માનીને બધી સત્તા મૂળ મહંતને સોંપી દીધી. કોર્ટમાં પણ મહંત જીતી ગયા. જે બે ઓરડા બૌદ્ધોને આપ્યા હતા તે પણ મહંતે લઈ લીધા. પૂરો વિહાર મહંતજીના હાથમાં આવી ગયો. સ્વરાજપ્રાપ્તિ પછી 1952માં આ વિહાર ફરીથી બૌદ્ધધર્મપ્રેમી પં. નહેરુજી વગેરેના પ્રયત્નથી બૌદ્ધધર્મીઓને પાછો સોંપાયો છે.

બૌદ્ધો એમ માને છે કે આ વિહાર અમારો હતો અને છે. પણ હિન્દુઓએ તે હડપ કરી લીધો હતો. જરા વિચાર કરો કે જ્યારે કોઈ બૌદ્ધધર્મી રહ્યો જ ન હતો, તેવી સ્થિતિમાં આ વિહારનું શું થાય? હિન્દુઓ એમ માને છે કે અમે બુદ્ધને અવતારી ભગવાન માનીએ છીએ, એટલે તે અમારા પણ ભગવાન છે. આજે પણ કોઈ પુરોહિત જ્યારે કોઈ કર્મકાંડ કરાવે છે ત્યારે જે સંકલ્પ કરાવે છે તેમાં "બુદ્ધાવતારે" એમ બોલે છે. અર્થાત્ અત્યારે બુદ્ધના અવતારનો સમય ચાલી રહ્યો છે. (સપ્તમ્ મન્વન્તરે, કલિયુગે, કલિપ્રથમ ચરણે, ભરતખંડે, આર્યાવર્તે, બુદ્ધાવતારે ફલાણા ફલાણા વિક્રમ સંવતે, માસે, તિથિએ વગેરે બોલે છે) એટલે બુદ્ધ અમારા પણ ભગવાન છે. એટલે આવા માલિકી વિનાના મંદિર ઉપર અમે કબજો કરીએ તો તે અમારા માટે યોગ્ય જ કહેવાય. પણ માનો કે આવો કબજો હિન્દુઓની જગ્યાએ મુસલમાનોએ કર્યો હોત તો શું થાત? શું મંદિરમાં બુદ્ધપ્રતિમા રહેવા દેત? જે મંદિર ઉપર મસ્જિદ થઈ ગઈ હોત તો પાછા લેવાનો પ્રશ્ન ઉપાડી શકાત? નહિ. આ તો સારું થયું કે વિહાર હિન્દુઓએ લઈ લીધો જેથી તેનું અસ્તિત્વ રહી શક્યું. નહિ તો અસ્તિત્વ જ સમાપ્ત થઈ જાત. હિન્દુઓ બૌદ્ધોને પોતાના ભાઈ માને છે. બંનેનાં મૂળ અહીં જ છે. તેમ છતાં ભાઈ–ભાઈ વચ્ચે કોઈ વાર વિરોધ કે ખટરાગ થાય તેમ થતો રહ્યો હોય તો તેથી ડાંગે માર્યાં પાણી જુદાં થઈ જતાં નથી. એ હિન્દુઓ જ હતા. જેમણે બૌદ્ધ ધર્મચક્રને રાષ્ટ્રીય ધ્વજમાં સ્થાન આપ્યું. એ હિન્દુરાષ્ટ્રીય સિંબોલ બનાવ્યું. ખરેખર તો આઝાદી પછી દેશી સરકારે બુદ્ધ અને બૌદ્ધધર્મ પ્રત્યે ઘણી સહાનુભૂતિ બતાવી છે.

આજે બૌદ્ધવિહારનું સંચાલન બૌદ્ધો કરતા હોય તો તેનું કારણ સરકારી સહાનુભૂતિ પણ છે. પાકિસ્તાનમાં ઘણાં બૌદ્ધસ્થાનકો રહી ગયાં છે. ત્યાં કેવી દશા છે? અરે અફઘાનિસ્તાનના બામિયાન ક્ષેત્રમાં વિશ્વપ્રસિદ્ધ બુદ્ધ પ્રતિમાઓનો નાશ તોપોના ગોળા મારીને ત્યાંની તાલીબાની સરકારે કરાવી નાખ્યો છે. આઝાદ કાશ્મીરમાં આજે પણ એક સ્થાનમાં ક્ષતવિક્ષત કરેલી બુદ્ધ પ્રતિમાની પાસે પથ્થરોના ટુકડાનો ઢગલો પડ્યો છે. નિયમ એવો છે કે આવતો–જતો માણસ આ પ્રતિમાને પથ્થરો મારે જેથી બુતપરસ્તી તરફ ઘૃણા થાય. હિન્દુઓએ આવું તો નથી કર્યું ને? મિલકતના ઝઘડા તો હિન્દુ–હિન્દુઓ, બૌદ્ધ–બૌદ્ધ વચ્ચે, જૈન–જૈન વચ્ચે આજે પણ થયા કરે છે, તે તો ચાલ્યા કરવાના પણ કેટલાક બૌદ્ધ વિદ્વાનો બૌદ્ધોમાં હિન્દુવિરોધી વાતાવરણ જન્માવે છે. હિન્દુઓ જાણે કે બૌદ્ધોના શત્રુઓ જ હોય તેવું ચિત્રણ કરે છે તે યોગ્ય ન કહેવાય, જરૂર છે બંને વચ્ચે મેળ–મેળાપ વધારવાની. જો બુદ્ધને હિન્દુઓ વિષ્ણુનો અવતાર માનતા હોય તો બૌદ્ધોને કોઈ વાંધો ન હોવો જોઈએ. બુદ્ધને દુશ્મન તો નથી માનતા ને? ઊલટાનું ખુશ થવું જોઈએ કે ત્રિવેણી (હિન્દુ–બૌદ્ધ અને જૈન) એકબીજાની ઘણી નજીક આવે છે. આ વિહારમાં બૌદ્ધોની તુલનામાં હિન્દુતીર્થયાત્રીઓ જ વધારે દેખાય છે. બધાં શ્રદ્ધાથી વંદન કરે છે. હવે તો મેળ કરવાનો સમય છે. શત્રુતા વધારવાનો નહિ. તે સૌએ સમજવાની જરૂર છે.

એક મુદ્દો સમજવો જોઈએ કે જ્યારે કોઈ બૌદ્ધ આ વિહારને સાચવનારો ન હતો ત્યારે હિન્દુઓએ તેનો કબજો કરી, હતો તેવો જ રહેવા દીધો છે. મુસ્લિમોએ તો હજારો મંદિરોને જબરદસ્તી પડાવીને વિધ્વંસ કરીને તે જગ્યાએ મસ્જિદો બનાવી દીધી છે. તેવું તો નથી કર્યું ને? વૅક્યુમ જેવી સ્થિતિમાં તો આડોશ–પાડોશવાળા કબજો કરી જ લેતા હોય છે. આવા કબજાનું હું સમર્થન નથી કરતો પણ વાસ્તવિકતા બતાવું છું. પાકિસ્તાનમાં હજારો ગુફાઓ, સ્તૂપો વગેરેનું નામોનિશાન નથી રહેવા દીધું. કોણ પાછું માગશે? કોણ પાછું આપશે? અને ધર્મોની તો ચડતી–પડતી થયા જ કરતી હોય છે.

કદાચ આવું જ કાંઈક દેશના ભાગલા વખતે કરાંચીમાં બન્યું હતું. ત્યાં ભવ્ય સ્વામીનારાયણ મંદિર હતું. બધા હિન્દુઓ જીવ બચાવીને ભાગી રહ્યા હતા. એક પણ હિન્દુ રહ્યો ન હતો ત્યારે મંદિરના વહીવટદારોએ ભગવાનની મૂર્તિઓ લઈને વિમાનમાં ભાગતાં પહેલાં પૂરું મંદિર આજુબાજુ રહેતા મુસ્લિમોને જે સ્વામીનારાયણ ધર્મ પણ માનતા હતા. તેમને સોંપી દીધું હતું. આજે પણ આ મંદિરનો કબજો તેમના હાથમાં છે. કરાંચીના બચી ગયેલાં થોડાં જ મંદિરોમાં આપણું એક મંદિર બચી શક્યું છે.

2–10–09

*

# 7. મહાબોધિવિહાર–3

મહાબોધિવિહાર સંબંધી થોડી વાતો જાણીએ. આ વિહાર 180 ફૂટ ઊંચાઈ ધરાવે છે. તેનો નીચેનો ભાગ લગભગ 50 ફૂટ પહોળો છે. વિહાર પિરામિડ જેવો છે. મંદિરની ચારે તરફ મંદિર જેવા જ ચાર મિનારા છે. મંદિર વાદળી ઈંટોથી બનાવાયું છે. તેના ઉપર લેપ–પ્લાસ્ટર કર્યું છે. પ્રવેશદ્વારની પાસે બે મોટા ગોખલા છે. જેમાં બુદ્ધપ્રતિમાઓ છે. અંદર ગર્ભગૃહમાં બુદ્ધની ભવ્ય પ્રતિમા છે. જેના ઉપર સોનાનો લેપ ચઢાવેલો છે. મંદિરના બીજે માળે જવાનો રસ્તો–સીડીઓ છે. ચાર મિનારોમાં બેમાં બોધિસત્ત્વની પ્રતિમાઓ છે. જ્યારે બીજી બેમાં બુદ્ધની પ્રતિમાઓ છે. મંદિરને વિશાળ પ્રદક્ષિણા પણ છે. અમે જ્યારે પ્રદક્ષિણા કરતા હતા ત્યારે દેશ–વિદેશના સેંકડો ભક્તો પૂજાપાઠ કરી રહ્યા હતા. ઘણા તો વારંવાર લાંબા દંડવત્ પ્રણામ એકની એક જગ્યાએ કરતા હતા. તેમનાં ઢીંચણ વગેરે છોલાઈ ન જાય તે માટે વિશેષ ગાદીની વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રદક્ષિણામાં જેમ બધાં મંદિરોમાં હોય છે તેમ અનેક બુદ્ધ અને બોધિસત્ત્વોની પ્રતિમાઓ સ્થાપિત થયેલી છે.

બૌદ્ધલોકોની એવી માન્યતા છે કે મંદિરમાં ભગવાનની જે મુખ્ય પ્રતિમા છે તેને ખંડિત કરવા માટે એક આક્રાન્તા મુસલમાને પ્રહાર કરવા પ્રયત્ન કર્યો હતો પણ તેને પ્રતિમા એટલી બધી વિકરાળ દેખાવા લાગી કે તે તરત જ ભાગી છૂટ્યો હતો. આ પ્રતિમા ઈ.સ. 380માં સ્થાપિત કરી હતી. તેના ઉપર સોનાનું પતરું ચઢાવેલું છે. તેનાં દર્શન માટે વિશ્વભરના યાત્રાળુઓ અહીં આવે છે.

અત્યારે મંદિરની વ્યવસ્થા આઠ ટ્રસ્ટીઓ કરે છે. જેમાં ચાર બુદ્ધિસ્ટ અને ચાર હિન્દુઓ હોય છે. ટ્રસ્ટનો અધ્યક્ષ ગયા જિલ્લાનો કલેક્ટર હોય છે. કલેક્ટર પદથી હોવાથી ઘણી વાર બિનબૌદ્ધ અને બિનહિન્દુ પણ હોઈ શકે છે.

મંદિરમાં પ્રવેશ એક ખાડામાં પ્રવેશ જેવો છે. 15–20 ફૂટ નીચે ધરાતલથી મંદિર પરિસર શરૂ થાય છે. 180 ફૂટ ઊંચું મંદિર જો કોઈ ટેકરા ઉપર હોત તો ઘણું ઊંચું લાગત. પણ તે સામાન્ય ધરાતલથી 15–20 ફૂટ નીચું લાગે છે. અમે પગથિયાં ઊતરીને મુખ્ય મંદિર તરફ ચાલ્યા. પરિસરમાં બુદ્ધની પ્રતિમાની આગળ શિવલિંગ પણ છે. પણ શિવલિંગ ધરતી બરાબર છે. ઉપર નથી. થોડી શંકા થાય છે કે આવું કેમ? એવું મનાય છે કે સમ્રાટ અશોકે પહેલાં અહીં 30 ફૂટ ઊંચો સ્તૂપ બનાવ્યો હતો. તે પછી સમ્રાટ સમુદ્રગુપ્તે 45 મીટર વધુ ઊંચાઈ કરી અર્થાત્ 52 મીટર ઊંચાઈ થઈ ગઈ. યાદ રહે કે સમુદ્રગુપ્ત બૌદ્ધધર્મી ન હતો. અહીં મહાવિધ્વંસક મહમદ બખ્તિયાર આવ્યો હતો. તેણે બુદ્ધપ્રતિમાના હાથપગ વગેરે બધું તોડી નાખ્યું હતું. તૂટેલી મૂર્તિને ફેંકી દીધી હતી. કાળાન્તરમાં બધું દટાઈ ગયું, પછી લૉર્ડ કનિંઘમે પુરાતત્ત્વ વિભાગ દ્વારા ખોદકામ કરાવ્યું તો તેમાંથી મૂર્તિસહિત આ બધું મળી આવ્યું હતું. અમે ગાઇડ સાથે ચાલી રહ્યા છીએ અને ગાઇડ બધું સમજાવી રહ્યો છે.

અમે બોધિવૃક્ષ આગળ ઊભા છીએ. આ વૃક્ષ કેટલી વાર નષ્ટ થયું અને કેટલી વાર નવું રોપાયું. બોધિવૃક્ષનો પણ ઇતિહાસ છે. બુદ્ધની વારંવારની અનુપસ્થિતિથી ભિક્ષુવર્ગ દુઃખી થતો હતો. તે વધુ સમય શ્રાવસ્તી નગરીમાં રહેતા હતા. બુદ્ધે આનંદને કહ્યું કે “આનંદ, બોધગયામાં રહેલું જે બોધિવૃક્ષ છે તેની શાખા અહીં શ્રાવસ્તી નગરીમાં રોપી દો. મારી અનુપસ્થિતિમાં લોકો તેનાં દર્શન–પૂજન કરશે” આનંદે બોધગયાથી શાખા લાવીને શ્રાવસ્તીમાં રોપી હતી. અત્યારે જે વૃક્ષ છે પીપળાનું તે શ્રીલંકાથી પાછું આવેલું છે.

એવું કહેવાય છે કે જે વૃક્ષની નીચે બેસીને બુદ્ધને જ્ઞાન પ્રાપ્ત થયું હતું તેને અશોકની મહારાણી તિષ્યરક્ષિતાએ આગ લગાડીને નષ્ટ કરી નાખ્યું હતું. કદાચ તે બૌદ્ધધર્મને ન માનતી હોય, વિરોધી હોય.

ફરી બંગાળના રાજા અશોકે આ બોધિવૃક્ષને કપાવી નાખ્યું હતું. તેને તો તેનાં મૂળ પણ ખોદાવી નાખ્યાં હતાં. રાજા પૂરણવર્માએ આ સ્થાન ઉપર ફરીથી નવું બોધિવૃક્ષ અર્થાત્ પીપળાનું રોપણ કર્યું હતું. હર્ષવર્ધનના સમયમાં આ વૃક્ષ અને ધર્મસ્થાનનું પૂરું રક્ષણ કરવામાં આવ્યું. લૉર્ડ કનિંઘમના સમયમાં પુરાતત્ત્વ વિભાગ દ્વારા થતા ખોદકામમાં આ વૃક્ષ ઊખડી ગયું હતું તેથી કનિંઘમે પોતાના હાથે નવું વૃક્ષ રોપ્યું હતું. જે આજે પણ છે. આજે જે વૃક્ષ છે તે લંકાના અનાગારિક ધર્મપાલજી દ્વારા શ્રીલંકાથી લાવેલી શાખાનું છે. અમે વૃક્ષ જોઈ રહ્યા છીએ. બુદ્ધે, બૌદ્ધધર્મ સાથે આ વૃક્ષે પણ કેટલી બધી તડકી–છાયા જોઈ છે! વૃક્ષની ચારે તરફ વિદેશી સાધકો સાધના કરી રહ્યા છે. બુદ્ધ પણ પ્રકારાન્તરથી વૃક્ષપૂજાને માન્યતા આપી હતી. આ ચોથું વૃક્ષ છે. વૃક્ષની શાખાની માફક બૌદ્ધધર્મની શાખાઓ પણ વિદેશોમાં

રોપાતી અને ફેલાતી રહી. અત્યારનું વૃક્ષ 125 વર્ષ જૂનું છે. અમે વિશાળ પ્રદક્ષિણા–પથમાં ફરી રહ્યા છીએ. બધી જગ્યાએ સેંકડો લોકો સાધના કરી રહ્યા છે. ખાસ કરીને દંડવત્ કરતા સાધકો ખાસ ધ્યાન ખેંચે છે. રોજના સેંકડો દંડવત્ કરવાનું વ્રત લઈને આ લોકો મંત્રો બોલતાં–બોલતાં વારંવાર દંડવત્ કરી રહ્યા છે. ધર્મસ્થાનો શ્રદ્ધાથી શોભતાં હોય છે અને શ્રદ્ધાને તર્ક–વિતર્ક કે દલીલો નથી સોહાતી. શ્રદ્ધા એટલે શ્રદ્ધા. બધાના ચહેરા શ્રદ્ધાના તેજથી દીપી રહ્યા છે.

આ અનિમેષ સ્તૂપ છે. અહીં સાત દિવસ સુધી બુદ્ધ પલક માર્યા વિના ધ્યાનમાં બેસી રહ્યા હતા. કુદરતી વ્યવસ્થા છે કે થોડી જ સેકન્ડ પછી પલક નીચે પડે છે. ટીપું પાણી બહાર નીકળે છે. આંખ ધોવાય છે અને આંખના ખૂણામાં આવેલા છિદ્રથી ધોવાયેલું પાણી નાકમાં ચાલ્યું જાય છે. નિદ્રા સિવાય, જાગૃત અવસ્થામાં આ પ્રક્રિયા સતત થયા કરે છે. તેથી આંખ સ્વચ્છ રહે છે પણ બુદ્ધત્વ પ્રાપ્ત કર્યા પછી બુદ્ધ અહીં સાત દિવસ–રાત અનિમેષ રીતે ધ્યાન લગાવીને બેઠા હતા. બેઠા બેઠા એકીટશે તે બોધિવૃક્ષને જોતા રહ્યા.

આ કમળનાં શિલ્પો છે. કહેવાય છે કે બુધ્ધિત્વની પ્રાપ્તિ પછી ત્રીજું સપ્તાહ બુદ્ધે અહીં વિતાવ્યું હતું. પછી તે ચાલ્યા ત્યારે તેમને પગ મૂકવા માટે કમળપુષ્પો ઊગી નીકળ્યાં હતાં. તેના ઉપર પગ મૂકીને બુદ્ધ આગળ ગયા હતા. સમ્રાટ અશોકે આ ઘટનાને સ્થાયી બનાવવા પથ્થરમાંથી કમળો બનાવીને અહીં મૂક્યાં છે.

શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉચ્ચ સ્વરે મંત્રો બોલતાં બોલતાં પરિક્રમા કરી રહ્યાં છે. અમે પણ તેમાં જોડાયા છીએ. બોધિવૃક્ષની શાખાઓ પડી ન જાય તે માટે જગ્યા જગ્યાએ ટેકા મૂક્યા છે.

રાજા કનિષ્કના સમયમાં બૌદ્ધ વિદ્વાનોની મોટી સભા ભરાઈ હતી. સભાના અંતે બૌદ્ધધર્મ બે ભાગમાં વહેંચાઈ ગયો હતો. મહાયાન અને હીનયાન. મહાયાનવાળા બુદ્ધને ભગવાન માનતા હતા જ્યારે હીનયાનવાળા બુદ્ધને મહાત્મા માનતા હતા. આવું ગાઈડનું કથન છે. જે હોય તે પણ મને એક વાત બહુ ગમી છે. ચોવીસ અવતાર, ચોવીસ તીર્થંકરની માફક બુદ્ધ પણ ચોવીસ થયા તેવું મનાય છે. તેમ છતાં બધા બૌદ્ધ સંપ્રદાયોમાં એક માત્ર શાક્યમુનિ સિદ્ધાર્થ બુદ્ધની જ સર્વોચ્ચ માન્યતા રહી છે. બીજા કોઈની ભેળસેળ થઈ નથી. જૈનો ચોવીસે ચોવીસ તીર્થંકરોને જુદાં જુદાં માને છે અને જુદાં જુદાં પૂજે છે. પણ બૌદ્ધો માત્ર એક જ બુદ્ધને માને છે અને પૂજે છે તેથી ધર્મમાં અને ઉપાસનામાં વધુ દૃઢ એકરસતા રહી છે.

બુદ્ધત્વપ્રાપ્તિ પછી ચોથું સપ્તાહ બુદ્ધે અહીં વિતાવ્યું હતું. તે સમયે તેમના દેહમાંથી પાંચ રંગની જ્યોતિ પ્રગટી હતી. આ પાંચ રંગોથી બૌદ્ધ ધ્વજ બનાવાયો છે. આ રંગોનું લોકો જુદું જુદું અર્થઘટન કરે છે.

આ દરવાજો સમ્રાટ અશોકે બનાવરાવ્યો હતો. આ રેલિંગ પણ જૂની છે. ઈ.સ. પૂર્વની મનાય છે. એક વાત નિશ્ચિત છે કે જે સ્થાપત્યો પથ્થરોમાંથી થાય છે તે સદીઓ સુધી ટકી રહે છે. ભારતમાં મુસ્લિમોએ જે વિધ્વંસ કર્યો ને એ ન કર્યો હોત તો ભારત પાસે એટલાં બધાં સ્થાપત્યો હોત કે વિશ્વ તેને જોવા ઊમટી પડ્યું હોત. પણ વિધર્મી આક્રાન્તા બર્બર હતા અને તેમણે મહાવિધ્વંસ કરી નાખ્યો હતો.

ગાઈડનું કહેવું છે કે પહેલાં બુદ્ધનાં પગલાંની પૂજા થતી હતી. પછી ચૈત્યવંદના થતી હતી. લગભગ ચતુર્થશતાબ્દીથી બુદ્ધની પ્રતિમા–પૂજા શરૂ થઈ મનાય છે. અમે જુદાં જુદાં પ્રસંગચિત્રો જોઈ રહ્યા છીએ. આ પાંડવમંદિર છે. આમાં પાંડવોની મૂર્તિઓ છે તેવું મનાય છે. અને આ શિવાલય છે. જ્યારે આ વિહાર સંન્યાસીઓના હાથમાં હતો ત્યારે મહંત ચૈતન્યગિરિ બ્રહ્મલીન થયા હતા. તેમના પાર્થિવ શરીરને અહીં ભૂમિદાહ કરાયો હતો. રિવાજ પ્રમાણે તે સમાધિમાં આ શિવલંગિ સ્થાપિત કરાયું છે. બ્રાહ્મણો પાઠ–પૂજા કરી રહ્યા છે. આ જગ્યાએ બુદ્ધે સાતમું સપ્તાહ ધ્યાનમાં વિતાવ્યું હતું. વ્યાપારીઓએ તેમની પૂજા કરી હતી. તે સમયમાં માત્ર બે જ શરણ વાક્ય હતાંઃ

*બુદ્ધંશરણં ગચ્છામિ*
*ધમ્મંશરણં ગચ્છામિ*

ત્રીજું વાક્ય એક હજાર વર્ષ પછી અર્થાત્ પાંચમી શતાબ્દીમાં વારાણસીમાં સંઘની સ્થાપના થઈ ત્યારે “સંઘંશરણં ગચ્છામિ” પ્રચલિત થયું. સંઘ દ્વારા ધર્મવ્યવસ્થા ઉપર નિયંત્રણ થયું. આવો સંઘ હિન્દુઓ કદી ન કરી શક્યા. તેથી તે વેરવિખેર રહ્યા. આજે પણ આવી જ દશા છે.

“બુદ્ધંશરણં ગચ્છામિ” વાક્યથી વ્યક્તિપૂજા તો થઈ પણ તેના કારણે માત્ર એક જ વ્યક્તિમાં સૌ જોડાયેલા પણ રહ્યા. આવી એક જ વ્યક્તિ હિન્દુઓ કે જૈનો પાસે નથી. આવી એકતા માટેનાં પણ નિશ્ચિત કારણો હોય છે. એક વાત સમજવા જેવી છે કે જૈનો પાસે ભલે

ચોવીસ તીર્થંકરો હોય પણ તેઓ કદી કોણ નાના કે કોણ મોટા તે માટે લડ્યા–ઝઘડ્યા નથી. મોટા ભાગનાં તીર્થસ્થાનોમાં બધાનો સમાવેશ થયેલો જોવા મળે છે. આ સારી વાત કહેવાય. આપણે આવું કરી શક્યા નથી. આજે કેટલાક બીજા ભગવાનનું નામ પણ નથી લેતા, પોતાના જ ખરા છે, બીજા ડમી છે કે પછી નાના છે આવો ભ્રમ સેવી રહ્યા છે.

આ જગ્યાએ બુદ્ધે પોતાના વાળ અને નખ કાપીને પેલા બે વ્યાપારીઓને આપ્યા હતા. તેમણે બર્મા જઈને બુદ્ધનો પ્રચાર કર્યો હતો. બુદ્ધનાં જુદાં–જુદાં અંગો ઉપર સ્તૂપો બન્યા છે. જેમાં નખ, વાળ, અસ્થિ વગેરે છે.

આક્રાન્તા મહમદ બખ્તિયાર (ખિલજી)એ જે મુખ્ય પ્રતિમાના ટુકડે–ટુકડા કરી નાખ્યા હતા તે આ રહી. આ ચૈત્યને પણ તેણે તોડી નાખેલું. આ અશોકસ્તંભ છે. 30 ફૂટ ઊંચો એક જ પથ્થરથી બનેલો આ સ્તંભ, ખંડિત રૂપમાં અહીં ઊભો છે. તેના માથા ઉપર અશોકચક્ર હતું. મહમદે આ સ્તંભને પણ તોડી નાખ્યો હતો. અશોકચક્ર અને સિંહો આપણું રાષ્ટ્રીય પ્રતીક થઈ ગયાં છે. અશોકે આવા કુલ 27 સ્તંભો બનાવડાવ્યા હતા. અને જુદી જુદી જગ્યાએ સ્થાપિત કરાવ્યા હતા. જેમાં ગિરનાર પણ ખરો.

આ બુદ્ધતળાવ છે. જૂનું નામ મુચલિંબ તળાવ હતું. બુદ્ધત્વની પ્રાપ્તિ પછી એક સપ્તાહ સુધી બુદ્ધે અહીં સાધના કરી હતી. તે સમયે પ્રચંડ આંધી–તૂફાન અને વર્ષા આવવા માંડ્યાં હતાં ત્યારે એક નાગરાજે તળાવમાંથી પ્રગટ થઈને બુદ્ધ ઉપર ફેણ ફેલાવી બુદ્ધની રક્ષા કરી હતી તેવી માન્યતા છે. ચમત્કારો વિના ધર્મકથાઓ હોતી નથી. કદાચ હોય તો તે બરાબર જામતી નથી. એટલે લગભગ બધા ધર્મોમાં ચમત્કાર–કથાઓ તો હોય જ છે. આ તળાવમાં ઘણી માછલીઓ છે. લોકો તેને મમરા વગેરે ખવડાવે છે. અમારો ગાઇડ શાકલદ્વિપીય બ્રાહ્મણ છે. તેનું કહેવું છે કે અત્યારે ગયામાં કોઈ બૌદ્ધધર્મી રહેતો નથી. બધા હિન્દુ–મુસ્લિમો વગેરે છે. વિદેશથી લોકો આવે છે અને રહે છે. મારી સાથે મહેન્દ્ર પટેલ પણ છે. અમે મંદિર જોઈને વિદાય થયા. બહાર ઘણી લારીઓમાં ખાવા–પીવાની ચીજો વેચાય છે. અહીં બે હજારથી પણ વધુ બૌદ્ધ ભિક્ષુઓ રહે છે. તેમના વિશે અમારા ડ્રાઇવરનો અનુભવ સારો નથી. તે વર્ષોથી અહીં કૅમ્પમાં આવે છે અને છ–છ મહિના રહે છે. તેનું કહેવું છે કે આ ભિક્ષુઓ લારીઓ ઉપર નોનવેજ ખુલ્લે આમ ખાતા હોય છે વગેરે. મેં તેને સમજાવ્યું કે તેમના ત્યાં આવો ખોરાક માન્ય છે. એટલે ઘૃણા ન કરવી. શ્રદ્ધાનું ક્ષેત્ર થોડું દૂરથી સારું લાગે અને પ્રેમનું ક્ષેત્ર વધુમાં વધુ નજીકથી સારું લાગે. જો શ્રદ્ધાના ક્ષેત્રની બહુ નજીક ગયા તો શ્રદ્ધા કદાચ હચમચી ઊઠે. કારણ કે આપણી અપેક્ષાઓ ઘણી વધુ હોય છે. આપણે માણસમાં દિવ્યતાનો આરોપ કરીએ છીએ. જ્યારે ખરેખર તો તે માણસ જ હોય છે. તેનું માણસપણું દિવ્યતાના આડંબરમાં ઢંકાયેલું રહે છે. પણ જ્યારે તે આવરણ દૂર થાય છે ત્યારે માત્ર માણસને આપણે સ્વીકારી નથી શકતા. મેં કહ્યું કે માત્ર અહીં જ નહિ, તમે હરદ્વારમાં કે પાલીતાણામાં ગમે ત્યાં રહો, આવા જ અનુભવો થશે. કારણ કે માણસ એ માણસ જ છે, તે કદી ભગવાન નથી હોતો. આપણે ભગવાન બનાવીએ છીએ અને પછી તેને ઢાંકતા રહીએ છીએ. પ્રેમ દૂરથી નહિ સારો; નજીકથી સારો. લાગણીઓ ઊભરાય છે અને શમે છે. ઊભરાયેલી લાગણીઓ આહ્લાદ આપે છે. સામીપ્યથી આવા ઊભરા આવ્યા કરે અને દૂરથી કદાચ શમી જાય એટલે સામીપ્ય સારું.

હવે અમે અહીં બનાવેલા જુદાં જુદાં બૌદ્ધ મંદિરોમાં દર્શન કરી રહ્યા છીએ. અહીં જુદાં જુદાં દેશોનાં 27 ભવ્ય મંદિરો છે. જેની પાસે પૂરતો સમય હોય તેમણે જરૂર જોવા જવું. મુખ્ય મંદિર તો અમે જે જોયું તે મહાબોધિવિહાર છે. જેમાં સુજાતાકુટી, કુશાધાસવિહાર, વિશાલ બુદ્ધપ્રતિમા, થાઇબુદ્ધવિહાર, બર્મીબુદ્ધવિહાર, જાપાની બુદ્ધવિહાર, બીજોપણ, તિબ્બતી બુદ્ધવિહાર, કરમપ્પા બુદ્ધવિહાર, ભૂટાની બુદ્ધવિહાર, ચીની બુદ્ધવિહાર, વિયતનામી બુદ્ધવિહાર, કોરિયા બુદ્ધવિહાર, બાંગ્લાદેશ બુદ્ધવિહાર, તાઇવાન બુદ્ધવિહાર, નેપાલ બુદ્ધવિહાર, તમાંગ બુદ્ધવિહાર, વગેરે મુખ્ય છે. બધામાં એક તો સ્વચ્છતા સારી હોય છે. કારણ કે બુદ્ધપૂજામાં દૂધ–દહીં વગેરે સામગ્રી વપરાતી નથી. કોઈ ભિખારી કે પંડ્યા વગેરે હોતા નથી. ક્યાંય કોઈ ટિકિટ નથી. કોઈ ભાવતાલ લખેલા નથી હોતા. શાંતિ શાંતિ અને શાંતિ. આપણે પણ આવાં ધર્મસ્થાનો બનાવીએ તો જરૂર બનાવી શકાય.

ડ્રાઇવરનું કથન છે કે કેટલાક દેશી બિહારીઓ કે મહારાષ્ટ્રીયનો પણ ભિક્ષુ થયા છે. તેમાંના કેટલાક વિદેશી યાત્રીઓ પાસેથી વિદેશી મુદ્રા મેળવવા પ્રયત્નો કરતા રહે છે. હવે રાત પડી ગઈ છે. જમી ને ઉતારે પહોંચી ગયા અને સૂઈ ગયા.

3–11–09

*

# 8. બુદ્ધ અને બૌદ્ધધર્મ

ભગવાન બુદ્ધ વિશે થોડી વાતો જાણીએ:

1. કપિલવસ્તુનગરીમાં શુદ્ધોદન નામના શાક્યવંશી રાજા રાજ કરતા હતા. શાક્યવંશ સૂર્યવંશની જ એક શાખા મનાય છે.

2. શુદ્ધોદનને બે રાણીઓ હતી. મહામાયા અને પ્રજાવતી, પણ કોઈ સંતાન ન હતું.

3. રાણી મહામાયાને સ્વપ્ન આવ્યું કે એક અત્યંત પ્રકાશમય તારો તેના ઉદરમાં પ્રવેશી ગયો. સ્વપ્નો પણ સૂચક હોય છે. તે જ દિવસે મહામાયા ગર્ભવતી થઈ. સંતાન વિનાની મોટી ઉંમરની સ્ત્રીઓ રાત–દિવસ પુત્રઝંખનામાં રહેલી હોય છે તેથી આવાં સ્વપ્નો આવે તેવું બને પણ સાથેસાથે ગર્ભધારણ પણ થાય ત્યારે તે દૈવી ચમત્કાર થઈ જાય.

4. ગર્ભના પૂરા માસ હતા અને તે પ્રસૂતિ માટે પોતાના પિતાના ત્યાં જઈ રહી હતી ત્યાં લુમ્બીની નામના વનમાં તે વૃક્ષની ડાળ પકડીને ઊભી હતી ત્યાં જ તેને ઊભાં ઊભાં જ પ્રસૂતિ થઈ ગઈ. જન્મેલો બાળક દિવ્ય હતો. જન્મતાં જ તે સાત ડગલાં ચાલ્યો, તેના પ્રત્યેક પગલે કમળનું ફૂલ ખીલી ઊઠ્યું. ધાર્મિક મહાપુરુષોનાં જીવન માહાત્મ્યથી ભરેલાં હોય છે. જન્મેલા બાળકનું નામ સિદ્ધાર્થ રખાયું.

5. થોડા જ દિવસોમાં મહામાયાનું અવસાન થઈ ગયું. એટલે સિદ્ધાર્થનું ભરણ–પોષણ બીજી રાણી પ્રજાવતીએ કરવા માંડ્યું. શુદ્ધોદન અને પ્રજાવતીને આ એકમાત્ર રાજકુમાર હતો. બચપણથી જ તેની રુચિ ધ્યાન તરફ હતી. તેની રુચિ અને પ્રવૃત્તિથી રાજા–રાણી ચિંતિત રહેવા લાગ્યાં.

6. એક વાર રાજાએ અશોકોત્સવ ગોઠવ્યો, જેમાં અનેક રાજકુમારીઓ આવી હતી. સૌને વિદાય વખતે સિદ્ધાર્થના હાથે ઉપહાર અપાવ્યા. વિદાય કદી ખાલી હાથે ન કરાય. બધી રાજકુમારીઓ પછી સૌથી છેલ્લી ગોપા (યશોધરા) વિદાય લેવા આવી સિદ્ધાર્થે તેને પોતાના ગળાનો હાર પહેરાવી દીધો. મહારાજા સિદ્ધાર્થની પસંદગી સમજી ગયા. યુવાન પુત્ર–પુત્રીઓનાં લગ્ન તેમની રુચિ અને પસંદગી જાણ્યા વિના કરવાં ન જોઈએ. જો વગર પસંદગીએ કે વિરુદ્ધ પસંદગીએ લગ્ન કરવામાં આવે તો વરવધૂ સુખી ન થાય.

7. યુવાવસ્થામાં સિદ્ધાર્થમાં રાજકુમારના બધા જ ગુણો ખીલી ઊઠ્યા. ઘોડેસવારી, તલવાર, કુસ્તી, ધનુર્વિદ્યા વગેરે બધા ગુણો પૂરેપૂરા ખીલી ઊઠ્યા. ગુણો જન્મજાત અને ઘડતરથી આવતા હોય છે. એમ પણ કહેવાય કે ગુણો જન્મજાત હોય છે અને ઘડતરથી ક્રિયાકુશળતા આવતી હોય છે. આ બંને હોય તો જ કોઈ યોગ્ય રાજકુમાર થઈ શકે.

8. સિદ્ધાર્થનું પરાક્રમ અને કાર્યકુશળતા જોઈને યશોધરાએ તેમને વરમાળા પહેરાવી દીધી. પ્રાચીનકાળમાં આવો સ્વયંવર થતો, કન્યાને વર પસંદ કરવાની છૂટ રહેતી, પણ તે નિશ્ચિત મર્યાદામાં. સિદ્ધાર્થ અને યશોધરા બંને પતિ–પત્ની બની ગયાં. અગ્નિની સાક્ષીએ વડીલોની વચ્ચે સિદ્ધાર્થે યશોધરાનું પાણિગ્રહણ કર્યું. જીવનભરના સાથી થવાનું વચન આપ્યું અને લીધું. બને ત્યાં સુધી યુવાનોએ વિધિપૂર્વક વડીલોની સંમતિથી લગ્નો કરવાં. ન છૂટકે જ ભાગી જવાનો રસ્તો લેવો.

9. રાજા શુદ્ધોદને જ્યોતિષીઓ પાસે જન્મપત્રિકા બનાવડાવી. જેમાં લખ્યું હતું કે આ મહાન ચક્રવર્તી રાજા થશે અથવા એવો જ ચક્રવર્તી સંન્યાસી થશે. પોતાનો પુત્ર સંન્યાસી થાય તેવું રાજાને ગમ્યું નહિ. સંન્યાસનું મૂળ વૈરાગ્ય છે અને વૈરાગ્યનું પ્રેરક તત્ત્વ દુઃખ–વેદના–આઘાત છે. તેનાથી કુમારને બચાવવા બધા પ્રયત્નો થવા લાગ્યા. પ્રત્યેક વ્યક્તિ પોતાની ક્ષમતા–અક્ષમતાની કુંડળી લઈને જન્મતી હોય છે. તેને જ કદાચ વિધાતાના લેખ કહેવાતા હશે. સોનું પેદા નથી કરાતું. દાગીનો બનાવાય છે. દાગીનો પુરુષાર્થ છે. પણ સોનું હોય તો જ દાગીનો થાય. સોનું વિધાતા છે.

10. દશેરાના દિવસે કુમાર નગરચર્યા કરવા નીકળ્યો. તેણે રોગી, વૃદ્ધ અને મૃતકને જોયાં. તે થથરી ગયો. અરેરે, આવો સંસાર! મારે પણ આવા રોગી થવું પડશે? મારે પણ આવા વાંકા વળી ગયેલા વૃદ્ધ થવું પડશે! મારે પણ મરી જવું પડશે? ના–ના–ના મારે આવું જીવન જોઈતું નથી. મારે અમરત્વ જોઈએ છે. વૈરાગ્યનું બીજ રોપાઈ ગયું. આ ભય અને આઘાતથી થયેલો વૈરાગ્ય હતો.

11. વૈરાગ્યનું પરિણામ ત્યાગ જ હોય. સિદ્ધાર્થને અમરત્વની લગની એટલી પ્રબળ હતી કે તેણે રાત્રે સૂતેલી પોતાની પત્ની યશોધરા અને પુત્ર રાહુલને ભરનિદ્રામાં રાખીને મહાભિનિષ્ક્રમણ કર્યું અર્થાત્ ગૃહત્યાગ કરી દીધો. અહીંથી પત્નીત્યાગનો આદર્શ ઊભો થયો.

12. કન્થક નામના પોતાના ઘોડા ઉપર સવાર થઈને પોતાના નોકર છન્દકને સાથે લઈને કુમાર ચાલી નીકળ્યો. જો તે દિવસે સૌની વિદાય લઈને ગૃહત્યાગ કરે તો રાજા–રાણી પ્રજા, યશોધરા વગેરે જવા ના દે. શાસ્ત્રમર્યાદા પણ આડે આવે. કારણ કે યુવાન પત્ની અને નાના બાળકનો ત્યાગ કરવાનું શાસ્ત્ર સમર્થન ન આપે. એટલે ચુપચાપ વિદાય થવાનું જ યોગ્ય લાગ્યું હશે. કેટલીક વાર મહાપ્રાપ્તિ માટે અલ્પ હાનિ જરૂરી થઈ જતી હોય છે.

13. નદી પાર કરીને સિદ્ધાર્થે તલવાર વડે પોતાના કેશ કાપી નાખ્યા. રાજસી પહેરવેશ, દર–દાગીના છોડી દીધા. બધું પેલા છન્દકને આપી વિદાય કરી દીધો. હવે અકિંચન થઈ ગયો. વૈરાગ્ય ન હોય તો અકિંચનતા એ ઘોર દરિદ્રતા જ કહેવાય અને તે મહાદ્‌ઃખદાયી થઈ શકે. પણ જો વૈરાગ્ય હોય તો આવી દશામાં પણ પરમ આનંદ રહે. કારણ કે વૈરાગ્ય પોતે જ મોટું આશ્ચર્ય છે.

14. હવે સિદ્ધાર્થ સત્યની શોધમાં અને અમરત્વની પ્રાપ્તિ માટે આશ્રમે આશ્રમે રખડવા–ભટકવા લાગ્યો. ત્યારે કપિલના સાંખ્યશાસ્ત્રનું વિશેષ પ્રચલન હતું. તેના મહાન વિદ્વાન આલામ–કાલામ હતા. તેમના આશ્રમે ગયા. સાંખ્યશાસ્ત્ર હિંસાવિરોધી છે. યજ્ઞ–યાગાદિમાં નથી માનતું. લગભગ અનીશ્વરવાદી પણ છે. આ બધા સંસ્કારો કુમાર ઉપર પડ્યા. જે આગળ જતાં વિકસ્યા લાગે છે.

15. કોઈ પણ આશ્રમમાં સમાધાન ન થવાથી સિદ્ધાર્થ એક વનમાં એક વૃક્ષ નીચે તપસ્યા કરવા બેસી ગયા. અન્નનો સંપૂર્ણ ત્યાગ કરીને ઘોર ઉપવાસ કરવા લાગ્યા. ત્યારે ત્રણ ધારાઓ મુખ્ય હતીઃ 1. યજ્ઞ–યાગાદિ કરનારી પશુહિંસાવાળી મીમાંસકોની ધારા, 2. દેહદમન કરીને ઘોર તપસ્યા કરનારા તપસ્વીઓની ધારા અને 3. સાંખ્ય યોગીઓની ધ્યાન–જ્ઞાન યોગધારા.

16. સિદ્ધાર્થે દેહદમનવાદીઓની ઘોર તપસ્યાધારા ધારણ કરી. 45 દિવસના કઠોર ઉપવાસ પછી પણ કશું પ્રાપ્ત ન થયું. જે તપમાંથી કાંઈ પણ સકારાત્મક પરિણામ ન આવે તેને વાંઝિયું તપ કહેવાય. કેટલીક વાર આવાં વાંઝિયાં તપ પ્રતિષ્ઠા માટે પણ કરાતાં હોય છે.

17. પિસ્તાલીસમા દિવસે સિદ્ધાર્થને ગુરુ મળ્યા. સાચી જીવનદિશા બતાવે તેને દીક્ષા કહેવાય અને સાચી દીક્ષા આપે તેને સદ્‌ગુરુ કહેવાય. ત્રણ સ્ત્રીઓ જઈ રહી હતી જે સંગીતની મહેફિલ સાંભળીને આવી રહી હતી.

એક બોલી : અહાહા, કેવી મજા આવી! કેવું મધુર સંગીત લાગ્યું!

બીજી બોલી : પણ જોયું નહિ, જ્યારે સંગીત બરાબર જામ્યું હતું ત્યારે જ વીણાનો તાર તૂટી ગયો. રંગમાં ભંગ પડ્યો.

ત્રીજી બોલી : તે પડે જ ને, તાર બહુ ખેંચ્યો હોય તો તૂટી જ જાય.

આ વાર્તાલાપ સિદ્ધાર્થે સાંભળ્યો. અંતરમાં વીજળી થઈ. વગર ગુરુએ દીક્ષા મળી ગઈ. અનુભવથી મોટો કોઈ ગુરુ નથી. અનુભવ વિના ગુરુઓ તો ઘેટાદીક્ષા આપનારા હોય છે. જેમનો હેતુ ઊન કાપી લેવાનો હોય છે.

18. સિદ્ધાર્થ સમજ્યો કે જીવન એક વીણા છે. તેને કઠોર નિયમો અને કઠોર વ્રતોથી એટલું કડક ન બનાવો કે અધવચ્ચે જ તાર તૂટી જાય.

જીવનને એટલું સ્વચ્છંદી ન બનાવો અર્થાત્ તારને એટલો ઢીલો ન મૂકો કે તેમાંથી સંગીત જ પ્રગટ ન થાય.

જીવન મધ્યમાર્ગી બનાવો. તાર માપસરનો જ ખેંચો જેથી સંગીત તો નીકળે પણ તાર તૂટે નહિ. આ મહાન જ્ઞાન સિદ્ધાર્થને થયું. દિશા મળી ગઈ કારણ કે દીક્ષા મળી ગઈ, અજાણી સ્ત્રીઓથી.

19. સુજાતા નામની કન્યા યોગાનુયોગ ખીર લઈને આવી અને સિદ્ધાર્થે તપસ્યા ભંગ કરી દીધી. તે ઇચ્છતો હતો કે મને કોઈ પારણાં કરાવે તો હું તપસ્યાનો ઘોર માર્ગ છોડી દઉં. પારણાં કરાવનારી સુજાતા આવી ગઈ અને બુદ્ધે ખીર ખાઈને પારણાં કરી લીધાં. હવે કુમાર સિદ્ધાર્થ બુદ્ધ થઈ ગયા હતા. તે વૃક્ષ બોધિવૃક્ષ થઈ ગયું હતું. બધું ધન્ય–ધન્ય થઈ ગયું હતું. હા, મધ્યમમાર્ગની સાચી દીક્ષા મળવાથી.

20. દેહદમનવાળી ઘોર સાધના તો સમાપ્ત થઈ ગઈ. પણ જીવનસાધના તો ચાલુ જ રહી. તે કદી પૂરી ન થાય. બુદ્ધ તે જ વૃક્ષ નીચે સાધના કરવા લાગ્યા.

21. સંસારત્યાગી સાધકને સૌથી મોટી અડચણ કામવાસનાની થતી હોય છે. બૌદ્ધો તેને 'માર' કહે છે. એટલે જ્યાં સુધી મારની હદમાં જીવન ન આવે ત્યાં સુધી તેને કુમાર અથવા કુમારાવસ્થા કહેવાય છે. મારનું આક્રમણ શરૂ થયું તે વધતું જ ગયું. હચમચાવી નાખે તેને મનમથ કહેવાય. બુદ્ધ હેરાન–પરેશાન થયા, પણ અડગ રહેતા. સાધકના બે મહાપ્રશ્નો હોય છે–એક તો મની પ્રોબ્લેમ અને બીજો સૅક્સ પ્રોબ્લેમ. પૈસો ન કમાતા હોવાથી પારકે પૈસે જીવન જીવવાથી પરાશ્રિત જીવન થઈ જતું હોય છે. લગ્ન ન કરવાથી પત્ની વિનાનું જીવન

મોટા સેક્સ પ્રોબ્લેમ ઊભા કરે છે. ગૃહસ્થાશ્રમ આ બંનેનું સમાધાન છે. એટલે ઋષિમાર્ગમાં ઋષિઓ જાતે કમાય છે જેથી સ્વાશ્રયી જીવન જીવે છે અને લગ્ન કરે છે જેથી સેક્સ પ્રોબ્લેમ ઉકેલાય છે. પણ ગૃહસ્થાશ્રમમાં બધી પત્નીઓ બધા પતિઓને ઋષિ થવા દેતી નથી. માયા તરફ ખેંચે છે, પુરુષ દુર્બળ છે. તે ખેંચાઈ જાય છે એટલે સાધના–તપસ્યા થતી નથી. કોઈક વિરલ ઘટના જ હોય કે જ્યાં પતિ–પત્ની ઋષિગુણવાળાં મળ્યાં હોય. બંને પક્ષે જમા–ઉધાર પાસાં છે. તેમ છતાં ગૃહસ્થ માર્ગ સરળ–સહજ છે. તે કુદરતસંમત છે. જ્યારે બીજો ત્યાગમાર્ગ કુદરત વિરોધી હોવાથી સરળ સહજ નથી હોતો.

22. કામવિજય લગભગ શક્ય નથી. કામવિજયની કથાઓ તો ઘણી છે પણ તે વિશ્વાસપાત્ર નથી હોતી. પ્રચારાત્મક હોય છે. પણ માનો કે કોઈએ અપ્સરા સામે આંખ પણ ન ઉપાડી તો તેને કાયમી વિજય ન માની લેવાય. આ કાલિક વિજય છે. એ જ માણસ બીજા સમયે બીજો થઈ શકે છે. કાયમી ઉકેલ તો કુદરતચીંધ્યો ઋષિમાર્ગ જ છે. જેમાં પરાજય પણ વિજય છે. અને પરાજય થવાનો ભય જ નથી. કારણ કે યુદ્ધ જ નથી. સમાધાન છે. સમાધાન એ જ સંયમ છે. નિગ્રહ એ સંયમ નથી. નિગ્રહ છેડો છે. છેડો કદી મધ્યમ માર્ગ ન થઈ શકે. અતિભોગ જેટલો હાનિકારક છે તેટલો જ અતિ–અભોગ–નિગ્રહ પણ હાનિકારક છે. જીવન તો મધ્યમાં છે.

23. બુદ્ધત્વની પ્રાપ્તિ પછી બુદ્ધ કાશી આવ્યા. અહીં તેમના જૂના તપસ્વી સાથીદારો મળ્યા. આ પાંચ વિપ્રો બુદ્ધના પારણાં કરી લેવાથી બુદ્ધ પ્રત્યે ઘૃણા કરીને અલગ થઈ ગયા હતા તે જ અહીં મળ્યા. બુદ્ધે પ્રથમ ઉપદેશ તેમને આપ્યો. તે બધા શિષ્ય થઈ ગયા.

24. કાશીની પાસે સારનાથમાં તેમણે ધર્મચક્રનું પ્રવર્તન કર્યું. ચાર આર્ય સત્યો અને અષ્ટાંગ માર્ગનો ઉપદેશ આપ્યો.

25. એક વાર પર્વત ઉપર અગ્નિ લાગ્યો હતો. પૂરો પર્વત ધગધગી રહ્યો હતો. બુદ્ધે કહ્યું કે આવી જ રીતે સંસાર પણ સળગી રહ્યો છે. બુદ્ધિમાન તે છે જે સળગતા સંસારને છોડીને શાંતિ પ્રાપ્ત કરે. મને લાગે છે કે સળગતા સંસારથી ભાગો નહિ. તેને ઓલવવાનો પ્રયત્ન કરો. આ અગ્નિ ઓલવી શકાય છે. બધા ઊભા થાવ, સંગઠિત થાવ અને ઓલવવાના કામમાં લાગી જાવ. જો આવો ઉપદેશ આપ્યો હોત તો પલાયનવાદની જગ્યાએ પુરુષાર્થવાદની સ્થાપના થાત. તો હજારો સાધુઓનાં ટોળાં ઊભાં ન થાત.

26. અહીંથી બુદ્ધ રાજગિરિ ગયા. ત્યાં બિંબિસાર રાજા રાજ્ય કરતો હતો તે શિષ્ય થયો.

27. અનેક સ્થાનોમાં વિચરણ કરીને બુદ્ધ ફરી પાછા પોતાના નગર કપિલવસ્તુ પહોંચ્યા. તેમની ભિક્ષાવૃત્તિ જોઈને શુદ્ધોદન ઘણા દુઃખી થયા. પોતાનો એકનો એક પુત્ર આવી રીતે ગલી–ગલીમાં ભીખ માગે તે તેમને ગમ્યું નહિ. બુદ્ધે તેમને ભિક્ષાનો મહિમા સમજાવ્યો. કદાચ અહીંથી ભિક્ષાવૃત્તિ પૂજ્ય બની હશે.

28. શુદ્ધોદનના આગ્રહથી બુદ્ધ રાજમહેલમાં ભિક્ષા લેવા આવ્યા. નિર્દોષ પતિવ્રતા યશોધરા બુદ્ધનો વેશ જોઈને દુઃખી દુઃખી થઈ ગઈ. તે ચરણોમાં ઢળી પડી "નારી જીવન હાય, તેરી યહી કહાની..." બુદ્ધ મહાન થયા. ભગવાન થયા પણ યશોધરાનો પક્ષ કોઈએ ન લીધો. ત્યારે પણ નહિ આજે પણ નહિ. પુરુષો તો ઠીક, કોઈ સ્ત્રી પણ તેના પક્ષે ન આવી. "મારો શું ગુનો?" કોણ જવાબ આપે?

29. યશોધરાએ પુત્ર રાહુલને પગે લાગવા મોકલ્યો અને પૈત્રિક વારસો માગ્યો. બુદ્ધે તેને સંઘમાં લઈ લીધો અને દીક્ષા આપી દીધી. કદાચ આ સર્વ પ્રથમ બાળદીક્ષા હશે? પછી રાહુલનું શું થયું તે જાણવા મળતું નથી. બુદ્ધનો દીકરો બુદ્ધ થયો હોય તેવું જાણવા મળ્યું નથી.

30. બુદ્ધે કેટલાય ચમત્કારો બતાવવા માંડ્યા. જેથી વિરોધીઓ શાંત થાય અને અનુયાયીઓ મક્કમ બને.

31. બુદ્ધે શ્રાવસ્તીના અંગુલિમાલ ડાકુનું જીવન સુધારી દીધું.

32. બુદ્ધનો પ્રખર વિરોધી દેવદત્ત હતો. દેવદત્તે અજાતશત્રુની સાથે મળીને બુદ્ધને મારી નાખવાનું ષડયંત્ર રચ્યું. એક ગાંડા હાથીને તેમના ઉપર છોડ્યો પણ હાથી ડાહ્યો થઈને ચરણોમાં બેસી ગયો.

33. કિસા ગૌતમીને પુત્રના મૃત્યુથી જે આઘાત લાગેલો તેને, આજ સુધી જેના ઘરમાં કોઈ મૃત્યુ ન થયું હોય તે ઘરમાંથી તાંદળા લાવવાના ઉપદેશથી સાન્ત્વના આપી. સૌને પ્રિયવિયોગનું દુઃખ થતું જ હોય છે તેવું સમજાવ્યું.

34. બુદ્ધે, આમ્રપાલી નામની ગણિકાનો ઉદ્ધાર કર્યો. તેમણે આમ્રપાલી ગણિકા છે તેમ સમજીને તેના પ્રત્યે ઘૃણા ન કરી. તેની ભિક્ષા લીધી. સંઘમાં સમાવી લીધી.

35. એક સિગાલ નામનો વૈશ્ય રોજ ચારે દિશાઓને વંદન કરતો હતો. બુદ્ધે સમજાવ્યું કે 1. હિંસા ન કરવી, ચોરી ન કરવી, અસત્ય ન

બોલવું અને પરસ્ત્રીગમન ન કરવું. આ ચારે દિશાઓ છે. આ નિયમોને સ્વીકારનારો ચારે દિશાઓમાં અભય થઈ જાય છે.

36. તેમણે ભરદ્વાજ બ્રાહ્મણના માધ્યમથી સમજાવ્યું કે સત્કર્મો કરનાર જ શ્રેષ્ઠ છે. માત્ર જાતિ–અભિમાનથી કોઈ શ્રેષ્ઠ થઈ જતું નથી.

37. બુદ્ધ ફરતા ફરતા કુશીનગર આવ્યા. તેમના પેટમાં શૂળ ઊપડ્યું. ચુંગ નામના લુહારના ત્યાં જે ભોજન કરેલું તે કાંઈક કાચું રહી ગયું હશે. બુદ્ધ સમજી ગયા કે હવે દીપકનું તેલ પૂરું થઈ ગયું છે, દીપક બુઝાવાની તૈયારીમાં છે. આનંદને નિમિત્ત બનાવીને તેમણે છેલ્લો ઉપદેશ આપ્યો અને નેત્રો મીંચી લીધાં. કાયમ–કાયમ માટે.

38. બુદ્ધના શરીરનો અગ્નિદાહ થયો. તેમનાં અસ્થિઓને આઠ સ્થાનોમાં પધરાવી તેના ઉપર સ્તૂપ બનાવ્યા. અગ્નિદાહ વખતનો કુંભ અને અંગારાનો એક–એક સ્તૂપ પણ બનાવ્યો. આમ દશ સ્તૂપોની સ્થાપના થઈ.

બુદ્ધ ખરેખર મહાન હતા તેમાં જરાય શંકા નથી. તે વખતની પ્રજા અને ધર્મગુરુઓ ધર્મના નામે હિંસકયજ્ઞો કરતા થઈ ગયા હતા તે બંધ કરાવ્યા. વર્ણવ્યવસ્થાના પ્રભાવથી ઊંચ–નીચના જે ભેદ હતા તે ઓછા કરાવ્યા. તેમણે વર્ણની વ્યાખ્યા ગુણલક્ષી કરી, જન્મલક્ષી નહિ. તેમના દરવાજા બધા માટે ખુલ્લા મૂકી દીધા અને ભિક્ષુઓ અડધા વિશ્વમાં પ્રસરી ગયા જેથી બૌદ્ધધર્મને વિશ્વધર્મ બનાવી શકાયો. ભારતમાં આ એક જ ધર્મ હતો જે ભારત બહાર પૂરજોરથી ફેલાઈ શક્યો. ભારતીય સંસ્કૃતિને દૂર દૂર સુધી ફેલાવવાનું એક માત્ર શ્રેય બૌદ્ધધર્મને જ આપી શકાય. કારણ કે આ પ્રસારક્ષમ ધર્મ હતો. તેમ છતાં તે ઇસ્લામની આંધી આગળ મોટા ભાગે ટકી શક્યો નહિ. મધ્ય એશિયામાં બૌદ્ધધર્મ હતો પણ ઇસ્લામનો રંગ ફરી વળ્યો. પૂરું અફઘાનિસ્તાન બૌદ્ધમાંથી ઇસ્લામી રંગમાં રંગાઈ ગયું. પૂર્વના ઇન્ડોનેશિયા, મલેશિયા જેવા કેટલાક દેશો બૌદ્ધમાંથી ઇસ્લામી રંગે રંગાઈ ગયા. મારી દૃષ્ટિએ તેનાં નિશ્ચિત કારણો હતાં.

1. ઇસ્લામમાં જે ધાર્મિક સમાનતા છે તે તેમનામાં ન હતી.

2. ઇસ્લામમાં જે બ્રધરહૂડ–ભાઈચારો છે તે બીજે ન હતો.

3. ઇસ્લામમાં ભિક્ષુઓ ન હતા કારણ કે બ્રહ્મચર્ય કે પત્ની–ત્યાગ ન હતો. તેથી તે કુદરત નજીકની જીવનપદ્ધતિથી જીવન પ્રદાન કરતો હતો.

4. ઇસ્લામમાં આક્રામકતા હતી, જેથી ઝડપથી તે વિશ્વવ્યાપી થઈ શક્યો. બૌદ્ધોમાં આક્રામકતા ન હતી, તેથી માત્ર રાજીખુશીથી જ તેનો પ્રચાર–પ્રસાર થતો હતો.

આવાં અનેક કારણોથી ઇસ્લામ વધુ પ્રસારક્ષમ થઈ ગયો.

મારી દૃષ્ટિએ બુદ્ધ અને બૌદ્ધ ધર્મને બે ભાગમાં વહેંચી શકાય.

1. સૌના માટે ખુલ્લા દરવાજા, વર્ણવ્યવસ્થા વિના સૌને આગળ વધવાનો સમાન અધિકાર, વિશ્વભરમાં પ્રસરી જવાની ક્ષમતા, આચારપ્રધાન ઉપદેશો વગેરે.

2. તેમનો બીજો ભાગ છે દર્શન. દીપકના છેલ્લા ટીપાનો ક્ષય થતાં જ દીપક બુઝાઈ જાય છે તેમ જીવાત્મા પણ છેલ્લી વાસના ક્ષય થતાં સમાપ્ત થઈ જાય છે. જો આવું હોય તો બુદ્ધના નિર્વાણ પછી બુદ્ધનું અસ્તિત્વ રહ્યું કે કેમ? આવું જ બીજા કેટલાય નિર્વાણપ્રાપ્ત મહાપુરુષો માટે પણ કહી શકાય. જો છેલ્લી ચિદ્ધારા પૂરી થઈ જવાથી સ્વસમાપ્તિ થઈ જતી હોય તો બુદ્ધ પ્રતિમા આગળ કરેલી પ્રાર્થના વંદન વગેરેનું શું? કારણ કે તેમના આત્માનું છેલ્લું ટીપું ક્યારનુંય પૂરું થઈ ગયું છે. હવે શૂન્ય જ છે.

ત્યાગપ્રધાન જીવનપદ્ધતિથી વાસ્તવિક જીવનપદ્ધતિની ઉપેક્ષા થાય છે? ત્યારે અને અત્યારે પણ હજારો લોકો સંસારત્યાગી થઈને પરાશ્રિત અને અનુત્પાદક જીવન જીવતા થઈ જાય તો તેથી દેશના અર્થતંત્રને હાનિ થાય? ઉત્પાદકતા ઘટે! અનુત્પાદક વર્ગ વધે! ઉત્પાદક વર્ગ વધારવો સારો કે અનુત્પાદક વર્ગ વધારવો સારો? તે સમયે ભિક્ષુઓની સંખ્યા હજારોમાં રહેતી. તિબેટમાં હમણાં સુધી આવી હજારોની સંખ્યા હતી.

અનીશ્વરવાદી હોવાથી લોકોને ધ્યાન તરફ વાળ્યા. પ્રશ્ન એ છે કે ધ્યાનથી દેશને શું મળ્યું? માનો કે ધ્યાનથી કોઈને શાંતિ મળી. પણ મોટા ભાગે આવી શાંતિ જીવનના પ્રશ્નોથી ભાગનારા મેળવતા હોય છે. તેમનાં આહારાદિની વ્યવસ્થા સ્વનિર્ભર નથી હોતી. પરનિર્ભર હોય છે. કલાકો કે દિવસો સુધીના ધ્યાનથી નિષ્ક્રિયતા વધી. નિષ્ક્રયતા પૂજાવા લાગી. એ જ અધ્યાત્મ થઈ ગયું. આવું અધ્યાત્મ દેશને સમૃદ્ધ–સંપન્ન કરવામાં સહાયક ન જ બને. પશ્ચિમના લોકોએ ધ્યાન ન કર્યું, ધ્યાનથી કામ કર્યું. પરિણામે ત્યાં વૈજ્ઞાનિકો ઉત્પન્ન થયા. તેમણે એક

પછી એક નવી નવી શોધો કરી જેનાથી વિશ્વના ઘણા પ્રશ્નો ઉકેલાયા. પશ્ચિમ સુપર અને સમૃદ્ધ બન્યું તેના વિજ્ઞાનથી. આપણા ધ્યાનથી યોગીઓ થયા, તેમણે ચમત્કારો કર્યા. લોકો ભલે અંજાઈ ગયા હોય. પણ ચમત્કારોથી જીવનનો કોઈ પ્રશ્ન તો ન ઉકેલાયો. ન ભૂખમરાનો, ન ગરીબીનો, ન શોષણનો, ન અજ્ઞાનનો, ન અન્યાયનો. તેથી લોકજીવન તો હતું ત્યાં ને ત્યાં જ રહ્યું. જે જીવનના સળગતા પ્રશ્નો ઉકેલે તે ધર્મ કહેવાય, તે અધ્યાત્મ કહેવાય. આવું ન થયું. કારણ કે ધ્યાન તો બધાથી દૂર રહેવાનું શીખવતું હતું. પ્રશ્નોને ઉકેલવા માટે ઝઝૂમવાનું પ્રેરણાબળ ઓછું હતું. અધ્યાત્મ, પેટના પ્રશ્નો કે લાગણીના પ્રશ્નોને મહત્ત્વ આપતું ન હતું તેથી આ પ્રશ્નો તો વણઉકેલ્યા જ રહ્યા. જેટલા ગૃહત્યાગીઓ ધ્યાનમગ્ન થયા તેટલા જો ધ્યાનથી કામ કરતા થયા હોત તો યોગીઓની જગ્યાએ અહીં વૈજ્ઞાનિકો થયા હોત, તો ચમત્કારોની જગ્યાએ વાસ્તવિકતાની કથાઓ પ્રચલિત થઈ હોત, તો આ દેશ જુદો જ હોત.

દુઃખનું મૂળ ઇચ્છા છે એ સિદ્ધાંતના આધારે જો સુખી થવું હોય તો ઇચ્છાનો ત્યાગ કરો એ ફળશ્રુતિ થઈ. તેના કારણે ઇચ્છાહીનતા આદર્શ બની. ઇચ્છા જ ન હોય તો મહેચ્છા કે મહત્ત્વાકાંક્ષા ક્યાંથી હોય? કદાચ એટલે જ આપણે વાસ્કોડીગામા, કોલંબસ, જેમ્સ કૂક, સિકંદર, નેપોલિયન જેવા મહત્ત્વાકાંક્ષી પુરુષો પેદા ન કરી શક્યા. જો ઇચ્છાહીનતાની જગ્યાએ મહેચ્છા કે મહત્ત્વાકાંક્ષાનો પ્રેરક સંદેશો પ્રજાને અપાયો હોત તો હજારો સાગરખેડુઓનો ઇતિહાસ હોત. તો હજારો સિકંદરોનો ઇતિહાસ હોત, હજારો વૈજ્ઞાનિકોનો ઇતિહાસ હોત, તો આ દેશ કેવો હોત? જરા વિચાર કરો. આપણે જે દિશામાં વળ્યા (ત્યાગપ્રધાન) કે જે દિશામાં વાળવામાં આવ્યા તે દિશા સાચી હતી કે પછી મહેચ્છા, મહત્ત્વાકાંક્ષા, વિજ્ઞાનની દિશા સાચી હતી? આજે પણ આ નિર્ણય તો કરવાનો જ છે. ધ્યાન બિલકુલ ન કરવું જોઈએ તેવું મારું કથન નથી. સવારે–સાંજે થોડો સમય કોઈ ધ્યાન કરે તો કરે. પણ જે લોકો બધું કામધામ છોડીને સતત ધ્યાનમાં લાગ્યા રહે છે તેમનો વિરોધ છે. સતત ધ્યાન કરવાથી અર્થ કરતાં અનર્થો ઘણા થાય છે. એક તો મગજ ડલ થવા લાગે છે, નિષ્ક્રિયતા વધે છે, ઇચ્છાહીનતા વધે છે, ભાગેડુવૃત્તિ જાગે છે. નહિ ઘરનો કે નહિ ઘાટનો જેવો થઈ જાય છે. સૌથી મોટી હાનિ તો દેશરક્ષક સૈનિકવૃત્તિનો ક્ષય થાય છે. રાષ્ટ્રની પાયાની આવશ્યકતાઓનો પણ વિચાર કરવો જોઈએ. રાષ્ટ્રને મહાન સેનાપતિઓ, સૈનિકો, વૈજ્ઞાનિકો, ખેડૂતો, કારીગરો, મજૂરો જોઈએ છે. તેની જગ્યાએ પલાંઠી વાળનારાઓનાં ટોળાં વધી જાય તો રાષ્ટ્રનું શું થાય? રાષ્ટ્રને દુર્બળ બનાવનારો મોક્ષમાર્ગ રાષ્ટ્ર માટે તો ઘાતક જ સિદ્ધ થઈ શકે છે.

અંતિમ વાત–મારે બીમાર નથી થવું, મારે વૃદ્ધ નથી થવું, મારે મરી નથી જવું.–મારે અમર થવું છે. આવા ત્રણ હેતુઓ માટે બુદ્ધે ગૃહત્યાગ કર્યો હતો. પણ આ ત્રણે હેતુઓમાંથી એક પણ હેતુ સિદ્ધ થયો દેખાતો નથી. તે બીમાર થયા, વૃદ્ધ થયા અને અવસાન પણ પામ્યા. જો નિર્વાણ હોય અને નિર્વાણમાં દીપકનું છેલ્લું ટીપું પૂરું થઈ જાય પછી દીવો હોલવાઈ જાય તેમ જો બુદ્ધનો આત્મા પણ સમાપ્ત થઈ ગયો હોય તો દેહની સાથે અથવા પહેલાં પોતાનું અસ્તિત્વ જ સમાપ્ત થઈ ગયું કહેવાય. હવે બાકી શું રહ્યું?

ખરેખર તો ત્રણ પ્રશ્નોનો ઉકેલ કાંઈક અંશે વિજ્ઞાને કર્યો કહેવાય. હવે લોકો ઓછા બીમાર થાય છે. નિદાનો અને દવાઓ વધી છે. કેટલાય રોગો સમાપ્ત થઈ ગયા છે. હવે લોકો જલદી વૃદ્ધ થતા નથી. 60–70 વર્ષે પણ સારું આરોગ્ય દેખાય છે. 90–95 વર્ષ સુધી લાંબું આયુષ્ય જીવે છે અને મૃત્યુ તો અપરિહાર્ય કલ્યાણકારી તત્ત્વ છે. એટલે આ ત્રણ હેતુઓ પ્રાપ્ત કરવા હોય તો વધુમાં વધુ વિજ્ઞાનના શરણે જવાનું રહ્યું. ફરીથી સ્પષ્ટતા કરું છું. બુદ્ધ મહાન છેઃ અડધા વિશ્વમાં ભારતીય સંસ્કૃતિ ફેલાવવા માટે. પણ પત્નીત્યાગ, ગૃહત્યાગ, સંસારત્યાગ કરીને પરાશ્રિત જીવન જીવનારાં મોટાં મોટાં ટોળાં પેદા કરવા માટે પુનઃ વિચારણીય છે. રાષ્ટ્રને ધ્યાનીઓ, યોગીઓ કરતાં વિજ્ઞાનીઓ, સૈનિકો વગેરેની વધુ જરૂર છે. આ બધાથી વિમુખ કરનારું દર્શન અને જીવન રાષ્ટ્રને સમૃદ્ધ અને બળવાન તો ન જ બનાવે.

**3–11–09**

*

# ૭. રાજગિરિ

આજે કારતક સુદ–6 છે. બિહારમાં છઠનો તહેવાર વર્ષનો સર્વોચ્ચ તહેવાર મનાય છે. બધી કોમો ધૂમધામથી છઠનો તહેવાર ઊજવે છે. માઓવાદીઓ અને બૌદ્ધો પણ ખરા. છઠનો તહેવાર શું છે?

પરમેશ્વરે સૃષ્ટિની રચના નર–નારીના રૂપમાં કરી છે. જડ–ચેતન બધું જ નર–નારીમય છે. માત્ર રચના જ નથી કરી, તેણે બંને વચ્ચે પ્રબળતમ આકર્ષણ પણ ઊભું કર્યું છે. બંને એકબીજાને પામવા માટે તીવ્ર સંવેદના ધરાવે છે. પશુ–પક્ષીઓ વગેરે કામાતુર અવસ્થામાં તો એકબીજાને પામવા ગાંડાં જેવાં થઈ જાય છે. પણ કામાતુરાવસ્થા પૂરી થતાં જ હું કોણ અને તું કોણ જેવું થઈ જાય છે. માણસની કામાતુરાવસ્થા કદી પૂરી નથી થતી. તેની કોઈ ઋતુ કે સીઝન હોતી નથી. 365 દિવસ તેની ઋતુ હોય છે. એટલે તેનું આકર્ષણ કોઈ કાળપૂરતું જ સીમિત નથી રહેતું. બીજું, માણસને સંસ્કૃતિ જીવનમૂલ્યો આપે છે. જેમાં નર–નારીના સંબંધો એ સર્વોચ્ચ જીવનમૂલ્યો ગણાય છે. જ્યારે લગ્નસંસ્થા ન હતી ત્યારે સ્ત્રીઓ માટે પશુઓની માફક પુરુષો પણ લડી મરતા, કારણ કે સ્ત્રી માત્ર ભોગ્યા હતી. ઘણા કડવા અનુભવો પછી લગ્નસંસ્થા પ્રસ્થાપિત થઈ. ધર્મ, સમાજ અને રાજાના દ્વારા રક્ષિત અને સમર્થિત થઈ. હવે સ્ત્રી માત્ર ભોગ્યા ન રહી. તે અર્ધાંગિની બની. જેનો અર્થ થાય કે તે હવે પુરુષનાં બધાં કાર્યોમાં અર્ધભાગીદાર બની. તે જવાબદાર થઈ. બંનેનું દામ્પત્ય થયું. એકબીજામાં ભળ્યા વિના દામ્પત્ય જામી શકે નહિ. સ્ત્રી, પુરુષમાં ભળી જાય, પોતાનું અસ્તિત્વ ખોઈને સંપૂર્ણ અસ્તિત્વ મેળવી લે. આ થયો પતિ–પત્નીનો સંબંધ. જીવનભરનો સાથ. આ સાથને, આ સંબંધને માત્ર બૌદ્ધિક ડહાપણથી જ ન બાંધી શકાય. ન પાર પાડી શકાય. આ તો લાગણીપ્રધાન સંબંધ છે. જે લાગણીથી જ રચી શકાય અને પાર પાડી શકાય. લાગણી જ જીવન છે. લાગણીહીનતાને અધ્યાત્મ ન કહેવાય. તે તો કુદરતવિરોધી માનવે સર્જેલી બીમારી છે. લાગણીની જ કથાઓ હોય છે. પતિ–પત્નીને પરસ્પરમાં તીવ્ર લાગણીઓ હોવી જ જોઈએ. એકબીજા વિના રહી ન શકતાં હોય તો તે સારું જ છે. જો રહી શકે તો લુખ્ખાપણું આવી જાય. લાગણીના એક છેડે મોહ છે અને જો તેને રિફાઇન કરવામાં આવે તો બીજે છેડે દિવ્ય–દૈવી પ્રેમ છે. મોહમાંથી પ્રેમમાં જવું તે સાધના છે. મોહનો નાશ નહિ, પ્રેમમાં રૂપાંતર થવું એ જ જીવનવિકાસ છે. આ વિકાસમાં કેટલાંક પોષક–બાધક તત્ત્વો હોય છે. ધર્મ અને સંસ્કૃતિ તેમાં પોષકતત્ત્વ થઈ શકે છે. સંપૂર્ણ સમર્પણવૃત્તિ અને પતિવ્રતાપણું એ ધર્મે આપેલું. પોષકતત્ત્વ છે. મારો પતિ જ મારું સર્વસ્વ છે. તેના સિવાય મારું બીજું કોઈ નથી. પૂરી વફાદારી, આવી સ્થિતિ જ્યારે પત્નીમાં જાગે ત્યારે તે પતિવિજયી થઈ જાય છે. અર્થાત્ પતિ તેનો થઈ જાય છે. પત્ની હારીને જીતી જાય છે. પતિને જિતાડીને તે પોતે ધન્ય ધન્ય થાય છે. કારણ કે 'તત્ત્વમસિ' તે હું જ છું તેવી વૃત્તિ સ્થિર થઈ ગઈ હોય છે.

આ તત્ત્વને પોષવા અને વિકસાવવા અહીં છઠનું પર્વ ઊજવાય છે. દુનિયાના છેડેથી બિહારીઓ વતનમાં આવે છે. ઉત્સાહનો પાર નથી હોતો. ઘરને લીંપે–ગૂંપે અને સજાવે છે. સારી સારી મીઠાઈઓ બનાવે છે. આખી રાતનું જાગરણ કરે છે. નદીમાં જઈને સૂર્યપૂજા કરે છે. આખું દૃશ્ય જોવા જેવું હોય છે. ચારે તરફ ભાવુકતા જ ભાવુકતા હોય છે. આ પર્વ સ્ત્રીઓનું પર્વ છે. એટલે ચારે તરફ સ્ત્રીઓ જ સ્ત્રીઓ દેખાય છે. સ્ત્રીઓ લાગણીપ્રધાન ભાવુક હોય છે એટલે વ્રત–નિયમો તેમણે જ વધુ કરવાનાં હોય છે. મારો પતિ લાંબું જીવે, એ જ આ પર્વનો હેતુ છે. પતિ વિનાનું વિધવાજીવન તો ધૂળ બરાબર છે. સુહાગ અને સૌભાગ્યનું ચિહ્ન પ્રત્યેક સુહાગિની સ્ત્રીના કપાળમાં સિંદૂર ભરેલી માંગ હોય છે. એક સરસ કહેવત છે કે

> *"કોઈ ધનવાનની રખાત થવા કરતાં*
> *કોઈ ગરીબની સોહાગણ થવું ઘણું ઉત્તમ છે."*

રખાત સોને મઢી હોય તોપણ પ્રાણ વિનાની ઢીંગલી જ છે. તે માત્ર કોઈની રમતનું સાધન છે. જ્યારે સોહાગણ તો ભલે ચીંથરે વીંટી હોય તોપણ પવિત્રતાની પ્રતિમા છે. તેનાં દર્શન કરીને પવિત્ર થવાય. એટલે તો લોકો તેનાં શુકન લે છે. જે સ્ત્રીઓ માત્ર વાસના અને પૈસાની ભૂખી હોય છે તે ગુપ્ત કે પ્રગટ રીતે કોઈની રખાત થઈ જતી હોય છે. પણ જે સ્ત્રીઓને પૈસાની કે વાસનાની પડી નથી હોતી તે સુહાગણ થઈને જીવન દીપાવી મૂકતી હોય છે. તે સતી સાવિત્રી, જસમા ઓડણ જેવી પત્ની હોય છે. આ છઠનું પર્વ સુહાગણોનું છે. પોતાના સુહાગ માટે આરાધનાનું છે. આવાં પર્વો ઊજવવાં જોઈએ, જેથી જીવનની ઉચ્ચતાને પોષણ મળે. નાસ્તિકો કે તાર્કિકો આ વાતને સમજી

શકતા નથી. તેથી કદાચ તેઓ પત્નીની લાગણીઓને પૂરેપૂરી પતિકેન્દ્રિત કરી શકતા નહિ હોય. જે હોય તે પણ બે દિવસ સુધી આ પર્વ જોઈને અમે તો ધન્ય ધન્ય થઈ ગયા. જે પતિઓ પોતાની લાગણીઓને પત્નીકેન્દ્રિત કરી શકે છે તે જ પતિઓ કદાચ પત્નીઓની પતિકેન્દ્રિત લાગણીનું દામ્પત્ય સુખ મેળવી શકે છે.

આજે તા. 24–10–09 છે. અમે રાજગિરિ જોવા જઈ રહ્યા છીએ. શ્રી મહેશભાઈએ અમારા માટે ભાડાની ક્વોલીસ ગાડી કરી આપી છે. ડ્રાઈવરનું કથન છે કે "અત્યારે પહેલાંની તુલનામાં બિહારમાં ઘણી શાંતિ છે. લાલુના રાજમાં બહુ જ અરાજકતા થઈ ગઈ હતી. ક્યાંય સુરક્ષા ન હતી. પણ હવે નીતીશકુમારના રાજમાં ઘણી શાંતિ છે." તેની વાત સાચી લાગી. કારણ કે નેત્ર કૅમ્પમાં એક પણ પોલીસ કે સિક્યોરિટી રખાયો નથી. હજારો માણસો આવે જાય છે. પણ ક્યાંય કશી ગરબડ થતી નથી, ચોરી થતી નથી, ભલે બહાર જે થતું હોય તે થાય પણ અહીં તો શાંતિ છે. ગુંડાઓ પણ આ કૅમ્પની મર્યાદા સાચવે છે. તે પણ સ્વીકારે છે કે આ લોકો ગરીબોની સેવા કરવા આવે છે. અમારી ગાડી ચાલી રહી છે. અમારે બસો કિલોમીટર દૂર રાજગિરિ જવાનું છે. બંને તરફ ગામડાં આવી રહ્યાં છે. મકાનો સુધરી ગયાં છે. પચાસ વર્ષ ઉપર જ્યારે હું આ ભાગમાં નીકળ્યો હતો ત્યારે ઘાસ–ફૂસનાં કાચાં મકાનો હતાં. હવે પાકાં થવા લાગ્યાં છે. તોપણ ગુજરાત જેવાં તો નહિ જ. લોકો ઢોરના છાણનાં છાણાં થાપીને બાળે છે. છાણનું ખાતર નથી કરતા. લાલુના સમયમાં ગમે ત્યારે ગમે તેની ગાડી પડાવી લેતાં વાર ન થતી. હવે એવું નથી થતું. અત્યારે કોઈ ભૂખ્યું નથી રહેતું, સૌને પોત–પોતાની કક્ષા પ્રમાણે ખાવાનું મળી રહે છે.

બોધગયાથી અમે ગયા પહોંચ્યા છીએ. ગયા જિલ્લો છે. મોટું શહેર છે. ડ્રાઈવરનું કહેવું છે કે આ બધો ભાગ મુસ્લિમ મહોલ્લો છે. અહીં પચાસ ટકા મુસ્લિમોની આબાદી છે. હવે કોઈ કોમી હુલ્લડો નથી થતાં. મુસ્લિમો સમજી ગયા છે કે હુલ્લડો કરવાથી કોઈ ફાયદો થવાનો નથી. પણ તેમની વસ્તી બહુ જોરથી વધી રહી છે. સૌને ચિંતા થાય છે. અહીં 80 ફૂટે પાણી મળી રહે છે. જમીન સારી ફળદ્રુપ છે. પણ લોકો ગુજરાત જેવી ખેતી નથી કરતા. ખેતમજૂરોનો ભાવ અહીં 80 ચાલે છે. અમે તુંગી નદી પાર કરી. બિહાર નદીઓનો પ્રદેશ છે. મોટા ભાગે બધી નદીઓ નેપાળથી આવે છે અને ગંગામાં ભળી જાય છે. ચોમાસામાં અહીં હાહાકાર થઈ જાય છે. કોઈ વર્ષ રેલ વિનાનું નથી હોતું. ચોમાસામાં લોકો રેલથી મરે છે, શિયાળામાં ઠંડીથી મરે છે અને ઉનાળામાં ગરમીથી મરે છે, ત્રણે ઋતુઓમાં ભારે નુકસાન થાય છે. કારણ કે લોકોને જીવતાં નથી આવડતું. આ તુંગી બજાર છે. મોટું બજાર લાગ્યું છે. હજી સુધી અમે એક પણ સરકારી બસ જોઈ નથી. બધી ખાનગી બસો જ ચાલે છે. રોડ ઉપર કારો પણ જોવા મળતી નથી. તેમાં પણ કીમતી કાર તો નહિ જ. રોડ ઉપર ચાલતાં વાહનો ઉપરથી પ્રજાની સમૃદ્ધિનો સ્તર માપી શકાય છે. અમારાં કેટલાંક ધર્મસ્થાનોમાં પણ પ્રવેશદ્વાર ઉપર પ્રવેશતાં વાહનો ઉપરથી ભક્તોનો સ્તર મપાતો હોય છે. જેવો સ્તર તેવું સ્વાગત. પ્રવેશદ્વાર ઉપર બેસાડેલો માણસ ફોનથી કાર્યાલયમાં જાણ કરતો હોય છે. "એક મર્સિડીઝ આવે છે" "એક ફિયાટ આવે છે" તરત જ તેના સ્વાગતની વ્યવસ્થા કરાય છે. ધર્મસ્થાનો જ્યારે કોમર્શિયલ થઈ જાય ત્યારે ધર્મનું આપોઆપ પતન થઈ જાય. ભવ્ય મંદિરોથી ધર્મનું ઉત્થાન નથી થતું હોતું પણ ભવ્ય આચારોથી ઉત્થાન થતું હોય છે.

પૂર્વે કહ્યું તેમ આજે છઠ પૂજા છે, પ્રત્યેક ગામની ભાગોળે ગામલોકો દ્વાર બનાવે છે, માતાજીની મૂર્તિ મૂકે છે અને નાચગાન કરતા હોય છે. લોકોમાં ભારે ઉત્સાહ છે. બધું જોતાં–જોતાં અમે રાજગિરિ પહોંચી ગયા. અહીંથી અમારે રોપ–વે દ્વારા ઊંચે પર્વત ઉપર રાજગિરિ જવાનું છે. અમે બધા ટિકિટ માટે લાઇનમાં ઊભા રહી ગયા. રોપ–વેમાં માત્ર એક જ ખુરશી આવ–જા કરે છે. એટલે એકસાથે એક જ માણસ બેસી શકે છે. નંબર પ્રમાણે ખુરશી આવે છે. ઊભી નથી રહેતી, ઝટ દઈને બેસી જવાનું નહિ તો જતી રહે છે. કદાચ ન બેસી શકાય અને ખુરશી જતી રહે તો તેની પાછળ બીજી ખુરશી આવે છે. સેવકો ઝટ દઈને તેમાં બેસાડી દે છે. પેટ આગળ એક સળિયો આડો થઈ જાય છે. જેથી પડી ના જવાય. વૃદ્ધ અને અશક્ત માણસો માટે તકલીફ રૂપ કહેવાય. હું, મહેન્દ્રભાઈ, શક્તિસિંહ વગેરે ક્રમવાર બેસતા ગયા અને ઊપડ્યા. નીચેનું દૃશ્ય બહુ જ રમ્ય લાગે છે. સ્ટીલના પાતળા દોરડા ઉપર ખુરશીઓ આવ–જા કરી રહી છે. જ્યારે જ્યારે થાંભલો આવે છે ત્યારે ખટકા થાય છે. નીચે ગાઢ વનરાજી અને લીલોતરી છે. કોઈ સમયે અહીં ઋષિ–મુનિઓ રહેતા હશે. અંતે અમે લક્ષ્ય ઉપર પહોંચી જ ગયા. જો રોપ–વે ન હોત તો આટલી ઊંચાઈ ચઢવામાં કદાચ આખો દિવસ નીકળી જાત. અહીં પણ ઝડપથી ઊતરી જવાનું કારણ કે ખુરશી ઊભી રહેતી નથી. ડિઝાઇન જ એવી બનાવી છે. જો ઊભી રહે તો કદાચ પૂરો રસ્તો બંધ થઈ જાય. બધું જ ઊભું રહી જાય.

અમે બધા ભેગા થયા અને થોડું ચઢવાનું છે તે ચઢવા લાગ્યા. નાગપુરના ચાર–પાંચ યુવાનો પણ છે. જે આકાર ઉપરથી દલિત જેવા લાગે છે. તે તરફ ઘણા ભાઈઓ બૌદ્ધધર્મી થયા છે. બૌદ્ધધર્મનો ફરીથી ભારતમાં ઉદય થાય તેવા પ્રયત્નો થઈ રહ્યા છે. પણ આ પ્રવૃત્તિ માત્ર એક વર્ગ પૂરતી જ ચાલતી હોવાથી બહુ પરિવર્તન થાય તેવી શક્યતા દેખાતી નથી. જે દલિત ભાઈઓ બૌદ્ધ થયા છે તેમાંથી કેટલાક હિન્દુઓ પ્રત્યે બહુ ભારે ઘૃણા કરતા પણ થયા છે. તેઓ હિન્દુધર્મ પ્રત્યે ભારે નફરત કરે છે. મને તેમાં તેમનો દોષ દેખાતો નથી. કારણ કે તેમના પૂર્વજો સાથે તેવો જ વ્યવહાર થયો હતો તે તેમનાથી ભુલાતું નથી. પણ જેણે વિકાસ કરવો હોય તેણે ભૂતકાળની કડવાશને વાગોળ વાગોળ કરવાની ન હોય. કડવા ઘૂંટડા પી જનાર જ શિવત્વ પ્રાપ્ત કરતો હોય છે. આ લોકોએ ભણસાલી ટ્રસ્ટ જેવા લોકોને પણ યાદ કરવા જોઈએ જે તેમના માટે સેવાપ્રવૃત્તિ કરતા રહે છે. પણ મીઠાશ ઉપર કડવાશની અસર ફરી વળે છે. ઉપરથી રાજકારણ તેમને વધુ ને વધુ કડવાશ પિવડાવે છે. અમે બધા સાથે મળીને ઉપર ચઢવા લાગ્યા. અમે છેક ઉપર શાંતિસ્તૂપ સુધી પહોંચી ગયા. સ્તૂપ આધુનિક છે અને ભવ્ય છે. મને લાગે છે કે જાપાનીઓએ બનાવ્યો છે. પગથિયાં ચઢીને ઉપર ગયા. સ્તૂપ અંદરથી નક્કર લાગે છે. બહાર એક બુદ્ધની ભવ્ય પ્રતિમા લાગેલી છે. અમે પ્રદક્ષિણા કરી. એક ગુજરાતી પરિવાર પણ યાત્રાએ આવ્યો છે. તેમણે ફોટા પાડ્યા. વાતોચીતો થઈ. આનંદ આવ્યો. બધાં પ્રવાસધામોમાં સૌથી વધુ ગુજરાતી જોવા મળે છે. સારું છે. લોકો યાત્રા–ભ્રમણ કરે તો જ્ઞાન વધે.

શક્તિસિંહનું કહેવું છે કે "હાશ, કેટલી બધી શાંતિ છે." મેં કહ્યું કે કનડગત નથી એટલે વધુ શાંતિ અનુભવાય છે. કનડગત, અશાંતિ જન્માવે છે. ઘરમાં કે બહાર ક્યાંય કનડગત ના હોય એટલે શાંતિ. આટલી ભવ્ય અને દર્શનીય જગ્યા હોવા છતાં ક્યાંય કોઈ ભિખારી નથી. પંડ્યા–પૂજારી નથી. ટિકિટ નથી. કચરો નથી. બસ શાંતિ છે શાંતિ. શાંતિ સહજ છે. તેના માટે સાધના કરવાની જરૂર નથી. સાધનાથી જે શાંતિ આવે તે કાલિક હોય. અશાંતિ સકારણ હોય છે. સહજ નથી હોતી. કોઈ પણ પ્રકારની કનડગતથી અશાંતિ થતી હોય છે. કનડગતથી મુક્ત થાવ તો શાંતિ જ છે. હા, શાંતિ ઉપર એક બીજું તત્ત્વ છેઃ આહ્લાદ. આહ્લાદ સકારણ હોય છે. શાંતિની સાથે આનંદનો ઊભરો ઊભરાયા કરે. મહેશભાઈનું કથન છે કે હું આ સેવાકાર્ય માત્ર મારા આનંદ માટે કરું છે. પરદુઃખનિવારણથી મને અનહદ આનંદ મળે છે. એટલે સેવા કરું છું. સેવા જો તમારી પ્રકૃતિમાં હોય તો જ લાંબો સમય કરી શકો. દેખાદેખી કે ઉપદેશ સાંભળીને સેવા કરવા લાગો પણ પ્રકૃતિમાં ન હોય તો લાંબો સમય સેવા કરી શકાય નહિ. 160 ફૂટ ઊંચો સ્તૂપ જોઈને ધન્ય થયા. સ્તૂપોએ બૌદ્ધ ધર્મ અને બુદ્ધને યાદગાર બનાવી દીધા છે.

સ્તૂપના ચોકમાં એક મોટી તકતી લગાવેલી છે. 1978ના રોજ પ્રધાનમંત્રી મોરારજીભાઈ દેસાઈએ આ સ્તૂપનું ઉદ્‌ઘાટન કર્યું હતું. હું તકતી લગાવવાનો વિરોધી નથી. દાતાને અમર કરવો જ જોઈએ. સાથે સાથે તેમાંથી ઇતિહાસ પણ મળે છે.

ફરી પાછા ઝડપથી રોપ–વેમાં બેઠા અને વિદાય થયા. થોડેક નજીક જ સોનભંડાર નામની ગુફાઓ છે તે જોઈ રહ્યા છીએ. એવું કહેવાય છે કે જૈનમુનિ વૈરદેવે આ ગુફાઓ નિર્મિત કરાવી હતી. કેટલાક લોકો એવું પણ માને છે કે સમ્રાટ શ્રેણિકે પોતાનું સોનું સંતાડવા માટે આ ગુફાઓ બંધાવી હતી. અહીં શિલાલેખો તથા તીર્થંકરોનાં ભીંતચિત્રો છે. જે કોઈ આ શિલાલેખો વાંચી શકશે તે શ્રેણિક રાજાનું સોનું પ્રાપ્ત કરી શકશે. પ્રયત્નો ચાલે છે. બહુ સફળ રહ્યા નથી. આ ગુફાઓ વાઇસરોય કનિંઘમના પ્રયત્નોથી શોધી કઢાઈ હતી. બાકી તો ઝાડઝાંખરાં ફરી વળ્યાં હતાં ગુફાની દીવાલો ઉપર. આક્રાન્તા મહમદ બખ્તિયારે બધી મૂર્તિઓ ખંડિત કરી નાખી છે. બધું ઘણું ખેદાન–મેદાન કર્યું છે. કેવી વિચારધારા હશે! તોડફોડ કરવામાં જ આનંદ આવે! આવી વિચારધારા પ્રત્યે કેવી રીતે સહાનુભૂતિ થાય? લોહી ન ઊકળી ઊઠે? પણ હા, લોહી હોય તો રક્તકણો નષ્ટ થઈ ગયા હોય અને શ્વેતકણો વધી ગયા હોય તો લોહી ન ઊકળે. વ્યાપારીઓ સમાધાનવાદી હોય છે. જે સમયે જે રાજા હોય તેની સાથે સમાધાન કરીને વ્યાપાર કરી લેવો તેવું વલણ હોય છે. તેથી તેમનું લોહી જલદી ઊકળતું નથી.

એવું કહેવાય છે કે અહીં રાજા અજાતશત્રુ થયો હતો. તેણે પોતાના સગા બાપ રાજા બિંબિસારને પહેલાં કેદ કર્યો અને પછી મારી નાખ્યો. શાહજહાંની માફક બિંબિસાર અહીં કેદ કરાયો હતો. તે બહુ ધાર્મિક હતો તેથી આખો દિવસ રાજગિરિની પવિત્રભૂમિને જોયા કરતો. કારણ કે આ બુદ્ધ અને મહાવીર બંનેની ભૂમિ હતી. છેવટે તેની હત્યા કરી દેવાઈ. બિંબિસારની પત્નીને બહુ આઘાત લાગ્યો. પોતાના પુત્રે જ પોતાના પતિની નિર્મમ હત્યા કરી નાખી. આ અસહ્ય સ્થિતિ હતી. તેણે પોતાનું બધું ધન દર–દાગીના લઈને અહીં રહેતા જૈન

સાધુઓને આપી દીધા. જેથી એક તો દુષ્ટ પુત્રના હાથમાં ન પડે અને બીજું તેનો સદ્ઉપયોગ થાય. ત્યાગી, અનાસક્ત અને નિર્લોભી માણસના હાથમાં ધન આવે તો ધન પણ ધન્ય થઈ જાય કારણ કે તેનો પૂરેપૂરો સદ્ઉપયોગ થાય. અહીં ગૌતમ સ્વામીએ પણ તપસ્યા કરી હતી. અહીં જે લિપિમાં લેખો લખાયા છે તેને શંખલિપિ કહેવાય છે. પ્રત્યેક અક્ષર શંખ જેવા આકારનો હોય છે. હજી બરાબર ઉકેલાયા નથી. બૌદ્ધોના ધર્મચક્ર જેવું જ અહીં જૈનોનું પણ ધર્મચક્ર છે. એક ચિત્રમાં બિંબિસારની વિધવા રાણી કૌશલ્યા મુનિઓને વંદન–પૂજા કરી રહી છે. અહીં બે ગુફાઓ છે. અમે બીજી ગુફા જોઈ રહ્યા છીએ. અહીં પણ મહમદે પ્રતિમાઓનો ભુક્કો બોલાવી દીધો છે. અમે સોનભંડાર જોઈને વિદાય થયા. ભારત ઉપર ઘણા વિદેશીઓ ચઢી આવ્યા છે. પણ જે ધાર્મિક તોડફોડ મુસ્લિમોએ કરી છે તેવી બીજા કોઈએ કરી નથી.

આ એક ટેકરા ઉપર આવેલું માતાજીનું તીર્થ છે. ઘણાં પગથિયાં ચઢવાનાં હોવાથી હું નીચે જ એક પગથિયાની બાજુની શિલા ઉપર બેસી ગયો. ઉપર ગરમ પાણીના કુંડ પણ છે. થોડી જ વારમાં એક પંડ્યાજી ગરમ પાણીનો લોટો લઈ જ સંકલ્પ પૂજા કરાવવા આવી ગયા. મેં ના પાડી તો ચિઢાઈ ગયા. ગણગણ્યા "પતા નહિ કહાં કહાં સે લોક ચલે આતે હૈં, પૂજા ભી નહિ કરાતે" પછી તો મેં જોયું કે પગથિયાં ચઢનાર પ્રત્યેક તીર્થયાત્રીને હાથમાં પાણી આપીને દક્ષિણા માગવાનું ચાલુ જ છે. બીજા પણ આ કામે લાગ્યા છે. ચારે તરફ ગંદકીનો પાર નથી. અમે વિદાય થયા. બધે જ દેશી શરાબની ઘણી દુકાનો આવે છે. અહીં દારૂબંધી નથી. ગુજરાતમાં દારૂબંધી તો છે માત્ર લઠ્ઠાબંધી નથી. હું ચંપલ વિનાનો ફરું છું.

ટ્રેનમાં ચંપલ ખોવાઈ ગયું હતું. શક્તિસિંહે ઘણા પ્રયત્નો કર્યા પણ ક્યાંય મેળ પડતો નથી. જે લાવે છે તે અનુકૂળ નથી હોતાં. અહીં પણ એક દુકાને પ્રયત્ન કર્યો પણ મેળ ન પડ્યો. નાની કાંકરી પણ પીડા આપે છે. એટલા કોમળ પગ થઈ ગયા છે.

રાજગિરિની કેટલીક વાતો જાણવા જેવી છે.

1. બુદ્ધ ગૃહત્યાગ પછી ઘણી વાર આ સ્થાનમાં આવ્યા હતા તથા લાંબો સમય અહીં રહ્યા પણ હતા. તેઓ ગૃદ્ધકૂટ શિખર ઉપર વધારે રહેતા હતા.

2. બિંબિસાર અહીંનો મહાન રાજા હતો, ત્યારે ચાર મોટાં રાજ્યો હતાં. 1. મગધનો બિંબિસાર, 2. કૌશલ્ય અથવા કોસલનો પ્રસન્નજિત, 3. અવન્તિનો પ્રદ્યોત અને 4. વત્સનો ઉદયન. આ ચારેમાં બિંબિસાર ઘણો બળવાન હતો. જોકે તેનું કુળ બહુ મહાન ન હતું તોપણ પૌરુષથી તે મહાન હતો.

3. બિંબિસાર બુદ્ધ અને બૌદ્ધધર્મના પ્રત્યે વધુ શ્રદ્ધાળુ હતો. તેના પુત્ર અજાતશત્રુએ તેને બંદી બનાવીને પછી હત્યા કરી નાખી હતી.

4. પાછળથી અજાતશત્રુ પણ બૌદ્ધ ધર્મી થઈ ગયો હતો.

5. રાજગીર, રાજધાની હતું તે વિશાળ હતું. 32 મોટા અને 64 નાના દરવાજા હતા.

6. બુદ્ધના અવસાન પછી અજાતશત્રુએ તેમના કોઈ અંગ ઉપર અહીં સ્તૂપ બનાવડાવ્યો હતો.

7. અજાતશત્રુ પછી તેના પછીના શાસક ઉદયન રાજધાની અહીંથી હટાવીને પાટલી પુત્ર (પટના) લઈ ગયો હતો.

8. પાટલીપુત્રમાં રાજધાની હોવા છતાં અશોકે અહીં સ્તૂપ બનાવડાવ્યો હતો.

9. જૈનના છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામીએ 32 વર્ષ સુધી મુનિ અવસ્થા ભોગવી હતી. તેમાંનાં 14 ચાતુર્માસ્ય તેમણે અહીં રાજગિરિમાં કર્યાં હતાં. બુદ્ધ–મહાવીર લગભગ સમકાલીન હતા. મહાવીર થોડાં વર્ષો પહેલાં હતા. તેઓ માત્ર સમકાલીન જ નહિ, સમદેશીય પણ હતા, તેમ છતાં બંનેનું મિલન થયું હોય, ધર્મચર્ચા થઈ હોય તેવું જાણવા મળતું નથી. આ વખતે માત્ર બિહારમાં જ આવા જુદા જુદા 62 સંપ્રદાયો પ્રવર્તી રહ્યા હતા. બુદ્ધને હિન્દુઓ વિષ્ણુનો અવતાર માને છે પણ જૈનો તેમને કશું માનતા નથી.

10. જૈનોના વીસમા તીર્થંકર મુનિ સુવ્રતનાથજીનો જન્મ અહીં જ થયો હતો.

11. આ વિપુલાચલ નામના પર્વત ઉપર મહાવીર સ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. તેમણે અહીં જ પહેલો ઉપદેશ આપ્યો હતો. 72 ફૂટ ઊંચું સમોશરન મંદિર તેની યાદમાં અહીં બન્યું છે.

12. તુલના કરો. બુદ્ધને બોધગયામાં બુદ્ધત્વની પ્રાપ્તિ થઈ અને પ્રથમ ઉપદેશ સારનાથમાં આપ્યો. જ્યારે મહાવીર સ્વામીને રાજગીર વિપુલાચલમાં કેવળજ્ઞાન થયું અને અહીં જ પ્રથમ ઉપદેશ આપ્યો હતો.

13. મહાવીર સ્વામીના પ્રમુખ 11 ગણધરોનું મૃત્યુ અહીં કોઈને કોઈ જગ્યાએ થયું હતું.

14. કહેવાય છે કે અશોકનું મૃત્યુ પણ અહીં જ થયું હતું.

15. કહેવાય છે કે બુદ્ધે અહીં પોતાના શિષ્યોને સંગીત ગાવા તથા સાંભળવાનો નિષેધ કર્યો હતો. તેમણે સ્નાન કરતી વખતે શરીરને ઘસી ઘસીને નહાવાની પણ મનાઈ કરી હતી. આ બધાથી વિકારો જન્મે છે તેવું માનવું હશે. જોકે મહાવીર સ્વામીના શિષ્યોને તો નહાવાની જ મનાઈ હતી. કદાચ આ જ કારણે બૌદ્ધ ધર્મમાં સંગીતનો જોઈએ તેવો વિકાસ થયો નથી.

16. રાજગીરને પાંચ પર્વતો છે. 1. વૈભર, 2. વરાહ, 3. વૃષભ, 4. ઋષિગિરિ, અને 5. ચૈત્યક.

17. રાજગીરને કિલ્લો હતો. જે 10–12 ફૂટ ઊંચો હતો. જેની પહોળાઈ સત્તર ફૂટથી પણ વધારે હતી. હવે બધું જીર્ણ છે.

18. અહીં એક વેણુવન છે. જ્યાં બુદ્ધે ઘણી તપસ્યા કરી હતી.

19. બિંબિસાર તથા અજાતશત્રુને બૌદ્ધ તથા જૈન બંને પોત–પોતાના ધર્મી બનાવે છે. એવું લાગે છે કે રાજા હોવાથી તે બંને પક્ષોનું માન રાખતા હશે.

20. બિંબિસારને 13 રાણીઓ તથા 23 પુત્રો હતા જે બધાં જૈન ધર્મમાં દીક્ષિત થઈ ગયાં હતાં. રાજગાદી કરતાં મોક્ષગાદી વધુ શ્રેષ્ઠ મનાતી હતી. રાજકર્તવ્યો કરતાં મોક્ષકર્તવ્યો વધુ પૂજનીય હતાં. જૈન ધર્મીઓની છેલ્લી પરિણતિ દીક્ષા હોય છે. છેવટે બધાં દીક્ષા જ લઈ લે. પછી વાત પૂરી થાય. દીક્ષા એ જૈનધર્મની અતિ મહત્ત્વની બ્લૂ પ્રિન્ટ છે.

21. અહીં એક કરંડી નામનું સુંદર તળાવ પણ છે. આ તળાવમાં બુદ્ધ રોજ સ્નાન કરવા આવતા હતા.

22. વેણુવનથી થોડે જ દૂર 'વિરાયતન' નામનો આશ્રમ છે. વિરાયતનની સ્થાપના 1973માં થઈ હતી. 40 એકર જમીન ઉપર ફેલાયેલો આ સેવાઆશ્રમ દર્શનીય જ નહિ, વંદનીય પણ છે. અહીં સંપૂર્ણ આધુનિક સાધનોથી યુક્ત હૉસ્પિટલ છે અને ગરીબો વગેરેની ઘણી સેવાશુશ્રૂષા થાય છે. જૈન ધર્મમાં ક્રાન્તિનું આ ચિહ્ન છે. જૂના લોકો રોગો તથા બીજાં દુઃખોને પોત–પોતાનાં પૂર્વનાં કર્મોનું ફળ માને છે. અને ભોગવી લેવાનો ઉપદેશ આપે છે, ત્યારે વિરાયતન સેવા શુશ્રૂષાની આહલેક જગાવે છે. અમરમુનિશ્રીની પ્રેરણાથી આ આશ્રમ બન્યો છે. મોક્ષમાં પછી જઈશું, પહેલાં અહીંના નરકને સુધારીએ તેવી ભાવના લાગે છે. માથું નમી જાય છે. જ્યારે સમર્થ લોકો અહીંના નરકને સુધારવાના કામમાં લાગી જશે, ત્યારે મોક્ષ જવાની જરૂર નહિ રહે. કારણ કે આ સંસાર દુઃખમય નહિ, સુખમય બની ગયો હશે.

23. ગુરુ નાનક દેવ પણ અહીં આવ્યા હતા તથા સ્નાન કર્યું હતું.

24. અહીં કેટલીક ગુફાઓ પણ છે, જેમાં પિપ્પલી ગુફાઓ તથા સપ્તપર્ણી ગુફાઓ દર્શનીય છે. એવું લાગે છે કે આદિમાનવ ગુફાઓમાં રહેતો હતો, કારણ કે ત્યારે ઘર બનાવવાની કળા વિકસી ન હતી. પછી પર્ણકુટિઓ બનાવી, પછી ઘરો બન્યાં. પહેલાંની ખાલી પડેલી ગુફાઓનો ઉપયોગ ત્યારના બૌદ્ધ સાધુઓ કરતા. જેથી એકાન્ત મળે તથા કોઈના ઓશિયાળા ન થવાય. ઓશિયાળું સાધુજીવન ગૃહસ્થ કરતાં પણ વધુ દુઃખી હોય છે. અન્ન–વસ્ત્ર આવાસ વગેરેમાં સ્વાશ્રયી થયા વિના ઓશિયાળાપણું દૂર થતું નથી. આવાસ આ ગુફાઓથી મળતો અને આહાર ભિક્ષાથી મળતો. બિનઉપદ્રવી સાધુ–સંતો કશું કામ ન કરે તોપણ લોકો પ્રેમથી ભિક્ષા આપે. હા, ઉપદ્રવીથી દૂર રહે.

25. અહીં શિવાલય તથા હિન્દુમંદિરો પણ છે. ખાસિયત એ છે કે હિન્દુઓ લગભગ બધા જૈન–બૌદ્ધ મંદિરોમાં દર્શન કરવા જાય છે. પણ જૈન વગેરે હિન્દુમંદિરો તરફ ભાગ્યે જ આવે છે. બંનેના ઉપદેશોમાં ફરક હશે.

26. આ સ્થળમાં હ્યુ–એન–સાંગ અને ફાહ્યાન વગેરે આવ્યા હતા. ફાહ્યાને અહીંના જંગલના વાઘ વગેરે હિંસક પ્રાણીઓથી તથા લૂંટી લેનારા ડાકુઓથી સાવધાન રહેવાનું લખ્યું છે. ત્યારની તુલનામાં આજે હવે આ ભય રહ્યો નથી. આ રીતે તો આ સમય સારો કહેવાય.

27. ઘણાને ખબર નહિ હોય, બુદ્ધનો વિરોધી કાકાનો દીકરો દેવદત્ત હતો અને મહાવીરનો વિરોધી ગોશાલક હતો. બંને જીવનભર વિરોધ કરતા રહ્યા. બંને પ્રભાવશાળી હતા અને સગાકુટુંબીઓ હતા. વિરોધ ઘણી વાર હિંસામાં બદલાઈ જતો. એક વાર દેવદત્તે બુદ્ધને ઘાયલ કરી દીધા હતા. તેમની દવા તથા પાટા–પટ્ટી રાજવૈદ્ય જીવકે આ આમ્રવનમાં કરી હતી. સત્ય કદી વિરોધ વિનાનું ન હોય, તેમાં પણ સત્ય વિચારો કરતાં આચારોનો ભારે વિરોધ થતો હોય છે. નવીન સત્ય સર્વસંમત હોતું નથી. વિરોધ હોય જ છે, જે વિરોધની વૈતરણી પાર કરે તે જ નવીન સત્યને સ્થાપિત કરી શકે. બધામાં એવી શક્તિ અને હિંમત નથી હોતી તેથી તે ચીલાચાલુ ઘાંચીના બળદનું જીવન જીવતા હોય છે. ઘાંચીનો બળદ કદી માર્ગ ભૂલતો નથી, કારણ કે તે કદી માર્ગ ચાતરતો જ નથી.

28. આ મર્દકુક્ષી વિહાર છે. એવું મનાય છે કે બિંબિસારની રાણી કૌશલ્યા જ્યારે ગર્ભવતી હતી ત્યારે તેને જ્યોતિષીઓથી ખબર પડી ગઈ કે આ ગર્ભ પિતાનો હત્યારો થશે. રાણી આ સ્થળે આવીને પેટનું એટલું બધું મર્દન કરાવતી કે જેથી ગર્ભપાત થઈ જાય. પણ ગર્ભપાત ન થયો. અજાતશત્રુ જન્મ્યો અને બાપની હત્યા થઈ. સારું છે કે જન્મનાર બધાં બાળકોનું ભવિષ્ય મા-બાપને જ્ઞાત થતું નથી, નહિ તો ગર્ભપાતો વધી જાય.

29. આ સ્થાન બૌદ્ધ, જૈન, હિન્દુઓની સાથે મુસ્લિમો માટે પણ તીર્થરૂપ છે. અહીં એક મરદૂમ કુંડ પણ છે. એક સૂફી ફકીર મરદૂમ પણ અહીં લાંબા સમય સુધી રહ્યા હતા, તેમના નામ ઉપરથી મરદૂમ કુંડ બન્યો લાગે છે. મુસ્લિમ શાસકોએ હિન્દુ-જૈન-બૌદ્ધોનાં ધર્મસ્થાનો ઉપર જે અત્યાચારો કર્યા હતા તેના ઉપર આવા સૂફી ફકીરોએ મલમ ચોપડવાનું કામ કર્યું હતું. કટ્ટરવાદ અને ઉદારવાદ જૂના સમયથી ચાલ્યા આવે છે. મલમથી ઘા તો રુઝાય છે પણ નિશાનીઓ રહી જાય છે, જો સૂફીઓ ન થયા હોત તો હજી સુધી ઘા રુઝાયા ન હોત.

રાજગિરિને જોવા તથા સમજવા માટે પૂરો સમય તથા સારો ગાઇડ જોઈએ. અમે વિદાય થયા.

5-11-09

*

# 10. નાલંદા–પાવાપુરી

ભારતનું પ્રાચીન પ્રમાણભૂત કોઈ ગૌરવ હોય તો તે નાલંદા અને તક્ષશિલા છે. બાકી બધી વાતો તો ઘણી છે પણ પાર્થિવ પ્રમાણો દેખાતાં નથી. અમે હવે નાલંદા જઈ રહ્યા છીએ. રાજગીરથી નજીક જ આવેલું છે. અમે તો પહોંચી ગયા નાલંદા. નાલંદાના મુખ્ય બે અર્થો થાય છે. નાલ એટલે જળકમળ. તે આપે તે નાલંદા, બીજી વ્યુત્પત્તિ છે, 'જે ન–અલં–દદાતીતિ નાલંદા' અર્થાત્ જે ઘણું આપે. જોઈએ તેના કરતાં પણ ઘણું આપે તેને નાલંદા કહેવાય.

## સારિપુત્ર ઉપતિષ્ય

પ્રત્યેક મહાપુરુષનાં થોડાંક પ્રિયપાત્રો હોય છે. ભલે કહેવા ખાતર કોઈ કહે કે મહાપુરુષોને કોઈ પ્રિય કે અપ્રિય ન હોય બધા સરખા જ હોય, પણ આ વાત વ્યાવહારિક નથી. મહાપુરુષોને પણ પ્રિય–અપ્રિય હોય જ. શ્રીકૃષ્ણને અર્જુન અને દુર્યોધન સરખા ન હોય. મહાવીરને ગૌતમ અને ગોશાલક સરખા ન હોય. બુદ્ધને આનંદ અને દેવદત્ત સરખા ન હોય. ગૌશાળામાં ઘણી ગાયો અને ઘણાં વાછરડાં હોય પણ પ્રત્યેક ગાય પોતાના વાછરડા આગળ જ પારો મૂકતી હોય છે. બીજાને મૂકો તો પગ ઉપાડે. આવો મારા–તારાનો ભેદ અમુક ક્ષેત્રમાં અમુક હદે જરૂરી હોય છે. બુદ્ધના પ્રિય શિષ્યોમાં એક ઉપતિષ્ય સારિપુત્ર પણ હતો. સારિપુત્ર નાલંદા પાસેના નાલક ગામનો હતો. સારિપુત્રનો જન્મ નાલક ગામમાં થયો હતો. મૃત્યુ સમયે તે નાલક આવ્યો હતો અને પોતાની માતાને નિર્વાણનો ઉપદેશ આપી અહીં જ જે ઘરમાં જન્મ્યો હતો ત્યાં જ મૃત્યુ પામ્યો હતો. તેના કારણે આ તીર્થસ્થાનનો મહિમા વધી ગયો હતો.

બુદ્ધના પછી કોઈ મહત્ત્વપૂર્ણ સ્થાન હોય તો તે આ સારિપુત્રનું હતું. તેમની સ્મૃતિમાં અહીં ચૈત્ય બનાવાયું હતું. મહાપુરુષોની સમાધિ, સ્તૂપ, પગોડા, મજાર કે મકબરા જેવાં યાદગાર સ્થાપત્ય બનાવવાં જોઈએ. હા, કોઈ મહાપુરુષને પરમેશ્વર માનીને તેમનું મંદિર ન બનાવવું જોઈએ. આ રીતે નાલંદા મહાવિદ્યાપીઠ થઈ તેના પહેલાં તેની આ પૃષ્ઠભૂમિ હતી. બન્યું એવું કે અહીં રમણીય વાતાવરણ હોવાથી અનેક લોકો અહીં ભણવા–ભણાવવા આવતા હતા. પણ તે બહુ નાના પ્રમાણમાં, આ લોકોને ખાવા–પીવાની તથા રહેવાની તકલીફ પડતી હતી. તેથી છ રાજાઓએ મળીને અહીં વિદ્યાભવનો બાંધવાં શરૂ કર્યાં. આ છ રાજાઓ હતા (1) શક્રાદિત્ય, (2) બુદ્ધ ગુપ્ત, (3) તથાગત ગુપ્ત (4) બાલાદિત્ય (5) વજ્ર અને (6) હર્ષ. ઇત્સંગિનું કથન છે કે ત્યારે નાલંદામાં મોટા ભવ્ય વિહારો બંધાઈ ચૂક્યા હતા. તે પછી બંગાળના હિન્દુરાજા ધર્મપાલ, દેવપાલ વગેરે પાલવંશીય રાજાઓએ પણ અહીં ઘણી સંપત્તિ લગાવીને નાલંદાનો વિકાસ કર્યો હતો. તે સમયે જે ભવનોનું નિર્માણ થયું હતું તેનાં ભવનોનાં ખંડેર જોઈને આજે પણ ચકિત થઈ જવાય છે. દીવાલોની જાડાઈ છ–છ ફૂટની છે. અહીં 108 તો મંદિરો હતાં. હ્યુ એન સાંગે, 80 ફૂટ ઊંચી તાંબાની બુદ્ધ પ્રતિમા જાતે જોયાનું લખ્યું છે. આ વિદ્યાપીઠના નિર્માણમાં સુમાત્રા વગેરે દેશોએ પણ ભાગ લીધો હતો.

આ વિદ્યાપીઠના પોષણ માટે 100 ગામો અને પછી 200 ગામો ભેટ અપાયાં હતાં. આ ગામોથી અનાજ, દૂધ વગેરે પ્રાપ્ત થતાં હતાં. કનોજના રાજમંત્રી માલાદે પુષ્કળ ધન આપીને પૂરા સંઘારામો માટે ભોજનની વ્યવસ્થા કરાવી દીધી હતી. એટલે દશ હજાર છાત્રો તથા 1200 આચાર્યો ખાવાપીવાની કશી ચિંતા કર્યા વિના શાંતિથી ભણતા–ભણાવતા હતા. બધાનો બધો ખર્ચો વિદ્યાપીઠ ઉપાડતી હતી. જેથી ગરીબ–શ્રીમંત બધા સાથે ભણી શકતા હતા. જો આજે પણ આવું કરી શકાય અને બધા માટે પૂરી શિક્ષણવ્યવસ્થા થઈ જાય તો ઘણાં અનિષ્ટોથી છૂટી શકાય. શ્રીલંકામાં આજે પણ બધું શિક્ષણ સૌના માટે છેવટ સુધી મફત છે. ભારતમાં પણ આવું થઈ શકે છે.

અહીં તે સમયની બધી વિદ્યાશાખાઓ ભણાવવામાં આવતી હતી. ચીનીયાત્રી ઇત્સિંગે અહીં દસ વર્ષ રહીને હીનયાનનું અધ્યયન કર્યું હતું.

નાલંદા અને મિથિલા (બંને પાસેપાસે) વચ્ચે લગભગ સાત સો વર્ષ સુધી વિદ્વાનોનો સિદ્ધાંત–સંઘર્ષ ચાલતો રહ્યો. મિથિલાના મહાન ન્યાયશાસ્ત્રી ગૌતમ થયા. (જૈન ગૌતમ નહિ). તે ઈશ્વરવાદી અને પરમાણુવાદી હતા. તેમણે બૌદ્ધોના ક્ષણિકવાદ–અનિત્યવાદ (સર્વં ક્ષણિકમ્)નું ભરપૂર ખંડન કર્યું. તો નાલંદાના આચાર્ય નાગાર્જુનને માધ્યમિક કારિકા, વિગ્રહવ્યાવર્તિની વગેરે ગ્રંથો દ્વારા ઈશ્વર અને નિત્યત્વનું ખંડન કર્યું હતું.

ગૌતમ પછી ભાષ્યકાર વાત્સ્યાયન થયા. તેમણે નાગાર્જુનના તર્કોને ધૂળધાણી કરીને ફરીથી ઈશ્વરવાદ અને પરમાણુ નિત્યત્વવાદ સ્થાપિત કર્યો હતો.

નાલંદાના બીજા સુપ્રસિદ્ધ આચાર્ય દિઙ્નાગે. પ્રમાણ–સમુચ્ચયમાં વાત્સાયનના સિદ્ધાંતનું ખંડન કરી નાખ્યું હતું.

ફરી પાછા ઉદ્યોતકર થયા. તેમણે 'ન્યાય વાર્તિક' ગ્રંથ લખીને દિઙ્નાગને ધરાશાયી કરી દીધા. અહીં નાલંદામાં જ ધર્મકીર્તિ નામના મહાન વિદ્વાન થયા. તેમણે પણ બૌદ્ધોના પક્ષમાં ઘણું લખ્યું. ધર્મકીર્તિનું ખંડન વાચસ્પતિ મિશ્ર નામના મહાન ટીકાકારે

'તા ત્પર્યટીકા'માં કરી દીધું. મિશ્રનું ખંડન નાલંદાના બૌદ્ધ આચાર્ય જ્ઞાનશ્રીએ કરી નાખ્યું. આવી રીતે સાત સો વર્ષ સુધી આ વિદ્યાપીઠમાં બૌદ્ધ આચાર્યો અને મિથિલાના વૈદિક આચાર્યો વચ્ચે શાસ્ત્રાર્થ ચાલતો રહ્યો. યાદ રહે, આ શાસ્ત્રાર્થ હતો, શસ્ત્રાર્થ ન હતો, કોઈ પણ સિદ્ધાંતને વિદ્વાનો નિર્ભયતાથી રજૂ કરી શકતા. તે વિચારને પ્રતિ–પક્ષ નાણતો શાસ્ત્રાર્થ તો, પછી નિર્ણય થતો. સૌને પોત–પોતાના વિચારો રજૂ કરવાની તથા સિદ્ધાંત રૂપે પ્રસ્થાપિત કરવાની છૂટ હતી. એવું લાગે છે કે આ વિદ્યાનો સુવર્ણયુગ હતો. જુદા વિચાર કે જુદા સિદ્ધાંત માટે કોઈ ફતવો ન હતો. ચાર્વાક જેવા પણ બેધડક પોતાની વાત રાખી શકતા. આ વૈચારિક સ્વતંત્રતા હતી. તેના કારણે નાલંદામાં આટલા બધા વિદ્વાનો પેદા થયા. અહીં ધાતુમાંથી બનાવાતી મૂર્તિઓનો પણ વિકાસ થયો હતો. જ્યાં બુદ્ધ હોય ત્યાં બૂત (પ્રતિમા) તો હોય જ.

બૌદ્ધો અનીશ્વરવાદી હતા. તેમની સામે સૌથી વધુ ઝઝૂમ્યા ઉદયનાચાર્ય. તેમણે 'ઈશ્વરસિદ્ધિ' ગ્રંથ રચ્યો. જેમાં તર્કોથી ઈશ્વરની સિદ્ધિ કરી છે. બંને પક્ષના વિદ્વાનો બ્રાહ્મણો હતા.

જ્યારે હ્યુ એન સાંગ અહીં આવ્યો ત્યારે અહીં નાલંદામાં 1510 આચાર્યો હોવાનું તેણે નોંધ્યું છે. ત્યારે શીલભદ્રજી આ વિદ્યાપીઠના કુલપતિ હતા. મહારાજા હર્ષવર્ધન પણ અહીં આવ્યા હતા. તિબેટમાં બૌદ્ધ ધર્મ ફેલાઈ ચૂક્યો હતો, એટલે તિબેટના વિદ્યાર્થીઓ અહીં ખાસ રહેતા. તિબેટના રાજા પણ વિદ્યાપીઠમાં રસ લેતા હતા. બૌદ્ધધર્મનો પ્રચાર કરનાર આચાર્ય પદ્મસંભવ અહીંથી જ તિબેટ ગયા હતા. તિબેટના લોકો પદ્મસંભવને બુદ્ધ જેટલું જ માન આપે છે. તેઓ અહર્નિશ "ઓમ નમો મણિપદ્મે હૂમ્" મંત્ર જપતા રહે છે. મોટા ભાગના આચાર્યો ભિક્ષુઓ રહેતા એટલે તેઓ ભિક્ષા કરીને જીવનયાપન કરતા. ભિક્ષાની વ્યવસ્થા વિદ્યાપીઠના રસોડેથી થઈ હતી.

કોઈપણ વિદ્યાર્થી જ્યારે ભણવા માટે પ્રવેશ ઇચ્છતો તો પ્રથમ દ્વાર ઉપર તેની સાથે તે તે વિષયના પંડિતો ચર્ચા કરતા. યોગ્ય લાગે તો જ પ્રવેશ મળતો. કારણ કે અહીં સ્નાતકોત્તર અધ્યયન થતું હતું. એટલે ઓછામાં ઓછી યોગ્યતાનું પ્રમાણ મળ્યા પછી જ તેનો પ્રવેશ થતો હતો. જો તમારે વિદ્યા અને વિદ્યાપીઠોનું સ્તર સાચવવું–સુધારવું હોય તો અયોગ્ય વિદ્યાર્થીઓને પ્રવેશથી દૂર રાખવા જોઈએ. જો બધા અનામતિયા ભેગા થઈ જાય તો ઉચ્ચસ્તર રાખી શકાય નહિ. અહીં વિદેશી છાત્રો પણ ભણવા આવતા હતા. તેમની પણ રહેવા–જમવાની વ્યવસ્થા થઈ જતી.

પુસ્તકાલયોનો તો પૂરો મહોલ્લો જ બની ગયો હતો. મુખ્ય પુસ્તકાલય–ભવન નવ માળનું હતું. તેમાં અને બીજાં ભવનોમાં વિશ્વભરનાં લાખો પુસ્તકો–પાંડુલિપિઓ અહીં ભેગાં થયાં હતાં. આ પુસ્તકાલયોમાં બેસીને હ્યુ એન સાંગે ઘણાં પુસ્તકોનો ચીની ભાષામાં અનુવાદ કરી ચીન લઈ ગયો હતો. નાલંદાનો સૂર્ય સોળે કળાએ ચમકી રહ્યો હતો.

## મહમ્મદ બખ્તિયાર

તેવામાં અલાઉદ્દીન ખિલજીનો સરદાર મહમ્મદ બખ્તિયાર માત્ર 250 ઘોડેસવારો સાથે અહીં ચઢી આવ્યો. તેના ધાર્મિક વિચારો બહુ જ સંકુચિત અને કટ્ટરવાદથી ભરપૂર હતા. તેણે નાલંદાના આચાર્યોની કત્લ કરી નાખી. વિદ્યાર્થીઓની પણ હત્યા કરી નાખી. જે ભાગ્યા તે જ બચ્યા. નાલંદા લોહીનું સરોવર થઈ ગયું. જે આચાર્યો અને વિદ્યાર્થીઓએ તેને વિદ્યાનું સરોવર બનાવ્યું હતું તે જ સરોવરને લોહીથી ભરી દીધું. તે કટ્ટર–અતિ કટ્ટર ઇસ્લામી રંગે રંગાયેલો હતો. તેણે પુસ્તકાલયોનાં ભવનોમાં આગ લગાડી દીધી. પંડિતોએ તેને હાથ જોડીને સમજાવવા પ્રયત્ન કર્યો કે આ લાખો પુસ્તકોમાં ઘણાં અતિ દુર્લભ પુસ્તકો છે. તેનો એક જ જવાબ હતો સંસારને માત્ર એક જ પુસ્તકની જરૂર છે અને તે છે 'કુરાન'. આ બધાં શેતાની પુસ્તકો છે. લોકોને ગુમરાહ કરી કટ્ટર બનાવે છે. તેમનો નાશ કરવો એ કુફ્રનો નાશ કરવા બરાબર પુણ્યનું કાર્ય છે. મહિના સુધી આ નિભાડાની આગ ઠંડી થઈ ન હતી. ખબર નહિ અત્યારે ઠંડી થઈ છે કે નહિ ?

પ્રશ્ન એ છે કે, જ્યાં દશ હજાર વિદ્યાર્થીઓ અને દોઢ હજાર આચાર્યો રહેતા હતા, આ સિવાય બીજા કેટલાય કર્મચારીઓ વગેરે રહેતા હતા, આ બધા માત્ર 250 આક્રાન્તાઓ સામે બકરી થઈને કેમ ઝૂકી ગયા? થોડા કસાઈઓ હજારો બકરીઓનાં ગળાં કાપી નાંખતા હોય છે તેમ બધાનાં ગળાં કપાઈ ગયાં. નાલંદા, નાલંદાની વિદ્યા, આચાર્યો, વિદ્યાર્થીઓ બધું પળવારમાં રાખ થઈ ગયું. કેમ? પ્રાચીનકાળથી આપણે ભવ્ય નિર્માણો તો કરી શકીએ છીએ પણ તેનું રક્ષણ નથી કરી શકતા. ઇતિહાસ સાક્ષી છે. આપણી કમજોરીનું મુખ્ય કારણ આવું લાગે છે.

કારણ કે અહીં બધી વિદ્યાઓ હતી, બધી વિદ્યાઓના આચાર્યો તથા છાત્રો પણ હતા પણ તલવારવિદ્યા ન હતી. અહીં કેટલાય અષ્ટાવધાની, કેટલાય શતાવધાની હતા, પણ એકે શસ્ત્રાવધાની ન હતો. શ્રમણોની વિચારધારા અહિંસાપ્રધાન હતી. તેમાં શસ્ત્રને બહુ સ્થાન ન હતું. 'જીવો અને જીવવા દો'નો મહામંત્ર તેમની નસોમાં વ્યાપ્ત હતો અને છે. તે એટલી હદે કે તમને, તમારા ધર્મને ન જીવવા દે તેને પણ જીવવા દો. આ એક પ્રકારની સીધી જ આત્મહત્યા હતી. જો આ બધા શસ્ત્રધારી–શૂરવીરો હોત, અહિંસાપરમો ધર્મની જગ્યાએ 'વીરતા પરમો ધર્મ'વાળા હોત તો કદાચ નાલંદા બચી ગયું હોત. તો તો કોઈ નાલંદા ઉપર આંખ પણ ન ઉપાડી શકત. હાહાકાર મચાવીને બિન્દાસ્ત બખ્તિયાર ચાલતો થયો અને આ હિન્દુલોકો છે કે જેમણે પાસેના એક ગામને બખ્તિયારપુર નામ આપી બખ્તિયારને અમર બનાવી દીધો. યાદ રહે કે હિંસાને રોકવા માટે કોઈ વાર હિંસા જરૂરી થઈ જતી હોય છે.

શ્રી મહેશભાઈ ભણસાલી સાથે એક વાર ધર્મચર્ચા થઈ. મેં તેમને કહ્યું કે કોઈપણ ધર્મનું મૂલ્યાંકન કરવું હોય તો તેને પાંચ પ્રશ્નોથી નાણવો જોઈએ.

(1) તે ધર્મનું પાલન કરવાથી પ્રજા બળવાન બને છે કે દુર્બળ?

(2) તે ધર્મ એકતા કરાવે છે કે વિભાજન?

(3) તે ધર્મ આધુનિકતમ વિજ્ઞાનનો સહયોગી બને છે કે વિરોધી?

(4) તે ધર્મમાં માનવતાવાદી પ્રવૃત્તિ છે કે માત્ર કર્મકાંડ અને રૂઢિઓ જ છે?

(5) તે ધર્મ પ્રજાજીવનના જીવનસ્તરને ઉન્નત વિકાસને સ્વીકારે છે કે વિરોધ કરે છે?

આ પાંચે પ્રશ્નોના હકારમાં જવાબ મળે તો તે ધર્મ ખરેખર કલ્યાણકારી થઈ જાય પણ જો નકારાત્મક જવાબ મળે તો તેવો ધર્મ–સંપ્રદાય–પંથ–પરિવાર પ્રજાને ડુબાડ્યા વિના રહે નહિ. તમે તમારી જાત કે પૈસાના જોરે તમારો ગમે તેટલો જયજયકાર કરો તેથી ધર્મનો જય થવાનો નથી. હા, નશો જરૂર ચઢશે. જે ત્યારે અને અત્યારે પૂરેપૂરો ચઢ્યો છે. આ નશો ત્યાં સુધી જ ચઢ્યો રહેશે જ્યાં સુધી કોઈ બીજો બખ્તિયાર ના આવે. શું ફરીફરીને નાલંદાદહન થતું રહેશે?

નાલંદાની રાખ ઉપર મગધના મંત્રી કુકુટસિદ્ધે નાલંદાનો પુનઃઉદ્ધાર કરવા પ્રયત્ન કર્યો, પણ ધર્મની કટ્ટરતાવાળા લોકોએ ફરીથી નાલંદાને બાળી નાખ્યું. જેમ સોમનાથનો અનેક વાર નાશ થયો તેમ નાલંદાનું પણ થયું. આપણે ભવ્ય નિર્માણો તો કરી શકીએ છીએ પણ તેનું રક્ષણ નથી કરી શકતા. તલવારની આગળ એકલી કલમ રાંકડી થઈ જતી હોય છે. તલવારને તો તલવાર જ રોકી શકે. પણ બધા ક્ષત્રિયો તો તલવાર છોડીને તલવાર છોડાવવાના ધર્મમાં લાગી ગયા હતા. લોકોએ તેમને સર્વોચ્ચ ભગવાન માની લીધા હતા અને પૂજતા હતા. અહીં કોઈ ફરસીધારી પરશુરામ, ધનુર્ધારી વિશ્વામિત્ર કે પાપીઓ ઉપર લાવા વરસાવનાર દુર્વાસા ન હતા, ના તેમના વિચારો હતા. જે વિચારો હતા તે આંખ બંધ કરી દેવાના હતા.

અહીંથી જે પુસ્તકોનો અનુવાદ ચીની–તિબેટી વગેરે ભાષામાં થયો હતો તે પુસ્તકો બચી ગયાં. હવે તેના અનુવાદનો અનુવાદ કરીને આપણે પાછા ભારત લાવી રહ્યા છીએ. પણ હા, વીરતા વિનાની અહિંસાનું ભૂત તો હજી પણ એવું ને એવું જ છે. કાંઈક ધીમું પડ્યું હતું તે ગાંધીજીએ ફરીથી જબરદસ્ત ધૂણતું કરી દીધું છે. એવું લાગે છે કે આપણે ભૂતકાળની બરબાદીથી કશો બોધપાઠ ન લેનારી પ્રજા છીએ.

અહીં કેટલાંય વિશાળ તળાવો હતાં. જેમાં પ્રતિદિન બધા સ્નાન કરતા પછી બુદ્ધવંદના કરીને અધ્યયન કરતા.

નાલંદા ભારતનું ગૌરવ, વિશ્વની સર્વોચ્ચ બીજા નંબરની લાઇબ્રેરી. બધું જ રાખ થઈ ગયું. જોત–જોતામાં ધમરોળાઈ ગયું. હવે તો માત્ર ખંડેરો જ છે. તેમાંથી સારી સારી શિલાઓ વીણીને 'બિહારશરીફ' નામક દરગાહમાં લગાવાઈ છે અને ત્યાંથી કેટલીક કલકત્તાના

મ્યુઝિયમમાં પણ પહોંચી છે.

ચાલો, આપણે નાલંદાનાં ખંડેરોને જોઈએ. અમારા ગાઇડ વૃદ્ધ મિશ્રજી સાથે અમે ખંડેરો ઉપર ચાલી રહ્યા છીએ. 1861માં કનિંઘમે જોયું કે અહીં ઘણા ઊંચા ઊંચા ટેકરા છે. તેણે ત્યાં પુરાતત્ત્વવેત્તાઓને મોકલી ખોદકામ ચાલુ કરાવ્યું. તેમને બે ભાગ મળ્યા. વિદ્યાર્થીઓને રહેવાનાં છાત્રાલયો તથા પૂજા કરવાનાં મંદિરો. અમે છાત્રાલયનાં ખંડેરો જોઈ રહ્યા છીએ. જાડી જાડી દીવાલોથી કોટડીઓ બની છે. એક રૂમમાં માત્ર એક જ છાત્ર રહેતો હતો. જેમાં બધી સગવડ છે.

જૈન ધર્મવાળા નાલંદાને કુંડલપુર કહે છે. મહાવીર સ્વામીએ અહીં કેટલાય ચાતુર્માસ્ય કર્યા હતા. તેમણે મગધમાં ચૌદ વર્ષ વિતાવ્યાં હતાં. દિગંબરો કુંડલપુરને મહાવીર સ્વામીનું જન્મસ્થાન માને છે જ્યારે શ્વેતામ્બરો વૈશાલી કુંડગ્રામને જન્મસ્થાન માને છે. જે હોય તે. એવું લાગે છે કે બુદ્ધ અને બૌદ્ધધર્મનો પ્રભાવ વધવાથી આ સ્થાન બૌદ્ધધર્મી થયું. આમ તો આની સ્થાપના પાંચમી શતાબ્દીમાં થઈ મનાય છે, પણ ઈ. પૂર્વ. તૃતીય શતાબ્દીમાં અશોકે અહીં સર્વપ્રથમ બૌદ્ધવિહાર બનાવ્યો હતો. તેનો જ બધો વિકાસ થયો લાગે છે. અમે ખંડેરો જોઈ રહ્યા છીએ. 75 ટકા ખંડેરો મૂળરૂપમાં છે. 25 ટકા સમારકામ કરેલાં છે.

સાતમી શતાબ્દીમાં કનોજના રાજા હર્ષવર્ધને આ વિદ્યાપીઠનો વિકાસ કર્યો હતો. નવમી શતાબ્દીમાં બંગાળના રાજા ધર્મપાલે વિકાસ કર્યો હતો. 5–7–9 એમ બસ્સો બસ્સો વર્ષના અંતરે વિકાસ થયો હોવાથી ખંડેરોના પણ ઉપર–નીચે એમ ત્રણ સ્તરો દેખાય છે.

હ્યુ એન સાંગ અહીં સાત વર્ષ રહ્યો હતો તે ચીન ગયો ત્યારે 700 જેટલા મહાગ્રંથો ચીન લઈ ગયો હતો. આજે પણ તેનું એક મેમોરિયલ અહીં છે.

આ વિદ્યાપીઠનું ક્ષેત્રફળ સાત માઈલ લાંબું અને ત્રણ માઈલ પહોળું હતું. અર્થાત્ એકવીશ વર્ગ માઈલ હતું. અહીં ત્રણ મોટાં પુસ્તકાલયો હતાં. જેમનાં નામ આ પ્રમાણે છે. (1) રત્નદધિ, (2) રત્નરંજક અને રત્નસાગર. અમે રત્નસાગરની રાખ જોઈ રહ્યા છીએ. રાજસ્થાનમાં હજારો રાજપૂતાણીઓના જૌહરની રાખ અને અહીં લાખો પુસ્તકોની રાખ. બસ રાખ જ રાખ. છ ફૂટ પહોળી દીવાલ જોઈને એવું લાગે છે કે ત્યારે આવી દીવાલો થતી હશે. કદાચ આજની વાસ્તુકલા નહિ વિકસી હોય. હવે તો નવ ઇંચની દીવાલ બહુ થઈ ગઈ. હા ચાર ઇંચની પણ ચાલી શકે છે. મહેન્દ્રભાઈ બિલ્ડરનું પણ એવું જ કહેવું છે. આ ખંડેરો પાંચમી શતાબ્દીનાં છે અને આ નવમી શતાબ્દીનાં છે. આ પ્રવચન હોલ છે. અહીં ઊભા રહીને કે પછી બેસીને આચાર્ય છાત્રોને ભણાવતા હશે. એક બ્લોકમાં 35 વિદ્યાર્થીઓ રહેતા. એવા 100 બ્લોકો હતા તેવું હ્યુ એન સાંગે જણાવ્યું છે. ખોદકામમાં અત્યારે 11 બ્લોકો મળી ગયા છે. પાંત્રીસ વિદ્યાર્થીઓ માટે પાંત્રીસ ઓરડીઓ હતી. પ્રત્યેકમાં સૂવાની પથારી, પુસ્તકો, પાણી વગેરેની સગવડ રહેતી હતી.

આ મંદિરનું ખંડેર છે. તેમાં બુદ્ધની પ્રતિમા મુખ્ય રહેતી. સાથે કોઈ કોઈ જગ્યાએ સારિપુત્ર, આનંદ, મહાકશ્યપ વગેરે સાથીદારોની પ્રતિમાઓ પણ રહેતી. હિન્દુમંદિરોમાં મુખ્ય દેવની આજુબાજુ બીજાં દેવ–દેવીઓ રહે છે. પણ બૌદ્ધ શ્રમણોના ત્યાં દેવ–દેવીઓ ન હોવાથી શિષ્યો કે સાથીદારોને સ્થાન મળે છે.

આ ખંડેર, ઇન્ડોનેશિયાના રાજા બાલપુત્ર દેવે કરાવેલા છાત્રાલયનું છે. મંદિર તથા પ્રવચન હોલમાં પ્રકાશ માટે દિવસે અબરખની પ્લેટોનો ઉપયોગ થતો હતો. આ અબરખની પ્લેટો ઉપર સૂર્યનાં કિરણોનું પ્રતિબિંબ મંદિરમાં જઈને પ્રકાશપુંજ પાથરી દેતું હતું. આજે પણ વીજળી તથા વીજળીના બિલને બચાવવા આવા પ્રયોગો કરી શકાય. અરે, વગર જોઈતી વીજળી વાપરવાની બંધ થાય તોપણ ઘણું થાય. અમારી સાથે એક બાર વર્ષનો છોકરો બહુ જિજ્ઞાસાથી બધું સાંભળવા ફરી રહ્યો છે. મિશ્રજીને તે જરાય ગમતો નથી. કેટલીયે વાર તેને હડધૂત કર્યો, પણ તેની જિજ્ઞાસા એટલી બધી તીવ્ર છે કે તે જતો નથી. મેં મિશ્રજીને સમજાવ્યા કે “રહને દો ને સુનને દો, બિચારા ગરીબ હૈ, પર બડા જિજ્ઞાસુ હૈ.” મને બહુ દુઃખ થયું. ઉદાર અને વિશાળહૃદયી થવું એ મોટો ગુણ કહેવાય. મારું જ્ઞાન મફતમાં સાંભળે તે મિશ્રને ગમ્યું નહિ.

અહીંયાં તૂટેલી કેટલીયે મૂર્તિઓ પડી છે. બખ્તિયારનાં બધાં પરાક્રમો ડગલે ને પગલે જોવા મળે છે. આ ચૂલો જુઓ. અનુકરણ કરવા જેવું છે. લગભગ આઠેક ફૂટ લાંબો હશે. એક છેડે લાંકડાં સળગાવવાનાં પછી અંદરના પોલાણથી છેક છેલ્લા ચૂલા સુધી ગરમી જાય. પાંચેક તપેલીઓમાં રસાઈ થઈ શકે. જરૂર પ્રમાણે ચૂલા નાના–મોટા કરી શકાય. આ અષ્ટકોણ કૂવો છે. ગોળ નથી પણ તેને આઠ ખૂણા બનાવ્યા છે. બૌદ્ધ ધર્મને પણ અષ્ટાંગી બનાવાયો છે. જેની અસર યોગદર્શન ઉપર પણ છે. તેમાં પણ યોગને અષ્ટાંગઅંગી બતાવાયો છે.

(1) યમ, (2) નિયમ, (3) આસન, (4) પ્રાણાયમ, (5) પ્રત્યાહાર (6) ધ્યાન (7) ધારણા અને (8) સમાધિ.
આ સારિપુત્ર સ્તૂપ છે. પૂર્વે કહ્યું તેમ સારિપુત્ર પ્રમુખ શિષ્ય હતા. તે અહીં નાલંદાના જ હતા. તેમનો જન્મ અને મૃત્યુ પણ અહીં નાલંદામાં જ બુદ્ધના મૃત્યુ પહેલાં જ થયું હતું. બુદ્ધના ચાર પ્રકારના સ્તૂપો પ્રાપ્ત થાય છે. (1) જુદાં જુદાં અંગોનાં હાડકાં ઉપર (2) નખ અને કેશ ઉપર (3) વપરાયેલી વસ્તુઓ ઉપર અને (4) મનોકામના પૂરી કરવા. બૌદ્ધ પરંપરામાં ઘણા સ્તૂપો બનાવાયા છે. તેમનું ધન ગુફાઓ અને સ્તૂપો તરફ વળ્યું. જૈનોનું દાન દેરાસરો તરફ વળ્યું. હિન્દુઓનું ધન અગ્નિ તરફ વળ્યું. મોટા મોટા યજ્ઞો કર્યા. સૌ સૌની ગમતી દિશાઓ છે. મિશ્રનું કાર્ય પૂરું થયું નથી. હજી ઘણું જોવાનું બાકી છે પણ તેમણે પૂરું કરી દીધું. આત્મશ્લાઘી અને 'મૂડી' માણસ લાગે છે. નાલંદાનો વિનાશ થયા પછી તે જ જગ્યાએ ઘણા મુસ્લિમોએ પોતાનાં ઘર બનાવી લીધાં છે. જેમાં બખ્તિયારપુર જેવા કસબા પણ છે. 1920માં
શ્રી ઐદલસિંહે અહીં નાલંદા કૉલેજ બનાવી. 1945માં તેમાં બી.એ.નું અધ્યયન શરૂ થયું. 1951માં આઝાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદે શ્રી નવ–નાલંદા મહાવિહારની સ્થાપના કરી. હવે તો અહીં નાલંદા વિશ્વવિદ્યાલય કામ કરી રહ્યું છે.

## પાવાપુરી

હવે અમે પાવાપુરી જઈ રહ્યા છીએ. આજે છઠનું પર્વ હોવાથી ડ્રાઇવરને ઘરે જવાની ઉતાવળ છે પણ અમે મોબાઇલ કરીને ગાડીના માલિકને સમજાવી ગાડી પાવાપુરી તરફ વાળી. પાવાપુરી અહીંથી 30–35 કિ.મી. જ છે. અમારી ગાડી ચાલી રહી છે. છઠ પૂજા હોવાથી ગામડાંના લોકો રોડને પવિત્ર કરવા ધોઈ રહ્યા છે. પવિત્રતા તો હોવી જ જોઈએ, કારણ કે આ રોડ ઉપરથી પૂજાપો લઈને બહેનો નદી–તળાવ તરફ પૂજા કરવા જવાની છે. ગામેગામ ઉત્સાહ દેખાઈ રહ્યો છે. હજુ સુધી એક પણ સરકારી બસ દેખાઈ નથી. બધાં ખાનગી વાહનો છે. જે થોડાં જ ચાલે છે.
અમે પાવાપુરી પહોંચી ગયા છીએ. અહીં મહાવીર સ્વામીના અગ્નિ–સંસ્કાર થયા હતા. આમ ભલે જૈનો ચોવીસ તીર્થંકરોને એક સરખા માને છે અને બધાની પૂજા–અર્ચના કરે છે પણ સૌથી વધુ મહત્ત્વ મહાવીર સ્વામીનું જ જણાય છે. બીજા તીર્થંકરો વિશે જનસાધારણને તો બહુ માહિતી પણ નથી હોતી પણ મહાવીર સ્વામી અને જૈન ધર્મ તો જાણે એકરૂપ થઈ ગયા છે. મહાવીર સ્વામી વિશે થોડી માહિતી જાણવી સારી રહેશે.
લગભગ બધા જ તીર્થંકરો મોક્ષપ્રાપ્તિ પહેલાં સંસારમાં પરિભ્રમણ કરતા હોય છે. પ્રત્યેકની અમુક ભવની કથાઓ પણ હોય છે. મહાવીર સ્વામી સમ્યકત્વ પ્રાપ્ત કર્યા પહેલાં જે જે 27 ભવો કરેલા તેની કથાઓ છે. જેમાં જુદા જુદા દેવલોકમાં ગયેલા, કેટલીવાર બ્રાહ્મણ થયેલા છે. બે વાર સાતમી અને ચોથી નારકીમાં પણ ગયેલા. છેવટે સત્તાવીસમા જન્મમાં શ્રમણ ભગવાન થયેલા. આ ભવમાં પ્રથમ જંબુદ્વીપના ભરતખંડના ક્ષત્રિયકુંડનગરની બાજુમાં આવેલા બ્રાહ્મણકુંડ ગામમાં ઋષભદત્ત બ્રાહ્મણની ધર્મપત્ની દેવાનંદાના ગર્ભમાં પધાર્યા. 82 દિવસ સુધી આ દેવાનંદાની કુક્ષીમાં રહીને પછી બલરામની માફક તેમનું સંક્રમણ ક્ષત્રિયકુંડનગરના સિદ્ધાર્થ મહારાજાની પટ્ટરાણી ત્રિશલાદેવીની કુક્ષીમાં થયું. દેવાનંદા અને ત્રિશલાદેવીએ બંને 14–14 સ્વપ્નો જોયેલાં. આજે પણ શ્રાવકો પ્રતિવર્ષ આ સ્વપ્નોની કથાઓ ઘણી શ્રદ્ધાથી સાંભળે છે. માતાને કષ્ટ ન પડે તે માટે મહાવીર સ્વામી ગર્ભમાં હલન–ચલન કરતા નથી. પણ તેથી તો માતાને બીજી શંકા થવા લાગી. તેમણે ભારે રોકકળ કરી મૂકી. એટલે સ્વામીએ પડખું ફેરવવા માંડ્યું. તેથી શંકાનું નિવારણ થયું અને માતા હર્ષમાં આવી ગયાં. ગર્ભકાળ પૂર્ણ થયા પછી બરાબર ચૈત્ર સુદ તેરસના દિવસે તેમનો જન્મ થયો. દસ દિવસ સુધી જન્મોત્સવ ઊજવાયો અને તેમનું નામ વર્ધમાન પાડવામાં આવ્યું. યુવાવસ્થા આવતાં જ તેમના પિતાશ્રી આગળ વસંતપુરના મહાસામંત સમરવીરે પોતાની પુત્રી યશોદાના લગ્નનો પ્રસ્તાવ મૂક્યો અને વર્ધમાન ગૃહસ્થાશ્રમના બંધનથી બંધાયા પણ ખરા. યશોદાથી તેમને એક પુત્રી પણ થઈ. જેનું નામ પ્રિયદર્શના રાખવામાં આવ્યું. પ્રિયદર્શના ઉંમરલાયક થતાં તેનો વિવાહ વર્ધમાનની બહેન સુદર્શનના પુત્ર જમાલિની સાથે કરવામાં આવ્યો ત્યારે મામા–ફઈનાં સંતાનોનાં લગ્નો થતાં હતાં તેવું જણાય છે. મહાવીર કશ્યપ ગામના છે, તેમનાં ધર્મપત્ની યશોદાનું કૌડિન્ય ગોત્ર હતું.
વર્ધમાને ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો. માતા–પિતાના સ્વર્ગવાસ થયા પછી 29 વર્ષ સુધી સંસારમાં જીવન વિતાવ્યું. પછી ગૃહત્યાગ કર્યો. સંસારત્યાગ કર્યો. પછી જાતે જ માથા–દાઢીના વાળનો લોચ કરીને મુનિ થયા. તેમણે જ્યારે દીક્ષા ગ્રહણ કરી ત્યારે તે

એકલા જ હતા. (પૂર્વતીર્થંકરોની દીક્ષા વખતે મોટી સંખ્યામાં સંસારત્યાગી દીક્ષાર્થીઓ જોડાયા હતા) દીક્ષા પછી 'કામનછપરા' નામના ગામમાં પધાર્યા. ગામની બહાર એક વૃક્ષની નીચે ધ્યાનસ્થ થયા. તેવામાં એક ખેડૂત પોતાના બે બળદો ત્યાં મૂકીને કામે ગયો. થોડી જ વારમાં બળદો જંગલમાં ચરવા ચાલી નીકળ્યા. ખેડૂત પાછો આવ્યો ત્યારે ત્યાં બળદ ન હતા. તે આખી રાત બળદોને શોધતો રહ્યો પણ બળદો મળ્યા નહિ. બીજી તરફ ધરાયેલા બળદો ફરી પાછા આવીને મહાવીર સ્વામીની આગળ બેસીને વાગોળવા લાગ્યા. ખેડૂતે આ દૃશ્ય જોયું કે તેના બળદોને ગુમ કરનાર આ મહારાજ જ છે. આવી શંકાથી કુપિત થઈને બળદના દોરડાથી મારવા તૈયાર થયો, પણ ઇન્દ્રે પ્રગટ થઈને તેનો રોક્યો.

મહાવીર સ્વામી, સાધનાકાળમાં પોતાની સેવાશુશ્રૂષા કરવા માટે કોઈને સાથે રાખતા નહિ. પોતાનું કામ પોતે જાતે જ કરી લેતા. એવું કહેવાય છે કે એક બ્રાહ્મણના ત્યાં પારણાં કર્યાં. બ્રાહ્મણે બહુ પ્રેમથી ઘી અને ખાંડથી બનાવેલી ખીર તેમને પધરાવી.

વિચરણ કરતા કરતા પોતાના પિતા સિદ્ધાર્થના મિત્ર એવા એક સાધકના આશ્રમમાં આવ્યા. રહ્યા અને વિદાય થયા. ફરી પાછા ચાતુર્માસ્ય કરવા પધાર્યા અને રહ્યા પણ પર્ણકુટિનું ઘાસ આશ્રમની ગાયો ખાતી હતી તેને રોકી નહિ. ઘાસ ખાવા દીધું. તેથી આશ્રમના કુલપતિએ થોડો ઉપદેશ આપ્યો. મહાવીરને લાગ્યું કે મારાથી આશ્રમવાસીઓ દુઃખી થયા છે. તેમણે તરત જ ત્યાંથી વિહાર કર્યો. તેમણે પાંચ પ્રતિજ્ઞાઓ કરી.

(1) અપ્રીતિકારક સ્થાનમાં રહીશ નહિ.

ઘણા સાધુઓ "માન ન માન મૈં તેરા મહેમાન" એમ અણગમાવાળી જગ્યામાં જબરદસ્તી રહેતા હોય છે. તે માનહીન–પ્રેમહીન થઈ જતા હોય છે.

(2) સદા ધ્યાનમાં રહીશ.

ધ્યાન–ભજન કરનારને કદી કોઈ કમી નથી રહેતી. બધું આપોઆપ આવી મળતું હોય છે. ધ્યાન–ભજન ન કરીને રખડ–રખડ કરનારા જીવનભર યાચક થઈને લોકો પાસે માગ્યા કરતા હોય છે.

(3) મૌન પાળીશ

મૌન મહાવ્રત છે. તે પાળવાથી ઘણાં અનિષ્ટોથી બચી શકાય છે અને પોતાની ઊર્જાનું રક્ષણ કરાય છે.

(4) હાથમાં ભોજન કરીશ

ઓછામાં ઓછો પરિગ્રહ કરવાથી વસ્તુઓને સાચવવાની ચિંતા રહેતી નથી.

(5) ગૃહસ્થોનો વિનય કરીશ નહિ.

ઘણા સાધુઓ સારી ભિક્ષા તથા વસ્તુઓ મેળવવા તથા માનપાન મેળવવા ગૃહસ્થોની ખુશામત કરતા રહે છે. આ દોષ છે. ગૃહસ્થોને પણ ખુશામતખોર સાધુઓ ગમતા હોય છે. આમ બંનેની જોડી મળી જાય છે. પણ તેથી ધર્મને હાનિ થાય છે. સાધુએ ખુશામતથી બચવું જોઈએ.

મહાવીર સ્વામી વિહાર કરતા રહ્યા. અનેક દુઃખો સહન કરતા રહ્યા. ચંડકૌશિક સર્પનો ઉદ્ધાર કર્યો.

એક વાર જે નૌકામાં પોતે બેઠા હતા તે ડૂબતી નૌકાને બચાવીને કિનારે લગાવી દીધી.

તે સમયે ગોશાલક નામનો એક તપસ્વી હતો. તે પણ વિહાર કરતો હતો. તેનો પ્રભાવ પણ વિશેષ હતો. સાધુઓને ભિક્ષામાં શું મળશે તેની ભારે જિજ્ઞાસા અને ચિંતા રહેતી હોય છે. કારણ કે બધું અનિશ્ચિત હોય છે. ગોશાલકે સ્વામીને પ્રશ્ન પૂછ્યો કે આજે મને ભિક્ષામાં શું મળશે? સ્વામીએ કહ્યું કે "કોદરાના વાસી તાંદળા અને ખાટી છાસ મળશે." શ્રીમંતોના ઘરે ભિક્ષા માગવા છતાં કાંઈ ન મળ્યું. અંતે ગરીબોની ઝૂંપડીમાંથી વાસી તાંદળા અને ખાટી છાસ મળી. અને દક્ષિણામાં એક રૂપિયો મળ્યો. આ ઘટનાથી તે નિયતિવાદી થઈ ગયો. અર્થાત્ જે થવાનું છે તે બધું પૂર્વનિર્ધારિત જ થયા કરે છે. નવું કશું થતું નથી.

મહાવીર સ્વામી અનેક કષ્ટો ભોગવીને વિહાર કરતા રહ્યા. ગોશાલક ફરી પાછો આવી ગયો. એક વાર વિહાર કરતાં કરતાં તલના છોડને જોઈને મહાવીરને પૂછ્યું કે આ છોડ ઉપર ફૂલ વગેરે આવશે કે કેમ? મહાવીરે કહ્યું કે જરૂર આવશે. ગોશાલકે તે છોડને ઉખેડીને ફેંકી દીધો. લ્યો, હવે કેવી રીતે ફૂલો વગેરે આવશે? તમારું વચન મિથ્યા થશે. 'બન્યું એવું કે થોડા જ સમયમાં વરસાદ થયો. પેલો છોડ ફરી

પાછો ચોંટી ગયો અને તેને ફૂલ વગેરે આપ્યાં. વળતાં આ દશ્ય જોઈને ગોશાલક ચકિત થઈ ગયો. તે નિયતિવાદી તો હતો જ હવે તે એવું પણ માનતો થયો, 'મૃત્યુ પછી પ્રત્યેક હતો તે જ યોનિમાં જન્મ લે છે.' ગોશાલકે ફરી પાછો સાથ છોડી દીધો. તેણે તેજોલબ્ધિની સાધના કરી અને લબ્ધિ મેળવી પણ ખરી પણ તેનો દુરુપયોગ કરવા લાગ્યો. તેણે 'આજીવક' નામનો સંપ્રદાય સ્થાપિત કર્યો અને પોતે તીર્થંકર છે તેવું જાહેર કર્યું.

કેટલીક વાર સાધુઓ પોતાનું મનોબળ માપવા માટે અભિગ્રહ કરતા હોય છે. "જો આજે મને ભિક્ષામાં સેવો મળશે તો જ જમીશ." જો સેવો ન મળે તો ન જમે. જ્યાં સુધી સેવો ન મળે ત્યાં સુધી ઉપવાસ થાય. કોઈને કહેવાય પણ નહિ કે મારે સેવો ખાવી છે. આવો જ અભિગ્રહ મહાવીરે કર્યો. તે રોજ કૌશામ્બીમાં ભિક્ષા માટે નીકળતા, ચાર માસ સુધી અભિગ્રહ પૂરો ન થયો. તેટલા ઉપવાસ થયા. પાંચ માસ અને પચીસમા દિવસે તેમનો અભિગ્રહ પૂરો થયો. રાજકુમારી ચંદનાએ તેમને અડદના બાકડા ભિક્ષામાં આપ્યા. ચંદના ધન્ય ધન્ય થઈ ગઈ. તુલના કરો બુદ્ધને સુજાતાએ પારણું કરાવ્યું હતું. અહીં મહાવીરને ચંદનાએ પારણું કરાવ્યું છે. બંને પાત્રો અમર છે. કોઈ ચંદના સાધ્વીજી અહીં વિરાયતન આશ્રમ સ્થાપીને ગરીબની સેવા કરી રહ્યાં છે તે જાણી આનંદ થયો.

મહાવીરનાં દુખોનો પાર નથી. તે જ્યારે ધ્યાનમાં હતા ત્યારે ગોવાળોએ તેમના કાનમાં ખીલા માર્યા હતા. આવી અસહ્ય વેદનામાં પણ મહાવીર સ્થિતપ્રજ્ઞ રહ્યા હતા.

દીક્ષા પછી લગભગ બાર વર્ષ સુધી તેમણે સાધનાકાળમાં અગણિત કષ્ટો સહન કર્યાં. તેરમા વર્ષે તેઓ અરિહંત થયા. તેઓ કેવળીજ્ઞાની થયા. આગળ જતાં પાર્શ્વનાથ પરંપરાના સાધુઓ મળ્યા અને એકતા થઈ.

મહાવીરે તીર્થંકર દશા પ્રાપ્ત થયા પછી પ્રથમ ચાતુર્માસ્ય રાજગૃહીમાં વિતાવ્યું. ત્યાં મેઘકુમારને દીક્ષા આપી. છેલ્લું ચોમાસું પાવાનગરીમાં રહ્યા. કારતક કૃષ્ણપક્ષ (આસો) અમાવાસ્યાના દિવસે અર્થાત્ દિવાળીના દિવસે તેઓ કાળધર્મ પામ્યા. ત્યારે તેમનું આયુષ્ય 72 વર્ષનું હતું.

30 વર્ષ ગૃહસ્થાશ્રમ

12 વર્ષ સુધી શ્રમણ પર્યાય

30 વર્ષ સુધી કેવળ પર્યાય તીર્થંકર રહ્યા

કુલ 72 વર્ષ દેહ ધારણ કર્યો.

જે સ્થળે તેમને અગ્નિદાહ અપાયેલો તે સ્થળ અમે જોઈ રહ્યા છીએ. પુષ્કળ તીર્થયાત્રીઓ સમાધિમંદિરમાં દર્શન કરી રહ્યાં છે. બહાર ઘી બોલાઈ રહ્યું છે. મોટા ભાગના યાત્રાળુઓ ગુજરાતી છે. જેમાંથી કેટલાક મને ઓળખે છે. મેં મંદિરમાં જવા પ્રયત્ન કર્યો પણ ત્યાં તો તલ મૂકવાની પણ જગ્યા નથી એટલે પાછો ફર્યો. કદાચ આ જ કારણસર કેટલાંક હિન્દુમંદિરોમાં કોઈને લાંબો સમય ઊભા રહેવા દેતા નથી. અહીં તો બધા બેસી ગયેલા છે. આ સ્થાનની ચારે તરફ તળાવનું જળ છે. મુખ્ય રસ્તાથી આવવા માટે એક પુલ જેવો લાંબો રસ્તો બનાવ્યો છે. ઉઘાડા પગ હોવાથી અને ઘણો તાપ હોવાથી પુલની સપાટી ઘણી તપી ગઈ છે. તેને પાર કરતાં અને વળતાં પગ તપી ગયા, મારા દુઃખથી શક્તિસિંહ ઘણા દુઃખી છે. પણ શું થાય? સારું થયું ઘણાં વર્ષે ઉઘાડા પગનો અનુભવ થયો.

હું મંદિર બહાર ઊભો છું. મંદિરની બંને તરફ ભૈરવની મૂર્તિઓ છે. એવું મનાય છે કે ભૈરવ રક્ષા કરે છે. જોકે મહમ્મદ બખ્તિયાર આવ્યો. ભૈરવ હાજર નહિ હોય પણ ભૈરવ સંબંધી માન્યતા હિન્દુ–જૈન બંનેમાં સરખી છે. હિન્દુ મંદિરોમાં પણ ભૈરવદાદા રખાય છે. જે મંદિરોમાં ઘણી ભીડ થતી હોય ત્યાં જરૂર ચમત્કારની વાતો ચોડાયેલી હોય જ. એક જૈન ભાઈએ મને સમજાવ્યું કે અહીં દિવાળીના દિવસે પોતાની મેળે જ આ ચક્કર ફરે છે. અમે મંદિરની પ્રદક્ષિણા કરી, બહારથી વંદન કર્યાં અને વિદાય થયા. અહીં નજીક જ મહાવીર સ્વામીએ જે અંતિમ ઉપદેશ આપેલો તે સ્થાન પણ છે. તેને "સમવશરણ" કહે છે.

અમે સમવશરણ મંદિરે પહોંચ્યા. સુંદર ભવ્ય મંદિર છે. અહીં ધર્મશાળાઓ પણ ઘણી અને ભવ્ય છે. મંદિરમાં મહાવીર સ્વામીની સાથે ગૌતમ સ્વામી પણ છે. ગૌતમ સ્વામી બ્રાહ્મણ હતા. અહીં પણ ઘણી ભીડ છે. કેટલાક ઓળખીતા પણ મળ્યા. મંદિર બહાર ઘણા ભિખારીઓ છે. સૌને કાંઈનું કાંઈ મળી રહે છે.

હવે અમે પાછા વળ્યા છીએ. છઠના કારણે યુવાનો વાહનો રોકીને પૈસા ઉઘરાવે છે. છઠનો તહેવાર હોવાથી મેળો જ મેળો છે.

સૌભાગ્યવતી સ્ત્રીઓ પૂજાપાનો ટોપલો લઈને જ નદીઓ તરફ જઈ રહી છે. ત્રણ દિવસના ભ્રમણમાં અમને પહેલી વાર એક હુન્ડાઈ કાર જોવા મળી તે ઉપરથી પ્રજાની સમૃદ્ધિનું માપ નીકળે છે.

અમે બોધગયા પહોંચી ગયા. રાત પડી ગઈ છે. મહેન્દ્રભાઈ એક ચંપલવાળી દુકાને મને લઈ ગયા. ચંપલ લીધાં, દુકાનદારનું નામ પૂછ્યું તો કહે કે 'મુનિર'. મેં કહ્યું કે મુનિરકુમાર, તો કહે કે ના ના, મુનિરુદ્દીન, અર્થાત્ તે મુસલમાન છે. મેં જોયું કે ઘણા મુસ્લિમો પોતાનું નામ–ઓળખ બતાવતાં સંકોચ અનુભવે છે. થોડાં વર્ષોથી તેમના ઉપર આતંકવાદની છાપ લગાવવામાં આવી છે. કદાચ તે કારણ હોય. જોકે બધા જ તેવા નથી હોતા, થોડા જ તેવા હશે પણ છાપ તો બધા ઉપર લાગી ગઈ છે. તે યોગ્ય ન કહેવાય.

અમે બધા જમ્યા અને પછી હોટલ ઉપર આવ્યા. ડૉક્ટરોની સાથે પ્રશ્નોત્તરી–ચર્ચા થઈ અને પછી સૂઈ ગયા.

આખો દિવસ જે કાંઈ જોયું તેની ઊંડી છાપ મારા ઉપર પડી કે તેને વાગોળું છું. ચોવીસ તીર્થંકરો વિશે કેટલુંક સમાધાન થતું નથી. પ્રથમ તીર્થંકર ઋષભદેવજીનું આયુષ્ય 84 લાખ પૂર્વ અને 500 ધનુષ્યની ઊંચાઈ હતી. પ્રશ્ન એ થાય છે કે ત્યારે આટલી ઊંચાઈ અને આટલું આયુષ્ય બધા લોકોનું રહેતું કે માત્ર તીર્થંકરનું જ? જો બધાનું જ આવું હોય તો એક પેઢીને બદલાતાં તેટલાં જ વર્ષ લાગે. અર્થાત્ લાખો વર્ષ પછી નવી પેઢી શરૂ થાય. 500 ધનુષ્ય એટલે બે હજાર ફૂટ જેટલી ઊંચાઈ થાય. તો ઘર, બારણાં, છત, વૃક્ષો વગેરે કેટલાં ઊંચાં હશે? નૃવંશશાસ્ત્રીઓ આ તથ્યને સ્વીકારી શકે છે? આ ઊંચાઈ અને આ આયુષ્ય ઘટતાં ઘટતાં મહાવીર સ્વામી સુધી 72 વર્ષ અને સાત હાથ જેટલું થઈ ગયું. આવું થવાનું શું કારણ હશે? સાત હાથની ઊંચાઈ પણ ડબલ કહેવાય. કારણ કે આપણી ઊંચાઈ સાડા ત્રણ હાથ જેટલી હોય છે. બુદ્ધ સમકાલીન છે. પણ તેમની ઊંચાઈ સાત હાથ નથી. સામાન્ય છે. પાર્શ્વનાથજી માત્ર 250 વર્ષ પહેલાં જ હતા. તેમની ઊંચાઈ નવ હાથ બતાવી છે. અર્થાત્ 13–14 ફૂટની ઊંચાઈ થઈ. કદાચ આવું બતાવવાનો હેતુ એ પણ હોય કે પહેલાં બધું જ મોટું–મોટું ઊંચું–ઊંચું અને ભવ્યતીભવ્ય હતું. જે હોય તે પણ વિચારો આવતા રહ્યા. જરૂર કાંઈક સમાધાન તો હશે જ.

7–11–2009

*

# 11. સમેતશિખર

મને રાત્રે બરાબર ઊંઘ ના આવી. વિચારોના વંટોળિયા ઊમડતા રહ્યા. મારી સામે મુખ્ય પ્રશ્ન એ હતો કે જે પ્રદેશમાં બુદ્ધ અને મહાવીર થયા તે પ્રદેશ બધી રીતે આટલો બધો પછાત, અસંસ્કારી, અપરાધીવૃત્તિવાળો કેમ છે? મોડે મોડે લાઇટ થઈ.

બ્લૂ પ્રિન્ટ

પ્રત્યેક ધર્મ કે સંપ્રદાયની એક બ્લૂ પ્રિન્ટ હોય છે. જેમાં તેના પ્રવર્તકનું જીવનચરિત્ર અને તેના ઉપદેશો મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે. જરા તુલના કરો એટલે ખ્યાલ આવશે.

મહાવીર સ્વામીના ગૃહત્યાગ પછીનું પૂરું જીવન ભારે દુઃખો સહન કરવામાં વ્યતીત થયું છે. તેમણે ક્યાંય દુઃખોનો પ્રતિકાર કર્યો નથી. સંબુદ્ધિથી ઘોર યાતનાઓ સહી લીધી છે. આ થઈ બ્લૂ પ્રિન્ટ, પણ ક્યાંય લોકોનાં દુઃખો દૂર કર્યાં, હોય. જેવાં કે બીમારોની સેવા–શુશ્રૂષા કરી હોય, ભૂખ્યાંને જમાડ્યાં હોય, ટાઢે થરથરતાં લોકોને ધાબળા ઓઢાડ્યા હોય, બિહારની નદીઓમાં પૂર આવવાથી ઘરવિહોણા લોકોને આશ્રય આપ્યો હોય, કે પછી રાજકીય અત્યાચારો સામે ઝઝૂમ્યા હોય, સામાજિક કુરૂઢિઓ સામે બળવો પોકાર્યો હોય, બેકાર લોકોની રોજીરોટી માટે પ્રયત્નો કર્યા હોય તેવી વાતો ખાસ દેખાતી નથી. લગભગ બધા જ ભગવાનોની આવી જ વાતો દેખાય છે. દાનનો ઉપદેશ ઘણો છે, પણ તે મોટા ભાગે સાધર્મિક દાન, અર્થાત્ પોતાના ધર્મભાઈને મદદ કરવાની વાત. વાત આટલેથી જ અટકતી નથી. કુપાત્રને દાન, કુપાત્રને નમસ્કાર, કુપાત્રને આવકાર કે આદરભાવ–આ બધાંનાં ભયંકર પરિણામ બતાવ્યાં છે. જે એક રીતે યોગ્ય જ કહેવાય પણ કુપાત્ર એટલે પોતાનાથી ભિન્ન, લગભગ બધાં જ કુપાત્ર મનાય. જેમ બ્રહ્માકુમારીવાળાં પોતાનાથી ભિન્ન બધાને તમોગુણી કે રજોગુણી માનીને તેમનું પાણી પણ નથી પીતાં. કારણ કે સત્ત્વગુણી માત્ર પોતે જ છે તેવું માને છે. તેવી જ રીતે જૈનોનું દાન પણ સ્વલક્ષી, સ્વકીયલક્ષી કે પછી ધર્મસ્થાનલક્ષી થઈ જાય છે.

હવે ધીરે ધીરે એક નવો વર્ગ મહેશભાઈ કે ચંદનાદેવી જેવો તૈયાર થઈ રહ્યો છે. જે માનવતાલક્ષી કામો કરી રહ્યા છે. રૂઢિવાદી–જુનવાણી જૈનોને આ ગમતું નથી. અમારા કૅમ્પની જ વાત કરીએ. તેમાં ગુજરાતથી સેવા કરવા 500 કાર્યકર્તાઓ આવ્યા છે પણ તેમાં પાંચ ટકા પણ જૈનો નહિ હોય. ઉંદરખાઉ મુશહરોની સેવા કરવાનું તેમને જરાય ન ગમે. પાપ લાગે. સાધુ મહારાજજી પણ તેવું જ સમજાવે. મારી દૃષ્ટિએ તેમાં તેમનો દોષ નથી. બ્લૂ પ્રિન્ટ જ એવી છે. મફતકાકાને પણ આવો જ અનુભવ થતો. એક વાર તેમણે મને કહેલું કે અમારા ભાઈઓ મને કહે છે કે તમે દેરાં કેમ નથી બંધાવતા? હું કહું છું કે માનવસેવા એ જ મારા માટે જીવતુંજાગતું દેરું છે. તેઓ મધર ટૅરેસાથી ઘણા પ્રભાવિત હતા. લોકો કહેતા તે ખ્રિસ્તી થઈ જવાના છે. કદાચ આવું જ મહેશભાઈ, ચંદનાદેવી વગેરેનું છે.

હવે ગાંધીજીની બ્લૂ પ્રિન્ટ જુઓ. તેમણે સાધુ ન બનાવ્યા. કાર્યકર્તા બનાવ્યા. પરલોક નહિ, આ લોકને સુધારવાની વાત કરી. શરૂઆત ઝાડુથી કરી, ધ્યાનથી નહિ. પ્રત્યેક કાર્યકર્તા ઝાડુ લે. ગામ સફાઈ કરે, કૂવાની સફાઈ કરે. શિક્ષણ આપે, લોકોને ભણાવે. અસ્પૃશ્યતા દૂર કરે, સમાજના કુરિવાજો સામે ઝઝૂમે, આઝાદી માટે લડે, જેલમાં જાય, લાઠી ખાય, ગોળી ખાય, બેકારી દૂર કરવા ખાદી કાંતે, ખાદી પહેરે, સાદું જીવન જીવે. આ ગાંધીજીની બ્લૂ પ્રિન્ટ હતી. તેથી તેમના કાર્યકર્તાઓ તેવા થયા અને તેવી પ્રવૃત્તિઓના દ્વારા લોકાની સેવા કરી.

ગુરુ ગોવિંદસિંહજીની બ્લૂ પ્રિન્ટ હતીઃ શીખો શસ્ત્રધારી બનો, વીર બનો, ધર્મરક્ષા કરો, ધર્મનાશકોના ઉપર તૂટી પડો. તેમનાથી દેશને મુક્ત કરો, આ તેમની બ્લૂ પ્રિન્ટ હતી. તેથી શીખો તેવા થયા. જેની જેવી બ્લૂ પ્રિન્ટ હોય તેના અનુયાયીઓ તેવા થાય કારણ કે ધર્મ પ્રજાનું ઘડતર કરે છે. મહેશભાઈ કે ચંદનાદેવી જેવાં લોકો ગાંધીજીની બ્લૂ પ્રિન્ટથી આકર્ષાયાં અને સેવા તરફ વળ્યાં. મૂળ કારણ બ્લૂ પ્રિન્ટ છે. દુઃખોને સહન કરવાં એ ઊંચી સહનશક્તિનું જ પરિણામ હોઈ શકે. તે વંદનીય છે. પણ દુઃખોને દૂર કરવાં ખાસ કરીને દુઃખી લોકોનાં દુઃખો દૂર કરવાં એ માનવતા છે. જો કુપાત્રનો વિચાર કરીએ તો સૌથી મોટું કુપાત્ર તો પોતે જ છે. આ સંતમાર્ગ છે. કબીર કહે છે કેઃ

> *બૂરા ઢૂંઢન મૈં ચલા બૂરા ન મિલિયા કોય.*

*જબ આપે મેં ખોજિઆ તો મુઝ સે બૂરા ન કોય.*

સૌથી વધુ બૂરો–અધમ તો હું જ છું. આવો ભાવ આવે ત્યારે સંત થવાય, વસ્ત્ર પહેરવાથી સાધુ તો થવાય, સંત ન થવાય. માંસાહારી કે દારૂ પીનારા તેવું ન કરે તો સારું, પણ માંસ ખાનારા બધી રીતે પાપી કે અધમ નથી થઈ જતા. મિશનરીવાળા ઘણા દયાળુ અને ગંદાં–ગોબરાં માણસોની સેવા કરનારા હોય છે. બીજી તરફ બૅન્કો ખાઈ જનારા માંસાહારના ત્યાગી હોય તોપણ વધુ અધમ કહેવાય. અને હા, માંસાહારી હિન્દુ પણ મારો ભાઈ જ છે. તે જ મારું રક્ષણ કરે છે અને કરશે. તેના મતોથી સરકાર બને છે. તે જો બીજા પક્ષે ચાલ્યો જશે તો ધર્મવિરોધી સરકાર આવશે જે સર્વનાશ કરી મૂકશે. એટલે પોતાના સ્વાર્થ માટે પણ તેને કુપાત્ર માન્યા વિના સાથે રાખવા, સેવા કરવી જરૂરી લાગે છે.

શ્રી મહેશભાઈએ એક વાર મને પ્રશ્ન પૂછ્યો કે ગાંધીજી જેમનાથી પ્રભાવિત થયા હતા તેમના વિશે તમારો શો અભિપ્રાય છે? મેં કહ્યું કે કોઈ વ્યક્તિવિશેષ માટે કાંઈ કહેવું તે ઠીક ન કહેવાય પણ સિદ્ધાંત ચર્ચા કરવી ઠીક કહેવાય. માત્ર એક વ્યક્તિ જ નહિ સૌના માટે આટલા પ્રશ્નો પુછાવા જોઈએ.

1. રાષ્ટ્રની આઝાદી અને સુરક્ષા માટે તેમણે શું કર્યું?
2. દલિતો, અસ્પૃશ્યો, વિધવાઓ, ત્યક્તાઓ, અનાથ બાળકો, વૃદ્ધો વગેરે માટે તેમણે શું કર્યું?
3. દેશની હડહડતી ગરીબી, ભૂખમરો, ગંદકી, ગુંડાગીરી, કામચોરી, વગેરેના નિવારણ માટે તેમણે શું કર્યું? તેમના કેવા વિચારો છે? તેમના વિચારોથી દેશ સમૃદ્ધ–સુખી થઈ શકે તેમ છે કે દરિદ્ર અને દુઃખી થઈ જાય તેમ છે?
4. તેમના વિચારોથી વ્યક્તિને અને પૂરી પ્રજાને સશક્ત બળવાન, બહાદુર થવાની પ્રેરણા મળે છે કે પછી નમાલાપણું આવે છે?
5. વિજ્ઞાન અને વિકાસના પૂરક અને પ્રેરક વિચારો છે કે બાધક છે?

આટલા પ્રશ્નોના જે ઉત્તરો આવે તે બધા મહાપુરુષો માટેનો મારો અભિપ્રાય છે. કોઈ એકાદ વ્યક્તિ માટે નથી. તમે રાતદિવસ આત્મા–આત્મા કહ્યા કરો તેથી કોઈ પ્રશ્ન ઉકેલાતો નથી. આત્માના જેટલું જ શરીર પણ વાસ્તવિક છે. તેની ઉપેક્ષા ન કરાય. તેના આરોગ્ય માટે પ્રયત્નો કરવા એ પણ સાધના જ છે. બલકે કોઈના આરોગ્ય ઉપરથી તેના સંયમનું માપ કાઢી શકાય. અસંયમીને આરોગ્ય ન હોય. એમ કહો કે આરોગ્યહીનને સંયમ ન હોય. સંયમ એટલે નિગ્રહ નહિ. મહેશભાઈને 67 વર્ષ થયાં છે પણ 45 જેવા દેખાય છે. 16થી 18 કલાક કામ કરે છે. કર્મઠતા પોતે જ રસાયણ છે. નિષ્ક્રિયતા શરીરને વહેલું વૃદ્ધ બનાવીને વહેલું મારી નાખે છે.

મોડી રાત્રે સમાધાન થયું અને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. બસ એક જ વાતઃ બ્લૂ પ્રિન્ટ સુધારો. માત્ર એકની જ નહિ આપણા બધાની. જો ઉપરના ગજથી માપવામાં આવે તો આપણા ઘણા મહાપુરુષો પોતાની મહત્તા ખોઈ બેસે છે. મહત્તા તેની છે જેણે પ્રશ્નો ઉકેલ્યા છે. પ્રશ્નોથી ભાગનાર કે ભગાડનારની નહિ.

આજે તા. 25–10–2009 છે. અમારે સમેતશિખરની યાત્રાએ જવાનું છે. પ્રવાસ લાંબો હોવાથી સવારે છ વાગ્યે જ નીકળી પડ્યા. ક્વોલીસ તો એની એ જ છે પણ ડ્રાઇવર બદલાયો છે. તેનું નામ છે મુન્નાભાઈ જાદવ. જાદવ હોવા છતાં તે લાલુ યાદવનો વિરોધી છે. તેનું પણ કથન છે કે અત્યારે પહેલાં કરતાં સારી શાંતિ છે. અમારી સાથે જે ભાઈને મોકલ્યા છે તે દાઉદમિયાં છે. અહીંના જ છે અને છેલ્લાં 23 વર્ષથી દૂરદૂરનાં ગામડાંઓમાંથી દર્દીઓને લાવવા લઈ જવાનું કામ કરે છે. તેમની નોકરી ચાર મહિનાની–કૅમ્પ પૂરતી રહે છે. તેમનો છોકરો જામનગરમાં નેવીમાં કામ કરે છે. અમારી ગાડી દિલ્હી, કલકત્તા એક્સપ્રેસ વે ઉપર દોડી રહી છે. રસ્તો સારો છે. બંને તરફનાં ઘરો પણ ઠીક ઠીક છે. ટોલટૅક્સ લેવાયો પણ ટોલ લીધા પછી તરત જ ટિકિટ ચેક કરી નામ ઠામ ઠેકાણું લખાયું. અર્થાત્ એક જ બૂથમાં બે વાર ગાડી રોકવી પડે છે.

છઠપૂજાનાં લાંબાં લાંબાં ટોળાં આવ–જા કરી રહ્યાં છે. જોકે આજે સાતમ છે તોપણ બપોર સુધી પૂજા ચાલ્યા કરશે. કદાચ બે કિલો મીટર લાંબું ટોળું હતું. સોહાગણ સ્ત્રીઓ છેક નાકના ટેરવાથી લાલ ટીલું કરીને છેક માથા સુધી લઈ જાય છે. ચહેરો બેડોળ લાગે છે. પણ તેથી શું? શ્રદ્ધા અને પ્રેમને ડોળ–બેડોળ નથી હોતું. પ્રત્યેકના ચહેરા ઉપર પ્રતિપ્રેમની તેજરેખા સ્પષ્ટ દેખાય છે. બિનવફાદાર સ્ત્રીઓના ચહેરા રૂપાળા તો હોઈ શકે છે પણ આવા તેજસ્વી નથી હોતા. દાઉદમિયાં સમન્વય આશ્રમમાં આઠ મહિના નોકરી કરે છે. આ આશ્રમના કારણે હરિજનોની સ્થિતિ સારી સુધરી છે. ભૂદાનથી તેમને જમીન મળી છે અને આ આશ્રમવાળા તેમને ખેતી શિખવાડે છે. તેમને મજૂરી

કરતાં તો આવડે છે પણ ખેતી કરતાં નથી આવડતું. તે લોકો બૌદ્ધ થયા નથી. માત્ર રવિદાસી એટલે કે ચમારલોકો બૌદ્ધ થયા છે. હિન્દુઓને બુદ્ધની કોઈ એલર્જી નથી. મહાવીરની પણ નથી. પીરબાપજીની પણ નથી. તે બધાનાં પૂજા–દર્શન કરે છે. પણ બૌદ્ધ ગુરુઓ નવીન બૌદ્ધોને હિન્દુઓથી દૂર રહેવા ઉશ્કેરતા રહે છે. તે મુસ્લિમોથી દૂર રહેવા ઉશ્કેરતા નથી. ઊલટાના રામવિલાસ જેવા તો નજીક જવા પ્રેરે છે. તેઓ એમ માને છે કે અમારી દુર્દશા હિન્દુઓએ કરી છે. તેમની વાત ખોટી નથી. પણ તેમની દશા સુધારનારા પણ હિન્દુઓ છે. તે વાત સ્વીકારતા નથી. મુસ્લિમ શાસનકાળમાં તેમના માટે કાંઈ જ કરવામાં આવ્યું નહોતું. અને આઝાદી પહેલાં પણ કશું કરવામાં આવ્યું નહોતું. અર્થાત્ તેમની દશા સુધારવા માટે ગાંધી, વિનોબા, ઠક્કરબાપા, રવિશંકર મહારાજ જેવા કોઈ મુસ્લિમ કાર્યકર્તાઓ થયા જણાયા નથી. તોપણ હિન્દુઓ પ્રત્યે બદલોભાવના પૂરી કરવા તેઓ મુસ્લિમ તરફી વલણ ધરાવતા થયા છે. ભવિષ્ય સારું નથી. કારણ કે કેટલાક મુસ્લિમો અલકાયદા તથા તાલિબાની વિચારધારા તરફ વળી રહ્યા છે. અહીં એવી સંસ્થા સિમી છે. જેના ઉપર પ્રતિબંધ છે. સિમી ઉપરના પ્રતિબંધથી મુલાયમસિંહ, લાલુ, પાસવાન વગેરે વ્યગ્ર થઈ ગયા હતા. તેમણે આવો જ પ્રતિબંધ આરએસએસ તથા વિશ્વ હિન્દુપરિષદ ઉપર મૂકવાનાં વિધાનો પણ કર્યાં હતાં. મુસ્લિમોને રાજી કરવાની હાસ્યાસ્પદ પ્રવૃત્તિ તો જુઓ. લાલુ યાદવ પોતાના ચૂંટણીપ્રચારમાં અહીંના એક ખાન મુસ્લિમને ઓસામા બિન લાદેન જેવો વેશ પહેરાવીને મુસ્લિમ મતદાતાઓમાં સાથે ફેરવતા હતા. જોકે તેઓ ચૂંટણી કમિશનરની કઠોરતાથી હારી ગયા છે. એટલે તો નીતીશનું રાજ ચાલે છે. હવે અહીં પહેલાં જેવી અસ્પૃશ્યતા નથી. ઘણો સુધારો થયો છે.

દાઉદમિયાંનું કથન છે કે હું ગરીબ મુસલમાન છું. મેં હજ કરી નથી. પણ કદાચ મારી પાસે પૈસા આવે તોપણ હું હજ કરવા ન જાઉં. તે પૈસા આવા કેમ્પમાં ગરીબની સેવા કરવા આપી દઉં. તેની વાતથી મને આનંદ થયો. જો બધાના વિચારો બદલાય તો સ્વર્ગ અહીં આવી જાય પણ વિચારો રૂઢ કરાવનારા વધારે છે. તેમનું જોર વધારે છે. અહીં મુસ્લિમોના બે પ્રકાર છે. 1.: ખાન અને બીજા દેશી. પહેલાં દિલ્હી ઉપર તુર્કો, પછી અફઘાનો રાજ કરતા હતા. પણ મોગલોના આવ્યા પછી અફઘાનો પૂર્વ તરફ ખસ્યા. છેક બંગાળ–ઓડિસા સુધી. આ બધા અહીંના રાજકર્તા હતા. તેમના વંશજોને 'ખાન' કહેવાય છે. અફઘાનવંશ (આર્યવંશ) હોવાથી કદાવર શરીર અને ગૌરવર્ણના તેઓ જુદા જ તરી આવે છે. બાકીના અહીંની પ્રજામાંથી થયેલા દેશી મુસ્લિમો છે. કદાવર નથી હોતા. ગોરા પણ નથી હોતા. ખાન લોકો દેશી મુસલમાનોને હલકા માને છે. દીકરી નથી આપતા. પોતાનામાં જ આપ–લે કરે છે. આ ખાનોમાંથી કેટલાક મોટા માથાભારે દબંગ થયા છે. લાલુ–પાસવાન વગેરેને તે જ ચૂંટણી જિતાડતા હતા. હવે મોટા ભાગના આવા દબંગો જેલમાં છે. પહેલાં તો તેમનું કોઈ નામ ન લઈ શકતું. બધા સામાન્ય માણસો થરથરતા. રાજકીય સાથ વિના કદી પણ લાંબો સમય ગુંડાગીરી ચાલી શકે નહિ. જ્યારે પરાક્રમ વિનાના ઠિંગુજીઓ રાજગાદી ઉપર બેસે છે ત્યારે આવા માથાભારે લોક માથું ઊંચકતા હોય છે. અમારી આગળ એક ટ્રક ચાલી રહી છે તેની પાછળ એક શેર લખ્યો છે.

> *"મોત કભી રિશ્વત નહીં લેતી*
> *ક્યોં કિ કફન કો જેલ નહીં હોતી."*

કેટલો સચોટ શેર છે! ઉર્દૂવાળા પણ ગજબના છે. ખાનની સ્ત્રીઓ કાળા બુરખા પહેરે છે. પણ દેશી મુસ્લિમોની સ્ત્રીઓ બુરખા પહેરતી નથી. પેલી સ્ત્રીઓ મજૂરીકામે જતી નથી જ્યારે આ દેશી જાય છે. હવે મૌલવી સ્ત્રીઓ પણ બુરખો પહેરતી થાય અને પુરુષો દાઢી રાખતા થાય તેવા સખત પ્રયત્નો કરી રહ્યા છે. તેમનું સ્વપ્ન છે કે શરિયાના મુસ્લિમો થવા જોઈએ. માત્ર મુસ્લિમો જ પશ્ચિમી નથી. દેશી મુસલમાન સ્ત્રીઓમાંથી ઘણી ખરી હજી પણ સાડી પહેરે છે. અને પુરુષો ધોતીકુર્તા પહેરે છે. દાઉદમિયાંનું કથન છે કે પહેલાં અહીં જગ્યા જગ્યાએ લોકો સત્તુના ટોપલા લઈને વેચવા બેસતા પણ હવે ઓછા થઈ ગયા છે. કારણ કે ગરીબી ઓછી થઈ હોવાથી સત્તુ ખાનારા પણ ઓછા થઈ ગયા છે. અત્યારે સત્તુ 60 રૂપિયે કિલો વેચાય છે. છઠના કારણે ટ્રાફિક જામ થઈ ગયો છે. મુન્નો આડીઅવળી ચલાવીને પણ ગાડીને આગળ લઈ જવા મથી રહ્યો છે.

હવે અમે બિહારમાંથી ઝારખંડમાં પ્રવેશ કર્યો છે. ઝારખંડ, બિહારથી જુદું થયેલું રાજ્ય છે. અહીં માઓવાદી અને નકસલવાદીઓનો ભયંકર ત્રાસ છે. બધું બદલાઈ ગયેલું દેખાય છે. પહાડી જમીન છે. જમીન ફળદ્રુપ ઓછી લાગે છે. મકાનો ઝૂંપડાં જેવાં લાગે છે. લોકો ગરીબ દેખાય છે. કશો વિકાસ જ દેખાતો નથી. ચારે તરફ સન્નાટો અને ઉદાસી દેખાય છે. અમારી યાત્રા સકુશળ રહે તેની ચિંતા થાય

છે. અહીં સ્ત્રીઓનું પ્રમાણ પુરુષો કરતાં વધારે છે, તેથી ઘણા લોકો તેમને બીજા પ્રાંતમાં કામ કરવા લઈ જાય છે. લોકો રૂપાળા નથી. અહીંની સ્ત્રીઓ પણ ધૂમધામથી છઠનો તહેવાર મનાવી રહી છે. પતિ કોને વહાલો ન હોય? શ્યામ રંગ ઉપર લાલ તિલક વધુ ચમકે છે. પર્વતાળ પ્રદેશમાં વસ્તી ઓછી છે. ક્યારેક ક્યારેક ભંગાર ગામડાં આવે છે. મહેન્દ્રભાઈનું કથન છે કે મારે આ નકસલીઓ સાથે ચર્ચા કરવી છે. મેં સમજાવ્યા કે ભૂમિકા વિના વાત ન થઈ શકે. બંને તરફ ગેરસમજ ઊભી થઈ શકે છે.

લ્યો, અમે તો સમેતશિખરની તળેટીમાં પહોંચી ગયા. નગર મોટું છે. ઘણી દુકાનો, ઘણાં દેરાસરો અને ઘણી ધર્મશાળાઓ વગેરે છે. અમારી ગાડી છેક પગથિયાં સુધી પહોંચી ગઈ છે. મારે અને મહેન્દ્રભાઈને ડોલીમાં બેસીને યાત્રા કરવાની છે. શક્તિસિંહ પગે ચાલવાના છે. મુન્નો અને દાઉદમિયાં નીચે ગાડીમાં જ રોકાવાના છે. ડોલીના બે પ્રકાર છે. બે માણસો ઉપાડનારી અને ચાર માણસો ઉપાડનારી. મહેન્દ્રભાઈનું કદ અને વજન ઓછું છે. એટલે તેઓ બે જણા દ્વારા ઉપાડાનારી ડોલીમાં ગોઠવાયા. હું ચારમાં ગોઠવાયો. પણ આ શું? મને ઉપાડનારા ચારેના મોઢામાંથી દારૂની તીવ્ર ગંધ આવી રહી છે. તે નહાયા તો નથી, હજુ દાતણ પણ કર્યું નથી. તેમનાં વસ્ત્રો સાવ ટૂંકાં અને ગંધાતાં છે. એક પાંચમો કમજોર માણસ ડોલી ઉપાડવા ઝઘડો કરી રહ્યો છે. તેના પગ લથડે છે. કારણ કે તે ચિક્કાર છે. જેમતેમ સમજાવીને ધકેલીને તેને દૂર કર્યો. ન ગમતી ગંધનો ત્રાસ સહ્યા વિના બીજો રસ્તો જ નથી. કારણ કે બધા જ આવા છે. આમના ઉપર જૈનધર્મ કે જૈન સાધુઓનો જરા જેટલો પણ પ્રભાવ નથી. ધંધાની ગરજ સિવાય બંને એકબીજાથી દૂર રહે છે. મને તો ઉપાડ્યો. હે ભગવાન્ પાર પાડજે. એટલું સારું છે કે જૈનોની કેદારનાથ જેવી અહીં ખીણો નથી. એટલે કદાચ પડીએ તો નીચેના પથ્થરો જ વાગે. અમારી ડોલી ચાલી રહી છે પણ હિમાલયમાં નેપાળી લોકો જેવા આ બળવાન કે સ્ફૂર્તિલા નથી. દારૂએ તેમને નીચોવી નાખ્યા છે. પછાત લોકોના પછાતપણામાં તેમનો પોતાનો પણ સિંહફાળો હોય છે. આ લોકોને કોણે પછાત બનાવ્યા? આટલી બધી સરકારી સગવડો અને અનામતો હોવા છતાં તેમની આવી દશા તેમણે પોતે જ કરી છે.

25–50–100 જેટલી મજૂરસ્ત્રીઓ માથા ઉપર 10–20 જેટલી ઈંટોનું બંડલ લઈને ઉપર ચઢી રહી છે. ઉપર કોઈ જૈન મંદિર બંધાઈ રહ્યું છે તેના માટે આ ઈંટો છે. આ પર્વત ઉપર ઘોડાં કે ખચ્ચરોને માન્ય રખાતાં નથી એટલે માણસો કામ કરે છે. ઈંટોને ઉપર ચઢાવવામાં કેટલો બધો ખર્ચો થઈ જશે? પણ શ્રદ્ધા ક્યાં ખર્ચા સામે જુએ છે? એકંદરે રસ્તો સારો છે. વારંવાર ડોલીવાળા કાંધ બદલે છે. એક વાર તો મારી ડોલી મહેન્દ્રભાઈએ ઊંચકી અને ચાલ્યા. તેમને અનુભવ કરવો હતો. મેં માંડ ડોલી મુકાવી. હવે ચઢાવ પૂરો થયો અને સીધી જમીન આવી એટલે હું ડોલીમાંથી ઊતરીને ચાલવા લાગ્યો. હજી મને જોઈએ તેવાં ચંપલ મળ્યાં નથી. એટલે ઉઘાડા પગે જ ચાલ્યો. ફરી પાછો ચઢાવ આવ્યો એટલે ખુરશીમાં બેસી ગયો. જમુનોત્રી કરતાં આ ખુરશીની ડિઝાઇન સારી છે. કશું ઘસાતું નથી. રસ્તામાં એક જગ્યાએ એક વૃદ્ધ આદિવાસી માત્ર નાની–પાતળી લંગોટી પહેરીને સૂતો જોયો. મને થયું કે કદાચ કોઈ દિગમ્બર સાધુ હશે પણ પછી જાણવા મળ્યું કે તે તો ઝારખંડી આદિવાસી છે અને પોતાના પરિવાર સાથે અહીં રહે છે.

અમે ચઢાવ ચઢી રહ્યા છીએ ત્યાં એક જૈન મુનિ ઊતરતા હતા તે મળ્યા. મને ઓળખી ગયા. તે રાજસુંદરવિજયજી હતા. બંનેને બહુ આનંદ થયો. તેમણે બહુ જ આગ્રહ કર્યો કે ભોમિયાજીમાં આચાર્યશ્રીનો ઉતારો છે ત્યાં જરૂર પધારજો. આચાર્યશ્રી પણ તમારાં પુસ્તકો વાંચે છે. મારી પાસે નાનું ટેપરેકોર્ડર છે. તેમની યાદગીરી માટે મેં કહ્યું આમાં કાંઈક બોલો તો યાદ રહે. પણ તેમણે મોઢું ફેરવી લીધું. અમારાથી ટેપ ન કરાય. હું સમજી ગયો. મેં આગ્રહ ન કર્યો. શક્તિસિંહને સરનામું આપ્યું અને બને તેટલાં પુસ્તકો મોકલવા આગ્રહ કર્યો. મને પૂછ્યું કે શું આ પુસ્તક પણ લખશો? મેં કહ્યું કે જેવી હરિ ઇચ્છા. અમે જુદા થયા. એક ઉપર અને બીજા નીચે ચાલ્યા. અમે લગભગ અડધે આવી ગયા છીએ, અહીં માંકડાંઓનું ટોળું છે. પણ મથુરા જેવું નહિ. નાનાં છે. ઉપરથી ઊતરતાં સાધુ–સાધ્વીઓ મળે છે. હું સૌને હાથ જોડીને વંદન કરું છું. હું તો ગૃહસ્થોને પણ પ્રથમ વંદન કરું છું. મને હંમેશાં લાગે છે કે તે ગૃહસ્થ મારા કરતાં તો સારા જ હશે. સંતમાર્ગ અને ભક્તિમાર્ગમાં પોતાની જાતને સૌથી નિમ્ન માનીને સૌને વંદન કરવાની પ્રથા છે. સાધુ–સાધ્વીઓ મને ધર્મલાભનો આશીર્વાદ આપે છે. શક્તિસિંહે પૂછ્યું કે આવું કેમ? તમે બધાને હાથ જોડીને વંદન કરો છો, સામેથી પ્રથમ તો નહિ પાછળથી પણ કોઈ કેમ હાથ નથી જોડતું? મેં તેમને સમજાવ્યું કે એ બધા સાધુ છે. સંત નથી. સંત પ્રથમ હાથ જોડે. હાથ જોડાવવાની જરાય ઇચ્છા ન રાખે. વેશ બદલવાથી સાધુ થઈ જવાય, પણ સંત થવું અઘરું છે. પોતાને દાસના દાસ માને. અહં ઓગળે તો સંત થવાય.

*"સંતને સંતપણાં રે, નથી મફતમાં મળતાં"*

જેમ જેમ તમે તમારી જાતને વધુ ને વધુ મોટા અને પૂજ્ય માનતા થાવ તેમ તેમ તમારાથી સંતપણું દૂર ભાગતું થાય. નમ્રતા, વિનય, વિવેક, દીનતા, આધીનતા વિના સંત ન થવાય.

ડોલીવાળા ભૂખ્યા થયા છે. રસ્તામાં એક બહુ મોટું રસોડું આવ્યું. મને લાગે છે કે તે માત્ર અહીંના લોકો માટે જ હતું. જાડા ચોખા અને થોડી દાળ કે થોડું શાક આપતા હતા. મહેન્દ્રભાઈએ બધા ડોલીવાળાઓને બેસાડીને પેટ ભરીને જમાડ્યા. મને આનંદ થયો. જે ભૂખ્યાનું પેટ ઠારે તેનું જીવન ઠરે. એક જૈન સજ્જન મળ્યા. પરિચિત હતા. તેઓ એકીસાથે ત્રણ નામ બોલ્યા. 'જયશ્રીકૃષ્ણ' 'જય મહાવીર' 'જય જિનેન્દ્ર'–લોકો ઉદાર થઈ રહ્યા છે. બધાં નામ ભગવાનનાં છે. કશો ભેદ કરવાનો ન હોય. ઊલટાનું સામેના માણસને ગમે તે નામ બોલવાનું. જેથી આનંદ થાય. અમારી ડોલીવાળાના ભગવાન પણ મહાવીર છે. પણ તે હનુમાન–મહાવીર છે. બધા આદિવાસીઓ હનુમાનજીની પૂજા કરે છે. લીલોછમ પહાડ છે. ગાઢ વનરાજી છે. હવે રસ્તો ખરાબ આવ્યો છે. ચઢાઈ બહુ કઠિન છે. જેમ તેમ કરીને અમે છેક શિખર ઉપર પહોંચી ગયા. અહીં પુષ્કળ ભીડ છે. જુદી જુદી વીસ ટૂંકો ઉપર વીસ મંદિરો કે સમાધિઓ છે. એવું મનાય છે કે વીસ તીર્થંકરો અહીંથી મોક્ષે ગયા હતા. લોકોના ચહેરા ઉપર ગજબની શ્રદ્ધા છે. પર્વતોનાં તીવ્ર શિખરો ઉપર મંદિરોનાં કે સમાધિઓનાં નિર્માણ કેવી રીતે કરાવ્યાં હશે તે જ મોટો પ્રશ્ન છે. શ્રદ્ધા શું નથી કરતી? બધી ટૂંકો ઉપરનાં મંદિરો તો દેખાય છે. ભાગ્યે જ કોઈ શ્રદ્ધાળુ બધી ટૂંકો ઉપર જતો હશે.

પેલું પારસનાથજીનું મંદિર ભવ્ય લાગે છે. સીધું જ શિખર ઉપર છે. ભગવાનનાં દર્શન થાય કે ન થાય, શ્રદ્ધાનાં દર્શન કરીને પણ ધન્ય ધન્ય થવાય. આ ગૌતમસ્વામીની સમાધિ છે. છે તો નાની પણ સુંદર છે. ગૌતમસ્વામી બ્રાહ્મણ હતા. જૈન–બૌદ્ધના મોટા ભાગના વિદ્વાનો બ્રાહ્મણો હતા. તીર્થંકરો ક્ષત્રિયો હતા. કોઈ વણિક તીર્થંકર થયો હોય તો નવાઈ જ કહેવાય. ગૌતમસ્વામીનાં દર્શન કરીને અમે હવે નીચે તળાવ તરફ વિદાય થયા. અડધો કિલોમીટર ઊતરો એટલે ભવ્ય મંદિર આવે છે. ભારે ભીડ દર્શન કરી રહી છે. ડોલીવાળા એક મકાનની છત ઉપર પોતપોતાની ડોલીઓ મૂકીને થાક ઉતારી રહ્યા છે. કોઈ તડકે તો કોઈ અડધા છાંયે ટૂંટિયું વાળીને પડ્યા છે. તેમને દર્શનમાં જરાય રસ નથી. વર્ષોથી સેંકડો વાર અહીં આવ્યા હશે પણ ભાગ્યે જ દર્શન કર્યાં હશે. છત ઉપર ઊભો ઊભો હું નીચેના મંદિરને અને યાત્રાળુઓને જોઈ રહ્યો છું. મહેન્દ્રભાઈ અને શક્તિસિંહ નીચે મંદિરમાં ભ્રમણ કરી રહ્યા છે. હું ભીડ ઓછી થવાની રાહ જોઈ રહ્યો છું. પણ ભીડ તો વધી રહી છે. છેવટે હું પણ નીચે ઊતર્યો. દર્શન કર્યાં. પ્રદક્ષિણા કરી અને ફરી પાછો હતો ત્યાં જ ઉપર છત ઉપર આવી ગયો. આ પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. આમ તો ચોવીસે તીર્થંકરો બધા એકસરખા જ દેખાય છે. કશી ખબર ન પડે પણ કેટલાકની કાંઈક વિશેષતાઓ હોવાથી ખ્યાલ આવે. જેમકે પાર્શ્વનાથના માથા ઉપર શેષનાગની ફેણો હોય. કેટલાંકનો વર્ણ કાળો હોય. કૃષ્ણ પણ કાળા જ છે ને? કદાચ આ કાળા ભગવાનો આદિવાસી કુળમાંથી થયા હોય. મેં દક્ષિણ અમેરિકામાં એક જગ્યાએ કાળા ગોડ જોયા હતા. જે હોય તે પણ તે સમયે કેમેરા વગેરેની વ્યવસ્થા ન હોવાથી કલાકારોએ પોત–પોતાની કલ્પના પ્રમાણે પ્રતિમાઓ બનાવી હશે. રામકૃષ્ણ વગેરેની પણ આવી જ વાત છે.

પેલું દૂર જે એક ઊંચા શિખર ઉપર ભવ્યમંદિર દેખાય છે તે પારસનાથજીનું છે. દિગંબરો તેનું સંચાલન કરે છે તેવું જાણવા મળ્યું. અહીં શ્વેતામ્બર–દિગંબરોનો વર્ષો જૂનો ઝઘડો ચાલી રહ્યો છે. કેટલી કોર્ટોએ કેટલાં જજમેન્ટ આપ્યાં, અત્યારે સુપ્રીમકોર્ટમાં કેસ ચાલે છે. એક જૈન બહેને બળાપો કાઢ્યો. ભગવાન બંને પક્ષોને સદ્‌બુદ્ધિ આપે અને સારું સમાધાન થાય તો વિકાસ થાય. આ ઝઘડાના કારણે વિકાસ અટકી ગયો છે.

અમે બધા ભેગા થયા અને જળમંદિરથી વિદાય લીધી. હવે તીવ્ર ચઢાણ હતું. અધવચ્ચે એક જાડી શેઠાણી ડોલીવાળા સાથે રકઝક કરી રહી છે. શેઠાણી સમજતી હતી કે હું ચઢી જઈશ પણ હવે ચઢાતું નથી. હાંફી ગઈ છે. ડોલીવાળો પૂરા પૈસા માગે છે. શેઠાણીનું કહેવું છે કે હું આટલું ચઢી આવી છું તેટલા પૈસા ઓછા કર. ડોલીવાળાનું કહેવું છે કે તમે છેક પાછાં નીચે ચાલો હું ત્યાંથી તમને ઉપાડી લાવીશ. પણ પૈસા તો ઓછા નહિ થાય. શું પરિણામ આવ્યું તે જાણતાં પહેલાં અમારી ડોલી આગળ વધી ગઈ. મને ઊંચકનારા ચારે દારૂની તીવ્ર વાસથી અને મેલાં કપડાંથી ગંધાય છે. વચ્ચે વચ્ચે એકબીજાને અશ્લીલગાળો પણ આપે છે. સારું છે કે ડોલી ઉપર કોઈ ભદ્ર મહિલા નથી, નહિ તો શું થાય? કોણ સુધારે આમને? આમાંથી જ સરપંચથી માંડીને છેક મંત્રી સુધીના પદે આ ભાઈઓ બિરાજતા થયા છે. સારું થયું છે. હું તેમનો સમર્થક છું, પણ તેમના દેદાર તો સુધરવા જોઈએ. પદને અનુરૂપ ભદ્રતા હોવી જરૂરી છે.

ધોળકાવાળા કલિકુંડ મંદિરવાળા મહારાજ અહીં એક ભવ્ય મંદિર બંધાવી રહ્યા છે. પેલી ઈંટો અહીં આવી રહી છે. એક ઈંટની મજૂરી પાંચ રૂપિયા થાય છે તેવું જાણવા મળ્યું. કદાચ ઓછા પણ હોય. એક કહેવત છે કે "વાણિયો નામ માટે મરે". લખલૂંટ ખર્ચો થઈ રહ્યો છે. સારું છે. નિર્માણ તો થઈ રહ્યું છે. અગ્નિમાં સ્વાહા તો નથી થઈ જતું ને?

ઉપર બે પક્ષોનો ઝઘડો ચાલતો હોવાથી કશો વિકાસ થઈ શકતો નથી. પણ નીચે નગરમાં અસંખ્ય મંદિરો, ધર્મશાળાઓ, ઉપાશ્રયો વગેરે બંધાયાં છે અને બંધાઈ રહ્યાં છે. મારે પેલા મુનિ મહારાજના ભોમિયા ઉતારે જવું છે પણ હવે સમય નથી, બોધગયા જતાં હજી અમને ચાર કલાક લાગવાના છે અને સૂર્ય તો આથમી રહ્યો છે. અહીં સૂર્ય વહેલો આથમે છે.

ડોલીભાડાના બે હજાર મારા વતી મહેન્દ્રભાઈએ આપી દીધા. મેં પ્રત્યેકને સો સોનું ઇનામ વધારાનું આપ્યું. બધા રાજી રાજી થઈ ગયા. પ્રશ્ન એ છે કે આમની આવી દશા કોણે કરી છે? 62 વર્ષ પછી પણ આ જ દશા ક્યાં સુધી રહેશે?

અમે ચાલી નીકળ્યા. રાતના નવ વાગ્યે કૅમ્પ ઉપર પહોંચ્યા. મહેશભાઈ રાહ જોતા હતા. બધા જમ્યા. અહીં રોજ નવી–નવી રસોઈ બનાવાય છે. મહેશભાઈનો આગ્રહ છે કે 10 વાગ્યે ભજવાનારી નાટિકા તમે જુઓ. પણ થાક્યોપાક્યો હું તો સૂઈ ગયો.

7–11–09

*

# 12. કેમ્પની ફરી મુલાકાત અને વિદાય

મહાપુરુષોનાં અનેક લક્ષણો હોય છે. જેટલાં વધુ ઘટે તેટલા અંશે તે વધુ મોટા પુરુષ કહેવાય. તેમાંનું એક લક્ષણ છેઃ 'સરળતા'. વ્યક્તિમાં સરળતા હશે તો સહજતા આવશે. જો સરળતા નહિ હોય તો દંભ આવી જશે. ગઈ રાત્રે જે નાટિકા અહીં ભજવાઈ તે હું જોઈ તો ન શક્યો પણ તેની વાત સાંભળીને ન જોવાનું દુઃખ થયું. નાટિકા હતી–"67 વર્ષનો દીકરો જન્મ્યો" બધાં પાત્રો ગુજરાતથી આવેલાં કાર્યકર્તા ભાઈ–બહેનો હતાં. તે પીઢ કલાકારો ન હતાં તોપણ તે બધાંએ ખૂબ ભાવ અને ઉત્સાહથી નાટિકા ભજવી હતી. 67 વર્ષનો દીકરો મહેશભાઈ પોતે છે. માણસના બે જન્મ હોય છે. એટલે તો બ્રાહ્મણને દ્વિજ કહેવાય છે. (દ્વિજ એટલે બે વાર જન્મ લેનાર) એક જન્મ માતાની કૂખથી થાય છે, જેમ સૌનો થાય છે. બીજો જન્મ જ્ઞાનથી થાય છે. જેમ સિદ્ધાર્થ બુદ્ધ થયા. બધાનો બીજો જન્મ થતો નથી. જે સારી રીતે બીજો જન્મ ધારણ કરે છે તેનો પછી ત્રીજો જન્મ થતો નથી. અર્થાત્ મુક્તિ મળે છે. એક વણિક છોકરો તીવ્ર વૈરાગ્યથી મોક્ષની તીવ્ર ભાવનાથી સાધુદીક્ષા લેવા તલપાપડ થઈ રહ્યો છે. જૈનો પોતાના પરિવારમાંથી કોઈ દીક્ષા ગ્રહણ કરે તો તેને ધન્ય ધન્ય પ્રસંગ માને છે. આખો પરિવાર અને આખું ઘર હિલોળે ચઢ્યું છે. પુત્ર દીક્ષા લે એટલે ઇકોતેર પેઢીનો ઉદ્ધાર થઈ જાય તેવી માન્યતા પણ છે. પણ બરાબર તે જ સમયમાં આ વણિકકુમારના હાથમાં ગાંધીસાહિત્ય આવે છે. વાંચીને તે વિચારતો થઈ જાય છે. મોક્ષે જવાના બે રસ્તા છેઃ ઘરબાર–પત્ની–પરિવાર પૂરો સંસાર છોડીને, કઠોર તપસ્યા કરીને અપાર દુઃખો સહીને પૂર્વનાં કર્મો ખપાવીને મોક્ષે જવાનું, બીજો રસ્તો છે, કશું જ છોડવાનું નહિ. ઘર નહિ, પરિવાર નહિ, પત્ની નહિ, કામ–ધંધો નહિ, કશું જ ત્યાગવાનું નહિ, બધું સુધારવાનું. ત્યાગવું સરળ છે. સુધારવું કઠિન છે. જે સુધારી નથી શકતા તેમના માટે ત્યાગી થવું લાભદાયી થઈ શકે છે. કદાચ એટલે જ કહેવાયું હશે કે "અશક્તિમાનભવેત્ સાધુ" જોકે બધા માટે આવું નથી હોતું તોપણ આ સૂક્તિમાં કાંઈક દમ તો છે જ. મહેશભાઈએ દીક્ષા લેવાનું માંડી વાળ્યું. તેમને થયું કે હું એકલો મોક્ષે જાઉં? (જોકે આ આરામાં કોઈનો મોક્ષ થતો નથી) અને મારાં લાખો દેશવાસીઓ, ગરીબી, બીમારી, લાચારીમાં અહીં જીવતું નરક ભોગવે તેના કરતાં હું આ બધા માટે એવી સેવા કરું કે તેમનું નરક ઓછું થાય. ગાંધીસાહિત્યની પ્રેરણાથી તેમને વળાંક મળ્યો. કેટલાક લોકો જન્મજાત મહાન હોય છે. તે મોટાં કાર્યો કરવા જન્મ્યા હોય છે. જેમનામાં જન્મજાત આવા ગુણો નથી હોતા તેમને મહાન બનાવી શકાતા નથી. જેમ કોઈ છોડને ખેંચીને મોટો કરી શકાતો નથી. તેમ કરવાથી તે પોતે જ કરમાઈ જાય છે. મહેશભાઈએ વિચાર કર્યો કે મારે લગ્ન નથી કરવાં. કોઈ શેઠાણી આવે અને તેને સેવાપ્રવૃત્તિ ન ગમે, રંગરાગ ગમે તો વૈચારિક કજોડું થાય. તો બંને દુઃખી થાય. લગ્ન કરવાં જોઈએ તેવું હું માનું છું પણ જેને મહાન કાર્યો કરવાં હોય તેણે લગ્ન ન કરવાં જોઈએ તેવું પણ માનું છું. કારણ કે એક ફક્કડ વ્યક્તિ જે નિર્ભયતા અને બેપરવાહીથી કામ કરી શકે તે સંસારી માણસ ન કરી શકે. મને મારા જીવનથી આ સ્પષ્ટ અનુભવાયું છે. જો હું સંસારી થયો હોત તો જે કાંઈ થયું તે ન થઈ શક્યું હોત. સેવા કરનારા માણસે સંસારની ચિંતાથી મુક્ત રહેવું જોઈએ. એટલે તો હનુમાનજી કુંવારા છે.

હવે પ્રશ્ન એ હતો કે પૈસા વિના તો સેવા ન થાય, પૈસા લાવવા ક્યાંથી? ઉઘરાણાં કરીને? ના... ના... ઉઘરાણાં પણ એક કલંક છે. તેમાં પણ જ્યારે ત્યાગીઓ ઉઘરાણાં કરવા લાગે છે ત્યારે ત્યાગ, મડદું થઈ જાય છે. મહાવીરે કે બુદ્ધે ઉઘરાણાં કર્યાં ન હતાં. મહેશભાઈએ ઘરનાં માણસો આગળ પ્રસ્તાવ મૂક્યો. આપણો જે હીરાનો ધંધો છે તેમાંથી મારા ભાગનો નફો મને સેવા કામોમાં વાપરવા દેવો. સૌ સમ્મત થયા. પોતાના જ હકના પૈસાથી સેવાકાર્યો શરૂ થયાં. એક ધનવાનનો દીકરો સાદાઈથી જીવન જીવે. સાઇકલ ઉપર ગામડે–ગામડે બળબળતી લૂમાં રખડે અને સેવા કરે, આ નવો ચીલો હતો. જૂના ચીલાને ચાતરીને જ નવો ચીલો પાડી શકાય. જુનવાણીઓ ચીલો ચાતરવાનું સહન ન કરે તે સ્વાભાવિક છે પણ મહેશભાઈ વાણિયા છે. વાણિયા વગરજોતા દુશ્મન ઊભા ન કરે. સૌની સાથે મેળ રાખે. જુનવાણીઓને પણ ગમે તેવી સેવાપ્રવૃત્તિ તેમણે શરૂ કરી. દુષ્કાળમાં ઢોરવાડા કરવા, પશુઓને બચાવવાં, જીવદયાનાં કામો કરવાં વગેરે. આ બધું પેલા જુનવાણી લોકોને પણ ગમે. પછી દવાખાનાં, આંગણવાડીઓ વગેરે સેવાપ્રવૃત્તિઓનો વિકાસ કર્યો. કદાચ કોઈને ન ગમે તો કાંઈ નહિ, વિરોધ વધારવો નહિ, મૂંગા મોંએ કામ કરતા રહેવું. મને લાગે છે કે આ દેશમાં લોકો ભૂંડાં કામોનો જેટલો વિરોધ નથી કરતા તેટલો સારાં કામોનો વિરોધ કરે છે. લોકોનો દોષ નથી. સમજણનો દોષ છે. હું 1971માં જ્યારે સુઈગામમાં દુષ્કાળ રાહતનું કામ કરવા

ગયો હતો ત્યારે મહાજનના લોકો મને સમજાવવા આવ્યા હતા કે "તમે જે અનાજ વહેંચો છો તે શિકારી લોકો છે. તમારું અનાજ ખાઈને શિકાર કરશે. તમને પાપ લાગશે. માટે તેમને અનાજ વહેંચવા કરતાં પારેવડાંને અનાજ નાખો." મારા ઉપર તેમની કશી અસર ન થઈ. તેમનો દોષ ન હતો. તેમની સમજણ ઘડનારનો દોષ હતો. નવો ચીલો વિરોધ વિનાનો ન હોય. તેમાં પણ જુનવાણી વિચારવાળા લોકો તો વાત વાતમાં વિરોધ કરતા જ હોય છે. આ પેલું જમ્બો પારણું દેખાય છે તે 67 વર્ષના બાળકને હીંચવાનું છે. મહેશભાઈ તે પારણામાં હીંચે છે. કાર્યકર્તાઓમાંથી એક મમ્મી થાય છે. બીજાં બીજાં પાત્રો ભજવે છે. બાળસુલભ તોફાનો, જેમ કનૈયો માટલાં ફોડતો તેમ માટલાં ફોડાય છે વગેરે. મુદ્દો એ છે કે તમારો બીજો જન્મ થાય છે? તમે જીવનમાં સારો વળાંક લઈ શકો છો? નાટિકા ન જોવાનો મને પશ્ચાત્તાપ થયો. ઘાંચીનો બળદ કદી રસ્તો ભૂલતો નથી. તેને ભોમિયાની જરૂર જ નથી રહેતી. કારણ કે તે કદી રસ્તો ચાતરતો નથી. જેણે રસ્તો ચાતરવો હોય તેણે પ્રથમ તો આંખ ઉપરના ડાબલા ઉતારી ફેંકવા જોઈએ. તેને ભોમિયાની જરૂર રહે છે. તેની ગતિ જ તેનો ભોમિયો થઈ જાય છે. પ્રત્યેક પછડાટે તેને સદ્ગુરુ મળે છે.

આજે તા. 26–10–2009 છે. આજ રાત્રે અમારે વિદાય થવાનું છે. આખો દિવસ જેટલું જોવાય તેટલું જોઈ લેવાનું છે. નજીકમાં જ આવેલા 'સનાતન મઠ'ને જોવા અમે પહોંચી ગયા. ચઢતી–પડતીના ક્રમમાં અત્યારે આ મઠ સૂર્યાસ્ત તરફ પહોંચી ગયો છે. પ્રવેશદ્વારથી જ ખ્યાલ આવી જાય કે બધું ઉજ્જડ જેવું લાગે છે. કોઈ કચરો વાળનાર પણ નથી. બધું જૂનું જૂનું અને જીર્ણ જીર્ણ લાગે છે. મઠમાં પ્રવેશ કર્યો. બધું શૂન્યકાર જેવું લાગે છે. વચ્ચે એક માતાજીનું સ્થાનક છે ત્યાં દર્શન કર્યાં. એક ભાઈ આવ્યા, પૂછ્યું, ક્યાંથી આવો છો? ગુજરાતની વાત જાણીને તેમણે અમને બેસાડ્યા. કહ્યું કે મહંતજીને મળવું હોય તો સમાચાર આપું. મેં હા કહી. તે ભાઈ, ઉપર મેડા ઉપર ગયા. અમે બધા બેઠા હતા. ત્યાં તો મહંતજી પોતે જ નીચે આવી ગયા. મહંત નિરભિમાની હતા. ઘણી વાતો કરી. તેમની વાતોમાં ઠંડક અને ગંભીરતા ભળી હતી. પ્રૌઢતા પણ હતી. આપણે હિન્દુઓ સૂર્યાસ્તને પણ અર્ઘ્ય આપીએ છીએ. બૌદ્ધોના ગયા પછી બૌદ્ધ મંદિર આ મઠના હાથમાં આવ્યું. મઠ પાસે બાવીસ હજાર એકર જમીન હતી. બિહારના તે સૌથી મોટા જમીનદાર હતા. પૂરો ગયા જિલ્લો મઠનો હતો. મઠની જાહોજલાલીનો પાર ન હતો. અહીં કેટલાય હાથીઓ ઝૂલતા હતા. આઝાદી આવી, સરકારનું વલણ–ખાસ કરીને પં. નહેરુજીનું–બૌદ્ધો તરફ હતું. આંદોલનો થયાં. મંદિર બૌદ્ધોને પાછું સોંપાયું. વિનોબાનું ભૂદાન આંદોલન ચાલતું હતું. તેનો પ્રભાવ પણ હતો. મઠની ગાદીએ એક ભોળા મહંત આવ્યા ત્યારે બિહારના મુખ્ય મંત્રી સુંદરદાસ હતા. તેમણે મહંતને સમજાવીને લખાવી લીધું કે હવે અમારે આ જમીનની જરૂર નથી. એકી કલમે સરકારે જમીન લઈ લીધી. મઠની આવક સમાપ્ત થઈ ગઈ. દશા બેસવા માંડી.

અહીં એક મુદ્દો વિચારવા જેવો છે કે જ્યારે સરકારે (હિન્દુ સરકારે) જમીન લઈ લીધી ત્યારે સામાન્ય જનતા મઠના પક્ષમાં ન રહી, કોઈએ વિરોધ ન કર્યો, ન કોઈ આંદોલનો થયાં. બિહારમાં માઓવાદ બીજ નાખી રહ્યો હતો. બીજી તરફ મઠે કદી પણ લોકહિતનાં કાર્યોમાં ભાગ લીધો નહિ. મઠ પોતાની જાહોજલાલી ભોગવતો રહ્યો. એટલે જનતાને મઠ પ્રત્યે જે આત્મીયતા થવી જોઈએ તે ન થઈ. ઊલટાનો વિરોધ થતો રહ્યો. આ રીતે મઠની બાવીસ હજાર એકર જમીન ચાલી ગઈ. સરકારે ગરીબ ખેતમજૂરોમાં વહેંચી દીધી. સારું થયું. પણ ખેતમજૂરો જમીન સાચવી ન શક્યા. ગુજરાતમાં થયું તેમ ફરી પાછી તે જમીન દબંગોના હાથમાં આવી ગઈ. ન મઠની રહી, ન ગરીબોની રહી, માથાભારે લોકોના હાથમાં ચાલી ગઈ. મહંતજી શાંતિ અને ધીરજથી ધીમે ધીમે વાતો કહેતા હતા. કોઈના પ્રત્યે આક્રોશ નહિ, કોઈ વેદના નહિ, જાણે કે માત્ર દ્રષ્ટાભાવ હોય તેમ બોલતા રહ્યા. અમે વિદાય લીધી. મહંતજી છેક દરવાજા સુધી વિદાય કરવા આવ્યા. શક્તિસિંહને મેં કહ્યું કે જુઓ આને સંત કહેવાય. નજીક જ 15–20 ગાયો બાંધેલી હતી. બધી હાડપિંજર જેવી. ખુદા ચાહે સો કર સકતા હૈ–રાયમાંથી રંક અને રંકમાંથી રાય. બોધપાઠ લેવાનો. જ્યારે ચઢતી દશા હોય ત્યારે લોકસંપર્કમાં રહો. લોકોપયોગી કાર્યો કરો. તમારાં મૂળ લોકોમાં હોવાં જોઈએ. જો તેવું હશે તો જલદીથી ઝાડ પડી નહિ જાય.

અમે કેમ્પ તરફ વિદાય થયા. અમારા ડ્રાઇવર વડનગરના મોદી છે. તેમનું કહેવું છે કે અમે જ્યારે દરદીઓ લેવા–મૂકવા ગામડાંઓમાં ફરીએ ત્યારે કેટલીક વાર કમકમાટીભર્યાં દશ્યો જોવા મળે. આ લોકો બધા માંસાહારી છે. એક વાર મેં જોયું કે એક મોટા ભૂંડને પકડીને તેના પગ વાયરથી બાંધી દીધા. તે તીવ્ર ચીસો પાડતું હતું એટલે વાયરથી મોઢું પણ બાંધી દીધું. પછી એક મોટો કોશ જેવો લાંબો સળિયો તેની પૂંઠમાં ઘાલીને છેક મોઢામાં બહાર કાઢ્યો પછી પેલા સળિયાના બે છેડા બે થાંભલિયો ઉપર મૂક્યા. ભૂંડ ત્રણેક ફૂટ ઊંચું લટકતું થયું. પછી નીચે અગ્નિ જલાવી, કલાકો સુધી ફેરવી–ફેરવીને તેને શેક્યું. પછી મિજબાની કરી. સાંભળીને ત્રાસ થઈ જાય. મેં કહ્યું કે આવું કરવું

હોય તો કરે પણ જીવતા ભૂંડને ન કરે. મરેલાને કરે તો ઓછું રિબાય. બીજા ડ્રાઇવરે કહ્યું કે મરેલા ભૂંડનું આવું દશ્ય તો મેં કેટલીય વાર જોયું છે. જીવતાનું નથી જોયું. કોઈના ઉપર કરુણા કરવી જ જોઈએ પણ કરુણાથી આનંદ મળવો જોઈએ. જો કરુણાથી આનંદની જગ્યાએ ગ્લાનિ મળે તો કરુણા વિચારણીય થઈ જાય. અત્યારે ગુજરાત ભૂંડોથી ઊભરાઈ રહ્યું છે. ભૂંડો ખેતીને ભારે નુકસાન કરી રહ્યાં છે. આ ભૂંડો એ કેટલાક સરદારજીઓની ખેતી છે. કોઈ બંધ કરાવે તો સારું, ખેડૂતોનું ભલું થાય.

એક વિચિત્ર વાત જાણવા મળી. કૅમ્પના કાર્યકર્તાઓ જ્યારે દરદીઓને તપાસવા કે લેવા ગામડાંઓમાં જાય છે ત્યારે લોકો એમ સમજે છે કે આ લોકો પૈસા કમાવા માટે કૅમ્પ કરે છે. દેશ–વિદેશમાંથી તેમને પૈસા મળે છે, આવી ભ્રાન્ત ધારણા રાખે છે. કેટલાક ચૌદશિયાઓ જીપો જોઈને ટોન્ટ મારે છે. "લો આ ગયે સેવકજી, પૈસા કમાને કા ધંધા કરતે હૈં" વગેરે. કદાચ કોઈ ઓપરેશન નિષ્ફળ જાય અને તે દરદી કોઈ પ્રાઇવેટ ડૉક્ટર પાસે જાય તો ડૉક્ટર તેને કહે છે. "કૅમ્પમેં ઓપરેશન કરાયા થા ન! મુફ્તમેં કહીં અચ્છા ઓપરેશન થોડા હોતા હૈં?" આવી વિરોધી ખટપટો વચ્ચે સેવાકાર્ય કરવાનું કેટલું કઠિન હશે તેનો ખ્યાલ આવી શકે છે.

સરકાર કેરોસીન આપવા સિવાય કશી મદદ કરતી નથી. હા, અડચણો ઘણી કરે છે. કોઈ મીડિયાવાળો દેખાતો નથી. મહેશભાઈનું કહેવું છે કે મીડિયાવાળાને કાંઈક આપો ને ખુશ કરો તો જ તમારા સમાચાર લે, નહિ તો રામરામ." કોઈ રાષ્ટ્રનું પતન થવાનું હોય ત્યારે સૌથી પહેલાં તેના મીડિયાનું પતન થતું હોય છે. ભલે રાષ્ટ્રનું પતન થાય પણ જો મીડિયાવાળા જાગ્રત હશે, મૂલ્યનિષ્ઠ હશે તો રાષ્ટ્ર બચી જશે. મીડિયામાં ઘણી શક્તિ છે. જો સકારાત્મક ઉપયોગ થાય તો. મહેશભાઈનું કથન છે કે અમારે પ્રસિદ્ધિ જોઈતી નથી તેથી અમે મીડિયાવાળાને બોલાવતા જ નથી. પતિત મીડિયા રાષ્ટ્ર અને પ્રજાનું પતન કરાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સેવા અને પ્રેમને જીભ હોતી નથી. સેવા અને પ્રેમને જ્યારે લાંબી લાંબી જીભો ફૂટી નીકળે છે ત્યારે તે પોતાની જ હત્યા કરી નાખતી હોય છે. કરે થોડું અને બતાવે ઘણું. ત્યાં સુધી તો ઠીક પણ કરે કશું નહિ અને બતાવે પાર વિનાનું ત્યારે બેશરમીની હદ આવી જાય છે. અમારામાંના ઘણા આવું પણ કરે છે. પ્રચાર–પ્રચાર અને પ્રચાર, બીજું કાંઈ નહિ. પ્રસિદ્ધિના ત્યાગ જેવો કોઈ ત્યાગ નથી. બધો ત્યાગ કર્યો હોય પણ પ્રસિદ્ધિનો મોહ વધ્યો હોય તો બધા ત્યાગ ધૂળ બરાબર છે.

આજે ફરીથી કૅમ્પનું નિરીક્ષણ કરી રહ્યા છીએ. એક મોટા તંબુમાં એક મોટો પાંચ ફૂટ ઊંચો ચબૂતરો બનાવ્યો છે. તેમાં 25–25 દરદીઓને સામસામા પગ રાખીને સુવાડ્યા છે. ડૉક્ટરો બંને તરફ માથા આગળ જઈને ડ્રેસિંગ કરે છે. બહુ ઝડપથી અને બહુ જ સરળતાથી કામ થઈ રહ્યું છે. આ લોકોનાં કાલે ઓપરેશન થયાં હતાં. હવે ડ્રેસિંગ થયા પછી એક નિશ્ચિત માર્ગે કાર્યકર્તાઓ તેમનો હાથ પકડીને દોરી જાય છે. અહીં સ્ત્રીઓને સાડી તથા પુરુષોને ધોતી અપાય છે, જવાનું ભાડું પણ અપાય છે. બધું લઈને જેવો દરદી બહાર નીકળે કે તરત જ તેની રાહ જોતાં સગાં–વહાલાં મળે છે. આ રીતે બધાં વિદાય થાય છે. ક્યાંય કશી ગરબડ નહિ, કોઈ હો–હા નહિ. બધે જ શાંતિ. કારણ કે વ્યવસ્થા સચોટ છે તેથી અશાંતિ થવાનો પ્રશ્ન રહેતો નથી. જો આ જ કામ સરકારે કરવાનું હોય તો આટલી શાંતિથી કરી શકે નહિ. ઘણા લોકો કેટલીક વાર પ્રશ્નો પૂછે છે કે મોટા ભાગના સંતો પવિત્ર જીવન જીવતા હોવા છતાં દુઃખી કેમ થાય છે? જેમકે શંકરાચાર્યને ભગંદર થયું હતું, રામકૃષ્ણ પરમહંસને કૅન્સર થયું હતું. વિવેકાનંદને જળોદર થયું હતું. રાજચંદ્રને સંગ્રહણીનો રોગ થયો હતો. શરીર હાડકાંનો માળો રહી ગયો હતો વગેરે. મારું કહેવું છે કે બધા સંતોનું જીવન પવિત્ર હતું. નિષ્પાપ હતું પણ વ્યવસ્થિત ન હતું. મોટા ભાગે બેઠાડુ અને કુદરતવિરોધી જીવન હતું. ખાસ કરીને ભોંયરાયોગ કરનારા વધુ દુઃખી થતા હોય છે, કારણ, કુદરતવિરોધી જીવન જીવતા હોય છે. આવી જ રીતે જે કામવાસનાને ભયંકર દબાવે છે કે અકુદરતી માર્ગે વાળે છે તે વ્યવસ્થિત જીવન ચૂકી જતા હોય છે. એટલે તેમને અનેક પ્રકારના રોગો વગેરે થતા હોય છે અને ટૂંકું જીવન જીવતા હોય છે. કેટલાક બધા રોગોને પૂર્વનાં કર્મોનું ફળ બનાવતા હોય છે. પણ એવું નથી હોતું. વર્તમાન જીવનની અવ્યવસ્થા જ તેમાં મુખ્ય કારણ હોય છે. એટલે પવિત્ર અને નિષ્પાપ જીવન જ પર્યાપ્ત ન કહેવાય. જીવન વ્યવસ્થિત પણ હોવું જોઈએ. યોગ્ય આહાર, વિહાર વ્યાયામ વગેરે હોય તો શરીર નીરોગી રહે. કૅમ્પમાં ચારે તરફ વ્યવસ્થા જ વ્યવસ્થા છે. રોગિષ્ઠ શરીરમાં અવ્યવસ્થિત જીવન મહત્ત્વનો ભાગ ભજવતું હોય છે.

અમે રસોડું જોઈ રહ્યા છીએ. ત્રણેક હજાર માણસો રોજ બે વાર જમે છે. બે વાર ચા–નાસ્તો કરે છે. જમવામાં પૂરી–શીરો, દાળ–ભાત–શાક વગેરે હોય છે. આ જુઓ, દશ બહેનો બિહારી છે. તે પૂરીઓ વણીવણીને એક થાળીમાં મૂકે છે. આ બધાંને રોજના રૂ. 120 વેતન અપાય છે. ભેગી થયેલી થાળીઓ અહીં નજીક જ મોટા કડાયામાં તેલ ઊકળી રહ્યું છે ત્યાં પહોંચાડાય છે. એક માણસ થાળી લઈને

કડાયાને જોરથી ફટકારે છે જેથી તેમાં મૂકેલી દશેક પૂરીઓ ઊકળતા તેલમાં પડી જાય છે. તરત જ તે થાળીનો ઘા કરીને પણે ફેંકી દે છે. બીજી થાળી લે છે. આ ક્રમ ચાલુ જ છે. એક ઘાણમાં સોએક પૂરીઓ નીકળતી હશે. કોઈ પૂરી કાચી નથી રહેતી. પૂરેપૂરી પાકી જાય છે. જોઈને ખાવાનું મન થઈ જાય તેવી સરસ લાગે છે.

આ જુઓ, અહીં શીરો થઈ રહ્યો છે. ઘાણનું માપ નક્કી છે તે પ્રમાણે લોટ, ઘી વગેરે કડાયામાં ઠલવાય છે. બે માણસો મોટા મોટા તવેતાથી લોટને સતત હલાવતા રહે છે જેથી ચોંટે નહિ, ગરમ પાણી તૈયાર છે. લ્યો શીરો થઈ ગયો. હવે બીજો, ત્રીજો ઘાણ થતો રહે છે. અહીં ભાત થઈ રહ્યા છે. આ લોકોનો મુખ્ય ખોરાક ભાત છે. મોટાં-મોટાં તપેલાઓમાં ભાત થઈ રહ્યા છે. તેના ઓસામણનું પાણી આ મોટા હોજમાં ભેગું થાય છે, તેમાં પાણીના પાઈપો ગોઠવેલા છે જે આપોઆપ ગરમ થાય છે. એ જ ગરમ થયેલું પાણી ફરીથી વપરાય છે. જેથી બળતણ બચે છે. હોજમાં ભેગા થયેલા ઓસામણને જોઈને મેં પૂછ્યું કે પછી આનો શો ઉપયોગ થાય છે? તો કહે કે ફેંકી દેવાય છે. મેં કહ્યું કે ના ના, ખરું તત્ત્વ તો આમાં જ છે. આપણે જેમ કોઈ મસાલાનો ઉકાળો કરીએ ને પાણીમાં જેમ તેનું સત્ત્વ આવી જાય તેમ ચોખાનું સત્ત્વ આમાં આવી ગયેલું છે. હવે તેને ફેંકાય નહિ. બને તો તેને દાળમાં નાખો, પૂરીનો લોટ બાંધો, શાકમાં નાખો. અરે કશું ના આવડે તો પછી પશુઓના દાણમાં ઉપયોગ કરો. આ અમૃત છે, તેને ફેંકી ન દેવાય.

હવે જુઓ, અહીંથી દરદીઓ તથા બરદાસીને ભોજનનું પીરસણું અપાય છે. આપણા ત્રણ-ચાર માણસ સારી રીતે જમી શકે તેટલું ભરી આપે છે. હશે, ખાવા દો બિચારાને! કોઈને કશો વિરોધ નથી, કરકસર નથી. ખાવ જ ખાવ થઈ રહ્યું છે આવાં પરમાર્થનાં દશ્યો જોઈને પણ હૃદય ઠરતું હોય છે.

અને આ જુઓ, અહીં એકસાથે કેટલાય ડૉક્ટરો લેસરથી છારી ઉતારે છે. અહીંના લોકો તેને "આંખ કી સફાઈ" કહે છે.

અહીં ઓપરેશનો થાય છે. મેં એક પૂરું ઓપરેશન જોયું. શું કાંઈ આંખ બનાવી છે કિરતારે! અને આ જુઓ, અહીં આંખનું પ્રેશર મપાય છે. જો તમે કારમાં બેસો તો જોજો, ગતિ બતાવનાર મીટરની બાજુમાં જ તેના જેવું જ મોટું પ્રેશર મીટર હોય છે. જે કારનું પ્રેશર માપે છે. સામાન્ય રીતે અઢીથી ત્રણનું પ્રેશર સારું ગણાય છે. અર્થાત્ ગાડી 90 કિલોમીટરની ગતિએ જતી હોય તો પ્રેશર કાંટો 25થી 30 ઉપર હોવો જોઈએ. આપણા લોહીને પણ પ્રેશર હોય છે. નીચેનું 70-80 હોય તો ઉપરનું 120-140 જેટલું હોય. આમાં જો ફેરફાર થાય તો ચક્કર આવવા માંડે. કોણે આ પ્રોગ્રામ કર્યો છે? આવી જ રીતે જીવનનું પણ એક પ્રેશર હોય છે. જેને પ્રેશર હોતું જ નથી તેને જીવન પણ હોતું નથી. જેમ જેમ તમે મોટાં કાર્યો કરતા થાવ છો તેમ તેમ તમારું પ્રેશર વધતું જાય છે. એવા પ્રેશરને જે પચાવી શકે તે જ મહાપુરુષ થઈ શકે. હું શક્તિસિંહને કહું છું કે જુઓ, મારાથી એક નાનો સરખો આશ્રમ ચલાવી શકાતો નથી અને આ મહેશભાઈ કેટલું મોટું આયોજન કરી શકે છે અને રમતાં-રમતાં ચલાવી શકે છે? જરાય વ્યગ્રતા નહિ, જરાય અશાંતિ નહિ, બધું શાંતિથી ચુપચાપ ચાલે છે. જો પ્રેશરક્ષમતા ન હોય તો આટલું મોટું વહીવટીકાર્ય કરી શકાય નહિ. અહીં માત્ર આંખનું જ પ્રેશર મપાતું નથી, માણસની ક્ષમતાનું પણ પ્રેશર મપાય છે.

અધધધધ-આટલાં બધાં હથિયારો (સાધનો)-અહીં બધાં સાધનોને જંતુમુક્ત કરાય છે. આરોગ્યના ક્ષેત્રમાં પશ્ચિમે શોધ્યું કે બધા રોગોનું મૂળ જીવાણુઓ છે. (આપણે ત્યારે વાત-પિત્ત અને કફને રોગનું કારણ માનતા હતા.) એટલે ડૉક્ટરોએ જંતુમુક્ત વસ્ત્રો પહેરવાં જોઈએ. દરદીને પણ જંતુમુક્ત કરવો જોઈએ. જંતુમુક્ત થિયેટરમાં જ ઓપરેશન કરાય. બધાં સાધનો, બધાં વસ્ત્રો બધું જ જંતુમુક્ત કર્યા પછી જ ઓપરેશન કરી શકાય. મોટાં ઓપરેશનો કર્યા પહેલાં અને પછી દરદીને આઈ.સી.સી.યુ.માં રાખવો પડે. જેથી તેને ચેપ ન લાગે. વિશ્વને ભવિષ્યમાં અણુશસ્ત્રો કરતાં પણ વધારે જંતુઓનો ભય રહેલો છે. એવા એવા વાઈરસ ફેલાશે કે માણસો ટપટપ મરવા લાગે તો નવાઈ નહિ. હમણાં સ્વાઇન ફ્લૂથી વિશ્વ ત્રાહિમામ્ થઈ રહ્યું છે. કદાચ આથી પણ વધુ ભયંકર વાઈરસ નીકળે તો નવાઈ નહિ.

હું અત્યારે ઓપરેશન થિયેટરમાં છું. એકસાથે વીસેક લોકોનાં ઓપરેશન થઈ રહ્યાં છે. મારા આવવાની તથા ઉપસ્થિતિની બધા ડૉક્ટરોએ નોંધ લીધી પણ પેલી સ્વીડનની બહેને માથું પણ ઊંચું ન કર્યું. ધ્યાનથી કામ કરવું એ જ ખરું ધ્યાન છે. તે ધ્યાનથી કામ કરી રહી છે. આ બધા ડૉક્ટરો જ્યારે ઓપરેશનો કરે છે ત્યારે તેમનું મન ક્યાંય દોડાદોડી કરતું નથી. આપોઆપ એકાગ્ર થઈ જાય છે. આ ધ્યાનથી કોઈનો પ્રશ્ન ઉકેલાય છે. મનની ખરી દોડાદોડી તો તે જ્યારે રૂમ બંધ કરીને ધ્યાન લગાવવા બેસે છે ત્યારે થાય છે. કારણ કે ત્યારે એકાગ્ર થવા માટે કોઈ કારણ જ નથી. કદાચ થોડો સમય ધ્યાન થાય તોપણ તેથી કોઈનો કશો પ્રશ્ન ઉકેલાતો નથી. જ્યારે અહીંની

એકાગ્રતા સહજ આવી જાય છે અને પ્રશ્ન ઉકેલે છે. બધો કૅમ્પ જોઈને અમે બધા બહુ પ્રભાવિત થયા. ભગવાન કરે અને અમે સૌ સાધુ–સંન્યાસી–ભક્તો–સંતો આ માર્ગે વળીએ તો ધર્મ પ્રગટ થઈ જાય અને પૃથ્વીનું નરક ઓછું થઈ જાય.

હું હજી ઉઘાડા પગે જ ફરું છું. સામે જ ટિબેટી માર્કેટ છે. ત્યાં પહોંચી ગયા. એક જગ્યાએથી પોચાં પાવલાં લીધાં, હવે ઠીક લાગ્યું. હવે ચાલી શકાય છે. ખરું દુઃખ તો અગવડોમાં છે. સગવડો કરો તો દુઃખનિવારણ થાય અને સુખી થવાય. હું સુખી થયો. લોકોની અગવડો દૂર કરાય તો લોકો સુખી થાય.

મહેશભાઈને મુંબઈ જવું છે. સીધું વિમાન નથી એટલે પહેલાં કલકત્તા ગયા અને પછી ત્યાંથી મુંબઈ ગયા. નવાઈ એ હતી કે ગયાથી કલકત્તા જનારા એર ઇન્ડિયાના વિમાનમાં માત્ર મહેશભાઈ એક જ પ્રવાસી હતા. 179 સીટો ખાલી હતી. અમે છેલ્લા રામરામ કર્યા. તેમના ગયા પછી પણ અહીંના સંચાલકે બધી પ્રવૃત્તિ સંભાળી લીધી. માણસની ગેરહાજરીમાં પણ પ્રવૃત્તિઓ વ્યવસ્થિત ચાલતી રહે તો તે યોગ્ય ગોઠવણ કહેવાય. જ્યાં 'વન મૅન શો' જેવું હોય છે ત્યાં આવું નથી થઈ શકતું. એકની ગેરહાજરી થતાં જ બધું પડી ભાગવા લાગે છે. લગભગ બધી સંસ્થાઓમાં કાંઈક આવી જ દશા છે. એમાં હું પણ આવી ગયો.

અમે રાતના 10.30 વાગ્યાની સિપાલદાહ રાજધાની એક્સપ્રેસથી વિદાય થયા. આ કૅમ્પની મારા ઉપર બહુ સારી અસર થઈ હતી. મહેન્દ્રભાઈને મારી ઘણી ચિંતા રહે છે. ફરી પાછા અમારે દિલ્હીમાં સ્ટેશન ઉપર પૂરા નવ કલાક વિતાવવાના છે. નવ કલાક કાઢવા કેવી રીતે? મને આ ટ્રેન ઠીક ન લાગી. એક સીધી ટ્રેન અમદાવાદ જાય છે. તેમાં બદલવું નથી પડતું. તેની ગતિ ધીમી છે. ધીમી તો ધીમી પણ એક વાર બેઠા એટલે પછી શાંતિ, પણ લોકો રાજધાનીનો મોહ રાખે છે. સગવડો વધારે છે.

અમારી કૅબિનમાં આ વખતે જરા વિચિત્ર માણસો ભેગાં થયાં છે. એક નવયુવાને મારો નેપ્કિન લઈ લીધો. તે પ્રત્યેક બે મિનિટે મોટા અવાજ સાથે લીંટ ઉપર ખેંચે છે. બહાર કાઢતો નથી. આ પ્રક્રિયા ત્યાં સુધી ચાલી જ્યાં સુધી તે સૂઈ ન ગયો. કેટલાક લોકોનો વ્યવહાર ઉદ્વેગ થાય તેવો હોય છે. મારે તો ઠીક હવે દશ કલાક જ કાઢવાના હતા પણ જેને આ યુવાન સાથે આખું જીવન કાઢવાનું હશે તેનું શું થતું હશે? હા, જો તે પણ આવું જ માણસ હોય તો વાંધો ન આવે.

સૂર્યોદય થઈ ચૂક્યો છે. અમારી ગાડી 10.30 વાગ્યે પહોંચવાની છે. એટલે કોઈને પણ જલદી ઊઠવાની પડી નથી. હું ક્યારનોય ઊઠી ગયો છું. પણ થ્રી ટાયર હોવાથી ગરદન નીચી કરીને બેઠો છું. જેવા તમે દિલ્હી નજીક આવો એટલે બહુ મોટા અક્ષરોમાં જાહેરખબરો આવે. કોઈ દીવાલ ખાલી ન હોય. મોટી જાહેરખબરોમાં એક વારંવાર આવે છેઃ "સ્વપ્નદોષ કી અચૂક દવા" મને હસવું આવે છે. સ્વપ્નદોષ કોઈ બીમારી નથી, કુદરતી વ્યવસ્થા છે. તેને બીમારી બતાવીને હવે યુવાનોને આ લોકો છેતરી રહ્યા છે પણ છેતરે નહિ તો દિલ્હી શાની? અને આ બીજી મોટી જાહેરખબર "રિશ્તે હી રિશ્તે" અર્થાત્ સગપણ કરો. કન્યાઓ ઘણી છે. બિચારા કુંવારા મુરતિયાઓ આ જાળમાં ફસાય છે. કન્યાની તલપાપડવાળા કન્યાના સોદા કરે છે, લાવે છે અને પછી કન્યા ઘરમાં હાથ ફેરવીને રફુચક્કર થઈ જાય છે. દિલ્હી અને લુચ્ચાઈનો સારો મેળ પ્રથમથી જ જામેલો છે.

અમારી ટ્રેન સમયસર પ્લૅટફૉર્મ ઉપર પહોંચી ગઈ. અમને લેવા સંજયભાઈ આવ્યા છે. મહેન્દ્રભાઈએ બધી વ્યવસ્થા કરી છે. અમે બંને સંજયભાઈના ત્યાં પહોંચ્યા નહાયા, જમ્યા. આરામ કર્યો.

મારા ઉપર ગુજરાતમાંથી ફોનો આવવા માંડ્યા. સલામત તો છો ને? બન્યું એવું કે ઊડિસાથી દિલ્હી આવતી રાજધાની એક્સપ્રેસને માઓવાદીઓએ કિડનેપ કરી લીધી હતી. આપણા ગૃહમંત્રી ચિદંબરમ્ એક મહિનાથી માઓવાદીઓ સાથે સખત કામ લેવાની ધમકીઓ આપી રહ્યા હતા. તેનો જવાબ માઓવાદીઓએ આપ્યો હતો. ચિદંબરમ્‌ની બોલતી બંધ થઈ ગઈ છે. હવે 800 પેસેન્જરોને કેમ મુક્ત કરવા તેની ચિંતા પૂરા દેશને થઈ રહી છે. હું પણ તેમાં હોઈશ તેમ માનીને લોકો ફોન કરી રહ્યા છે. કુશળ રાજનેતા બોલ બોલ નથી કરતો, ધમકીઓ નથી આપતો, કામ કરી બતાવે છે, પરિણામ જ બોલે છે. પણ કુશળ નેતા લાવવા ક્યાંથી? તે તો આઝાદીની સાથે જ ચાલ્યા ગયા.

અમે સાંજે દિલ્હીથી અમદાવાદ જતી રાજધાની એક્સપ્રેસમાં ગોઠવાયા. આના પહેલાં બે ટ્રેનો અમદાવાદ જાય છે. તેમાં વ્યવસ્થા કરી હોય તો દિલ્હીનો ત્રાસદાયક સમય ઓછો થઈ જાય અને વહેલા પહોંચાય. અમારું ખાનું સિંધી પરિવારથી ભરેલું છે. બધાં હરદ્વારની યાત્રા કરીને આવે છે. 10–12 માણસો છે. પૂરેપૂરાં નોનવેજ છે. યાત્રા અને નોનવેજને કશો વાંધો નથી આવ્યો. એક કદાવર યુવાન બહેન

તો વારંવાર તેવી વાનગી મગાવ્યા કરે છે. હા, આપણ હિન્દુઓ છે. પેલા બિહારમાં ગરીબ હિન્દુઓ હતા. આ બધા શ્રીમંત હિન્દુઓ છે. બધાં મારાં ભાઈ–બહેનો છે. ઘૃણા કરવાની ન હોય. ઘૃણા કરીને આપણે વિભાજિત થયા, દુર્બળ થયા, માર ખાતા થયા. હવે આત્મીયતા કરીને એક થઈએ. સરવાળો કરીએ. સમર્થ થઈએ, જેથી ફરીથી ગુલામ થવાનો વારો ન આવે.

અમારી ટ્રેન મહેસાણા પહોંચી ગઈ છે. જગદીશભાઈ લાડુના બે મોટા ડબ્બા ભરીને આપી ગયા. ઊંઝાના લાડુ બહુ વખણાય. મારે તો પ્રસાદ આવે અને આપવાનો. અમદાવાદ સમયસર પહોંચી ગયા. શ્રી રમણભાઈ અને મેવાડા લેવા આવ્યા છે. કોબા આશ્રમ પહોંચી ગયા.

ઓમ શાંતિ, શાંતિ, શાંતિ.

9–11–09

* * *